નીતિ દર્પણ.

અનેક ગ્રંથોમાંથી સંશોધન કરી,

છપાવી પ્રસિદ્ધ કરનાર

વસનજી ભગવાનજી દેસાઇ.

આસિસ્ટંટ માસ્તર, અંગ્લોવર્નાક્યુલર સ્કુલ.

આમ્રાના-તાલુકે જલાલપુર.

અમદાવાદ

'યુનિયન' પ્રિ[illegible] પ્રેસ કંપની લિમિટેડમાં

મોતીલાલ [illegible]ગદાસે છાપ્યું.

સંવત ૧૯૬૦. ઈ. સ. ૧૯૦૪.

કિમ્મત આઠ આના.

નીતિ દર્પણ.

અનેક ગ્રંથોમાંથી સંશોધન કરી,

છપાવી પ્રસિદ્ધ કરનાર

વસનજી ભગવાનજી દેસાઇ.

આસિસ્ટંટ માસ્તર, ઍંગ્લોવર્નાક્યુલર સ્કુલ.

અબ્રામા—તાલુકે જલાલપુર.



અમદાવાદ

'યુનિયન' પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં

મોતીલાલ સામળદાસે છાપ્યું.

સંવત ૧૯૬૧. ઈ. સ. ૧૯૦૪.

કિમ્મત આઠ આના.

અર્પણ પત્રિકા.

શ્રીયુત.—

રા. રા. ડાહ્યાભાઈ દલપતભાઈ,

દલાલ.

મુ. ભરૂચ.

સદાચાર સંપન્ન, ઉદાર, સ્વધર્મનિષ્ટ, વ્યવહાર
કુશળ, વિદ્યાનુરાગી, વિવેકી તથા અશ્રાંત
ઉદ્યોગશીલ, બુદ્ધિચાતુર્યથી રાજ્યમાન્ય
અને લોકમાન્ય, એવા આપને આ
લઘુ ગ્રંથ અર્પણ કરૂં છું તે
સ્વીકારી સેવકને ઉપકૃત
કરશોજી. અસ્તુ.

લી. આપનો સેવક,

વસનજી ભગવાનજી દેસાઈ.

પ્રસ્તાવના.

નીતિ શબ્દનો અર્થ સદાચારણ થાય છે; પરંતુ સદાચરણ કોને કહેવું એ વિષયમાં, દેશ દેશના જનમંડળની, રીતિ, મતિ અને કૃતિની વિલક્ષણતાને લીધે વિદ્વજ્જનોનાં ભિન્ન ભિન્ન મત છે. માટે આ ઠેકાણે નીતિ શબ્દનો અર્થ સામાન્ય રીતે સર્વને અનુકુળ પડે, તેવો કરીએ તો નીચે પ્રમાણે થાય છેઃ—પરમ કૃપાળુ પરમેશ્વરે મનુષ્યોને સારાસાર વિચારનું સાધનભૂત ત્રિગુણાત્મક અંતઃકરણ આપેલું છે. તેની કાયિક, વાચિક અને માનસિક રીતે સર્વ પ્રાણીને દુઃખ ન થાય તેવા ઉદ્દેશથી ધાર્મિક પ્રવૃતિ; તેનું નામ નીતિ.

અનેક જન્મોમાં કરેલાં સુકૃતના યોગેજ આ મનુષ્ય દેહની પ્રાપ્તિ થાય છે; અને એ દેહમાંજ પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે, અન્ય દેહમાં થતું નથી. માટે આવો અમૂલ્ય મનુષ્ય દેહ મળવા છતાં જે મનુષ્ય કેવળ અનીતિને રસ્તે ચાલે છે તે ઘણી અધમગતિને પામે છે. પ્રત્યેક મનુષ્યે નીતિશાસ્ત્રના નિયમોને અનુસરી વર્ત્તવું જોઇએ. નીતિશાસ્ત્રના નિયમોને સ્મરણમાં રાખવા જોઇએ. અને તેમનું સારી પેઠે મનન કરવું જોઇએ. પણ તેમનું ઉલ્લંઘન કદાપિ કરવું ન જોઇએ.

મનુષ્ય માત્રે પોતાની બાલ્યાવસ્થાથીજ પ્રમાદ દૂર કરી નીતિશાસ્ત્રના નિયમોને અનુસારે વર્ત્તવું અને સત્પુરૂષોના સદાચાર ઉપર લક્ષ લગાડી, અહર્નિશ તેમનો સમાગમ કરવો કે જેથી તેમ-

નાં અંતઃકરણ શુદ્ધ થાય. અંતઃકરણની શુદ્ધિ થયા પછી તેમને જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી મોક્ષપદને પામેછે. નીતિને રસ્તે ચાલવાથી લોકોમાં સારાં માન પ્રતિષ્ઠા વૃદ્ધિ પામી સુયશમાં વધારો થાય છે અને પોતાની આ સંસારની મુસાફરી સુખદ થઈ પડી અંતે પણ કલ્યાણકારી નીવડે છે. નીતિથી સદ્ધર્મની વૃદ્ધિ, અંતરની શુદ્ધિ અને પરાભક્તિની પ્રાપ્તિ થાય છે. સંસ્કૃત ભાષામાં નીતિજ્ઞાનના અનેક અપૂર્વ મહાન ગ્રંથો છે. પણ એ ગ્રંથો મનમાં લાવી જ્ઞાન મેળવવું એ મનુષ્યની શક્તિની હદબાહારનું કામ છે. પણ સર્વ સ્થળમાંથી સાર ગ્રહણ થઈ શકે એવો ગ્રંથ હોય તો જનસમૂહને ઘણો ઉપયોગી થઈ પડે; એવા હેતુથી શુક્રનીતિ, ભતૃહરી નીતિશતક, પંચતંત્ર, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, પારાશર સ્મૃત્યાદિક ગ્રંથોમાંથી સાર સાર લઈ આ લઘુ ગ્રંથ મેં છપાવી પ્રસિદ્ધ કર્યો છે. એમાં કેટલેક સ્થળે ખામી તો રહી હશે માટે સુજ્ઞ વાંચકો મને ક્ષમા કરશે એવી આશા રાખુંછું. આ ગ્રંથને તપાસવામાં તથા તેમાં યોગ્ય સૂચના કરવાના સંબંધમાં તથા પ્રુફસીટ તપાસવામાં અત્રેના શાસ્ત્રી મંછારામ કાશીનાથે શ્રમ લીધો છે માટે આ સ્થળે તેમનો પૂર્ણ આભાર માનુંછું.

લી૦

વસનજી ભગવાનજી દેસાઈ.

नीति दर्पण.

ॐ नमस्तेसतेतेजगत्कारणाय नमस्तेचितेसर्वलोकाश्रयाय ।
नमोद्वैततत्त्वायमुक्तिप्रदाय नमोब्रह्मणेव्यापिने शाश्वताय ॥

હે સતરૂપ, જગતના કારણ, જ્ઞાન સ્વરૂપ, સર્વ લોકના આશ્રય, અદ્વીતીય, મુક્તિદાતા, નિત્ય તથા સર્વ વ્યાપી પરબ્રહ્મ તને નમસ્કાર છે.

अहिंसा सत्यमस्तेयं शौचमिंद्रियनिग्रहः ।
दानं दया दमः क्षान्तिः सर्वेषां धर्मसाधनम् ॥

અહિંસા, સત્ય, ચોરી ન કરવી, પવિત્રતા, ઇંદ્રિયનિગ્રહ, પરોપકાર, દયા, મનનું દમન તથા ક્ષમા એ નવ સર્વને ધર્મનાં સાધન છે.

अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा ।
अनुग्रहश्च दानं च सतां धर्मः सनातन : ॥

મન વાણી તથા કર્મે કરી પ્રાણી માત્રનો દ્રોહ ન કરવો, દયા રાખવી તથા ઉપકાર કરવો એ સત્પુરૂષોનો સનાતન ધર્મ છે.

देयं भेषजमार्तस्य परिश्रान्तस्य चासनम् ।
तृषितस्य च पानीयं क्षुधितस्य च भोजनम् ॥

રોગથી પીડીતને ઔષધ, થાકેલાને આસન, તરસ્યાને પાણી અને ભૂખ્યાને ભોજન દેવું.

यथा यथा हि पुरुषः शास्त्रं समधिगच्छति ।
तथा तथा विजानाति विज्ञानं चास्यरोचते ॥

જેમ જેમ પુરૂષ શાસ્ત્ર વિચારે છે તેમ તેમ જાણે છે ને તેને વિશેષ જ્ઞાન રૂચે છે.

परदारा न गंतव्या पुरुषेण विपाश्चिता ।
यतो भवंति दुःखानि नृणां नास्त्यत्र संशयः ॥

બુદ્ધિમાન પુરૂષે પારકી સ્ત્રી પ્રત્યે જવું નહિ કેમકે તેથી દુઃખ થાય છે. એમાં સંશય નથી.

रक्षः पतिर्जनकजाहरणेन वाली तारापहारविधिना सच कीचकोऽपि । पांचालिकाप्रमथनान्निधनं जगाम तस्मात्कदापि परदाररतिं न कुर्यात् ॥

સીતાનું હરણ કરવાથી રાવણ, તારાને હરી લેવાથી વાળી અને દ્રૌપદીની છેડ કરવાથી કીચક મરણ પામ્યો; તેથી કોઇ કાળે પણ પરસ્ત્રીમાં પ્રીતિ કરવી નહિ.

परस्त्रीयं योभिवदे त्तीर्थेऽरण्ये वनेऽपि वा ।
नदीनां वापो संभेदे ससंग्रहणमाप्नुयात ॥

જે પુરૂષ પાણી ભરવાને માર્ગે ગામની બહારનાં વનમાં, જંગલમાં અથવા નદીઓના સમાગમને ઠેકાણે પર સ્ત્રી સાથે ખરાબ નિષ્ઠાથી ભાષણ કરે તે વ્યભિચાર કર્યાના દોષને પામે છે.

उपचारक्रिया केलिः स्पर्शो भूषणवाससाम् ।
सह खट्वासनं चैव सर्वं संग्रहणं स्मृतम् ॥

પારકી સ્ત્રીને છુપી ભેટ મોકલવી તેની સાથે હસવું બોલવું તથા રમત કરવી તેનાં ભૂષણ તથા વસ્ત્રને અડકવું અને તેની સાથે એક ઢોલીયાપર બેસવું એ સર્વ વ્યભિચાર કહેલ છે.

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तंधनं
विद्या भोगकरी यशः सुखकरी विद्या गुरूणांगुरु : ।
विद्या बंधुजनो विदेशगमने विद्या परं दैवतं
विद्या राजसु पूज्यते नहि धनं विद्या विहीनः पशुः ॥

વિદ્યાજ નરનું અધિક રૂપ તથા ઢાંકેલું ગુપ્ત ધન, ભોગ યશ તથા સુખને આપનારી, ગુરૂની પણ ગુરૂ; પ્રવાસમાં બંધુજન સમાન, અને પરમદૈવત રૂપ છે; રાજદરબારમાં વિદ્યાજ પૂજાય છે, ધન પૂજાતું નથી. માટે વિદ્યા હીનને પશુ સમાન જાણવો.

नचोरहार्यं नच राजहार्यं नभ्रातृभाज्यं नच भारकारि ।
व्यये कृते वर्द्धतएव नित्यं विद्याधनं सर्व धनप्रधानं ॥

વિદ્યા રૂપી ધન ચોર તથા રાજાથી હરાતું નથી, ભાઇઓથી વંટાતું નથી, કંઇ ભાર કરતું નથી અને કોઇને આપવાથી ઘટવાને બદલે નિરંતર વધે છે. માટે વિદ્યા ધન સર્વ ધનમાં મુખ્ય છે.

विद्या रूपं कुरूपाणां क्षमा रूपं तपस्विनां ।
कोकिलानां स्वरो रूपं स्त्रीणां रूपं पतिव्रतं ॥

કદરૂપાનું વિદ્યા, તપસ્વિનું ક્ષમા, કોયલનું સ્વર તથા સ્રીનું પતિવ્રત રૂપ છે.

कुत्र विधेयो यत्नो विद्याभ्यासे सदौषधे दाने ।
अवधीरणा क्व कार्या खलपरयोषित्परधनेषु ॥

યત્ન કયાં કરવો ? તો કે વિદ્યાભ્યાસ, સદૌષધ તથા પરોપકારમાં; તેમ અનાદર કયાં કરવો ? તો કે દુર્જન, પારકી સ્ત્રી તથા પરધનમાં.

अज्ञः सुखमाराध्यः सुखतर माराध्यते विशेषज्ञः
ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि तं नरं न रंजयति ॥

સાવ અજ્ઞાની મનુષ્ય સહેલી રીતે સમઝાવવા યોગ્ય છે તેમ વિશેષ જાણનાર પણ વધારે સહેલાઇથી સમઝાવી શકાય છે પણ જ્ઞાનનો લેશ માત્રથી પોતાને પંડીત માનનાર મનુષ્યને પ્રજાપતિ પણ સમઝાવી શકે નહિ.

मूर्खस्य पंच चिन्हानि गर्वो दुर्वचनं तथा ।
क्रोधश्च दृढवादश्च परवाक्येष्वनादरः ॥

પંડીતમન્ય મૂર્ખનાં ગર્વ, દુર્વચન, ક્રોધ, હઠ તથા પારકાં વચનનો અનાદર એ પાંચ ચિન્હો હોય છે.

पानीयं परमं दानं दानानाम् मनुरब्रवीत् ।
तस्मात्कूपांश्च वापींश्च तडागानि च खानयेत् ॥

મનુએ સર્વ પ્રકારનાં દાનમાં પાણીનું શ્રેષ્ટ કહ્યું છે માટે કૂવા, પગથીયાંવાળી વાવ તથા તળાવ ખોદાવવાં.

जलाशयाश्च वृक्षाश्च विश्रामगृहमध्वनि ।
सेतुः प्रतिष्ठितो येन तेन सर्वं वशीकृतम् ॥

જે વાવ આદી જળસ્થાન કરાવે, વૃક્ષો રોપાવે અને ધર્મશાળા તથા પાજ બંધાવે, તેણે સર્વ વશ્ય કર્યું જાણવું.

अन्नं दानात्परं दानं विद्यादानमतः परम् ।
अन्नेन क्षणिका तृप्तिर्यावज्जीवं तु विद्यया ॥

સર્વ દાનથી અન્નદાન શ્રેષ્ટ છે, ને વિદ્યાદાન તેથી પણ શ્રેષ્ટ છે; કેમકે અન્નવડે ક્ષણિક પણ વિદ્યાવડે તો જીવિત પર્યંત તૃપ્તિ થાય છે.

मात्रा स्वस्रा दुहित्रा वा न विविक्तासनो भवेत् ।
बलवानिंद्रिय ग्रामो विद्वांसमपि कर्षति ॥

મા, બેન તથા દીકરી સાથે પણ એકાંતમાં બેસવું

નહિ; કેમકે ઇંદ્રિયો બળવાન હોવાથી વિદ્વાનને પણ વિષય પ્રત્યે ખેંચે છે.

हिंसास्तेयान्यथा कामं पैशून्यं परुषानृते ।
संभिन्नालापव्यापादमभिध्या दृग्विपर्ययम् ।
पापं कर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेत् ॥

હિંસા, ચોરી તથા અગમ્ય ગમન; એ ત્રણ કાયિક; ચાડી, કઠોર ભાષણ, જૂઠું બોલવું તથા યથેચ્છ લવલવાટ, એ ચાર વાચિક અને પારકા દ્રોહનું ચિંતન, પરધનની ઈચ્છા તથા ઇશ્વરમાં અનાસ્તા, એ ત્રણ માનસિક મળી દશ પ્રકારનાં પાપ શરીર, વાણી તથા મને કરી ત્યાગ કરવાં.

सत्यं ब्रूयात्प्रियं ब्रूयान्न ब्रूयात्प्रियमनृतम् ।
शुष्कवैरं विवादं च न कुर्यात्केन चित्सह ॥

સાચું તથા પ્રિય બોલવું પણ કદી જૂઠું પ્રિય બોલવું નહિ, ને કોઇની સાથે ફોકટ વેર તથા વિવાદ કરવો નહિ.

दीनांधपंगुबधिरा नोपहास्याः कदाचन ।
नानिष्टं प्रवदेत्कस्मिन्प्रलापं नच कारयेत् ॥

ગરીબ, આંધળા, પાંગળા તથા બહેરાનું હાસ્ય કરવું નહિ, કોઇને અપ્રિય બોલવું નહિ. ને ફોકટ બકવાદ ન કરવો.

परदारं परद्रव्यं परीवादं परस्य च ।
परीहासं गुरोः स्थाने विवादं च विवर्जयेत् ॥

પારકી સ્ત્રી, પારકું ધન, પારકી નિંદા અને વડીલની સમીપે હાસ્ય તથા વાદ એટલાંનો ત્યાગ કરવો.

पापान्निवारयति योजयते हिताय गुह्यानि गूहति गुणान्प्रकटीकरोति । आपद्गतं च न जहाति ददाति काले सन्मित्र लक्षणमिदं प्रवदंति सन्तः ॥

પાપ કર્મથી વારે, હિતમાં જોડે, છાની વાત ઢાંકી રાખે, ગુણોને પ્રકટ કરે, આપત્સમયે છોડે નહિ, વખતસર મદદ કરે; એ સત્પુરૂષોએ સન્મિત્રનાં લક્ષણ કહ્યાં છે.

अनुचितकर्मारंभः स्वजनविरोधो बलीयसा स्पर्धा ।
दुष्टस्त्रीविश्वासो ह्यापद्द्वाराणि चत्वारि ॥

અયોગ્ય કર્મનો આરંભ, સ્વજન સાથે વિરોધ, બળીયા સાથે જાહેરમાં અદેખાઇ તથા દુષ્ટ સ્ત્રીનો વિશ્વાસ એ ચાર આપતનાં દ્વાર છે.

उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शांतये ।
पयः पानं भुजंगानां केवलम् विषवर्धनम् ॥

મૂર્ખને ઉપદેશ ક્રોધજનક છે પણ શાંતિજનક નથી, કારણ સર્પને દૂધનું પાન કેવળ વિષ વધારનાર છે.

न कंचिदात्मनः शत्रुं नात्मानं कस्य चिद्रिपुम् ।
प्रकाशयेन्नापमानं न च निःस्नेहतां प्रभोः ॥

પોતાના કોઇ શત્રુને તથા કોઇ વિષે પોતાની શત્રુતા, અપમાન તથા શેઠની અપ્રીતિ, એટલાં પ્રકાશ કરવાં નહિ.

परमोक्ता गुणा यस्य निर्गुणोऽपि गुणो भवेत् ।
श्रेष्ठोऽपि लघुतां याति स्वयं प्रख्यापितैर्गुणैः ॥

પારકાએ જેના ગુણ કહ્યા તે નિર્ગુણી હોય તોપણ ગુણી થાય છે, પણ પોતાના ગુણ પોતે કહ્યાથી શ્રેષ્ટ પણ લઘુતાને પામે છે.

अतिपरिचयादवज्ञा संततगमनादनादरो भवति ।
मलये भिल्लपुरंध्री चंदनतरुकाष्ठ मिंधनं कुरुते ॥

અતિ પરિચયથી તિરસ્કાર તથા નિરંતર ગમનથી અનાદર થાય છે. કારણ મલય પર્વતમાં રહેલ ભિલ્લની સ્ત્રી અતિ પરિચયને લીધે ચંદનવૃક્ષના કાષ્ટને બાળવાનાં ઈંધન કરે છે.

उत्पन्न पश्चात्तापस्य बुद्धिर्भवति यादृशी ।
तादृशो यदि पूर्वं स्यात्कस्य न स्यान्महोदयः ॥

મનુષ્યની પશ્ચાત્તાપ ટાણે જેવી બુદ્ધિ થાય છે તેવી જો પહેલાંજ હોય તો કેનો મોટો ઉદય ન થાય.

षड् दोषाः पुरुषेणेह हातव्या भूतिमिच्छता ।
निद्रा तंद्रा मयं क्रोध आलस्य दीर्घसूत्रता ॥

આ લોકમાં સમૃદ્ધિ ઇચ્છનારે નિદ્રા, સુસ્તી, ભય, ક્રોધ, આલસ્ય તથા દીર્ઘસૂત્રતા એ છ દોષ ત્યાગ કરવા.

षडेव तु गुणाः पुंसा न हातव्या कदाचन ।
सत्यं दानमनालस्यमनसूया क्षमा धृतिः ॥

પણ સત્ય, પરોપકાર, અનાલસ્ય, અનસૂયા, ક્ષમા તથા ધૃતિ એ છ ગુણ ક્યારેય ત્યાગ કરવા નહિ.

आरभ्यते न खलु विघ्नभयेन नीचैः।
प्रारभ्य विघ्नविहताविरमंति मध्याः।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः।
प्रारभ्य चोत्तमजना न परित्यजंति ॥

વિઘ્નના ભયથી અધમજન કાર્યનો આરંભ કરતા નથી, મધ્યમ જન કાર્યનો આરંભ કરી વિઘ્ન નડે તો વચમાંજ વિરામ પામે છે, પણ ઉત્તમજન તો કાર્યનો આરંભ કરી વિઘ્ન વારંવાર આવે તોપણ તેને પૂરૂં કર્યા વગર છોડતા નથી.

अत्यादरो भवेद्यत्र कार्यकारण वर्जितः।
तत्र शंका प्रकर्तव्या परिणामे सुखावहा ॥

જ્યાં કાર્ય કારણ વિના અતિ આદર થાય ત્યાં શંકા રાખવી જેથી પરિણામે સુખ થાય છે.

असती भवति सलज्जा क्षारं नीरं च निर्मलं भवति।
दंभी भवति विवेकी प्रियवक्ता भवति धूर्तजनः ॥

ઘણું કરી અસતી સ્ત્રી લજ્જાવાળી, ખારૂં પાણી નિર્મળ, દંભી વિવેકી તથા ધૂતારા મીઠું બોલનારા હોય છે.

स्थितो मृत्युमुखे चाहं क्षणमायुर्ममास्ति न।
इति मत्वा दानधर्मौ यथेष्टौ तु समाचरेत् ॥

હું મૃત્યુના મુખમાં રહ્યોછું, મારૂં આયુષ્ય ક્ષણ માત્ર નથી, એમ માની યથેષ્ટ દાન ધર્મ આચરવાં.

सान्मैव यत्र सिद्धिर्न तत्र दंडो बुधेन विनियोज्यः ।
पित्तं यदि शर्करया शाम्यति कोर्थः पटोलेन ॥

જયાં સમજાવવાથી કામ થાય ત્યાં ડાહ્યા માણસે દંડ કરવો નહિ કેમકે જો સાકરથી પિત્ત શમે તો કડવા પટોલની જરૂર શું છે.

परधनहरणे पंगुः परदारनिरिक्षणेऽप्यंधः ।
मूकः परापवादेस भवति सर्वप्रियो जगति ॥

જે પારકા ધન હરણમાં પાંગળો, પારકી સ્ત્રી જોવામાં આંધળો તથા પારકી નિંદા કરવામાં મુંગો હોય તે જગતમાં સર્વને પ્રિય થાય છે.

मन्यते पातकं कृत्वा न कश्चिद्वेत्तिमामिति ।
तदेव वेत्ति भूतात्मा यश्चैवांतरपूरुषः ॥

જે પાપ કરીને મને કોઈ જાણતું નથી એમ માને છે પણ જે સર્વ ભૂતનો આત્મા અંતર્યામિ ઇશ્વર છે તે સર્વ જાણે છે.

काके शौचं द्युतकारेच सत्यं सर्पे क्षान्ति यौवने कामशांतिः ।
क्लावे धैर्यं मद्यपे तत्त्वचिन्ता राजा मित्रं केन दृष्टं श्रुतं वा ॥

કાગડામાં પવિત્રતા, જુગારીમાં સત્યતા, સર્પમાં ક્ષમા, યુવાવસ્થામાં કામ શાંતિ, ળીકણમાં ધૈર્ય, મદિરા પીનારમાં તત્ત્વચિંતા તથા રાજા મિત્ર, એટલાં કોણે જોયાં વા સાંભળ્યાં?

साध्वीस्त्रीणां दयितविरहे मानिनां मानभंगे सल्लोकानामपि जनरवे निग्रहे पंडितानाम् । अन्योद्रेके कुटिलमनसां निर्गुणानां विदेशे भृत्याभावे भवति विषमं किंतु संभावितानाम्॥

પતિવ્રતા સ્ત્રીને પતીના વિયોગ સમય, માનીને માન ભંગ થતાં સત્પુરૂષને લોકાપવાદથી, પંડીતને દંડથી, કુટિલ મનવાળાને બીજાની ચહડતીમાં, નિર્ગુણીને પરદેશમાં અને સંભાવિતને ચાકરના અભાવે દુઃખ થાય છે.

न वित्तं दर्शयेत्प्राज्ञः कस्य चित्स्वल्पमप्यहो ।
मुनेरपि यतस्तस्य दर्शनाच्चलते मनः ॥

બુદ્ધિમાને પ્રવાસમાં થોડું પણ ધન કોઇને દેખાડવું નહિ, કેમકે ધનને જોઈ, અહો! ઘણું કરીને મુનીનું પણ મન ચળેછે.

देशाटनं राजसभा प्रवेशो व्यापारिविद्वज्जनसंगतिश्च ।
सर्वेषु शास्त्रेष्ववलोकनं च चातुर्यमूलानि भवंति पंच॥

દેશાટન કરવું, રાજસભામાં જવું, વ્યાપારી તથા વિદ્વાનોની સોબત કરવી અને સર્વ શાસ્ત્રમાં અવલોકન કરવું એ પાંચ ચતુરાઇનાં મૂળ છે.

अग्निदो गरदश्चैव शस्त्रोन्मत्तो धनापहः ।
क्षेत्रदारहरश्चैतान् षड् विद्यादाततायिनः ॥

આગ લગાડી બાળી દેનાર, ઝેર આપનાર, શસ્ત્રવડે તૈયાર થયેલ ધન હરી જનાર, જમીન દાબનાર, તથા સ્ત્રીને લઇ જનાર, એ છ આતતાયી જાણવા.

पराधीनं नैव कुर्यात्तरुणी धनपुस्तकम् ।
कृतं चेल्लभ्यते दैवात् भ्रष्टं नष्टं विमर्दितम् ॥

તરૂણી–ધન તથા પુસ્તક પરાધીન ન કરવાં અને કદી કર્યાંને દૈવથી પાછાં મળે તો ભ્રષ્ટ નષ્ટ તથા વિમેર્દિત થઇ મળે છે.

निर्गुणेष्वपि सत्त्वेषु दयां कुर्वंति साधवः ।
नहि संहरते ज्योत्स्ना चन्द्रश्चाडालवेश्मानि ॥

સત્પુરૂષ નિર્ગુણ પ્રાણીઓ વિષે પણ દયા કરે છે કેમકે ચંદ્ર ચાંડાલના ઘરમાં પ્રકાશ નાશ કરતો નથી.

अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते ।
उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः ॥

અપકારીને વિષે જે ઉપકારી થાય તેને સત્પુરૂષ સાધુ કહે છે કારણ ઉપકારી પ્રત્યે જે ઉપકારી થાય તેના સાધુપણામાં શું ગુણ.

प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनम् ।
तृतीये नार्जितं पुण्यं चतुर्थे किं करिष्यति ॥

જેણે પ્રથમ વયમાં વિદ્યા, બીજી વયમાં ધન તથા ત્રીજી વયમાં પુણ્ય સંપાદન ન કર્યાં તે ચોથીમાં શું કરશે?

यात्यधोऽधो व्रजत्युच्चैनरः स्वैरेव कर्मभिः ॥
कूपस्य खनिता यद्वत्प्राकारस्येव कारकः ॥

કૂવો ખોદનાર તથા કોટ ચણનારની પેઠે મનુષ્ય પોતાનાં કર્મે કરી નીચે ઉંચે ચડે છે.

विषमां हि दशां प्राप्य दैवं गर्हयते नरः ।
आत्मनः कर्म दोषांश्च नैव जानात्यपंडितः ॥

મૂર્ખ મનુષ્ય વિષમ દશાને પામી દૈવને નિંદે છે પણ પોતાના કર્મ દોષને જાણતો નથી.

उद्यमः साहसं धैर्यं बुद्धिः शक्तिः पराक्रमः ॥
षडेते यत्र वर्तंते तत्र देवः सहायकृत् ॥

ઉદ્યમ, શૌર્ય, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ તથા પરાક્રમ એ છ જ્યાં હોય ત્યાં દેવ સહાયકારિ થાય છે.

न विद्यया न शौर्येण धनेनाभिजनेन च ।
न बलेन प्रमत्तस्याच्चातिमानी कदाचन ॥

વિદ્યા, શૌર્ય, ધન, ચાકર અને બળે કરી કોઇ કાળે ઉન્મત્ત તથા અભિમાની થવું નહિ.

अभ्रच्छाया खलप्रीतिर्नवसस्यानि योषितः ।
किंचित्कालोपभोग्यानि यौवनानि धनानि च ॥

વાદળાંની છાયા, ખલની પ્રીતિ, નવું ધાન્ય, સ્ત્રી, યૌવન તથા ધન, સર્વ થોડો કાળ ભોગવવાનાં છે.

आपद्गतं हससि किं द्रविणांधमूढ लक्ष्मीः स्थीरा न भवतीति किमत्र चित्रम् । एतान्प्रपश्यसि घटान्जलयंत्रचक्रे रिक्ता भवंति भरिता भरिताश्च रिक्ताः ॥

હે દ્રવ્યે કરી અંધ થયલા મૂઢ, આપતને પામેલાની હાંસિ કેમ કરે છે? કારણુ લક્ષ્મી સ્થીર રહેતી નથી. એમાં

આશ્ચર્ય શું છે? આ જળ યંત્રના ચક્રમાં બાંધેલા ઘટોને જો! ભરેલા ખાલીને ખાલી ભરેલા બને છે.

क्षते प्रहारा निपतंत्यभीक्ष्णं धनक्षये गच्छति सर्वतः श्रीः ।
आपत्सु वैराणि समुल्लसंति छिद्रेष्वनर्था बहुलीभवंति ॥

વાગ્યામાં વારંવાર વાગે છે, ધન ક્ષય થવા માંડે તો લક્ષ્મી ચોમેરથી જાય છે, અને આપત્તિમાં વૈર પ્રગટે છે કારણ ઘણું કરી છિદ્રને વિષે બહુ અનર્થ થાય છે.

दुर्जनं प्रथमं वंदे सज्जनं तदनंतरम् ।
मुखप्रक्षालनात्पूर्वं गुदप्रक्षालनं यथा ॥

જેમ ગુદ પ્રક્ષાલન કર્યા પછી મૂખ ધોવું તેમ દુર્જનને પ્રથમ ને સજજનને પછી નમવું.

खलः सर्षपमात्राणि पराछिद्राणि पश्यति ।
आत्मनो बिल्वमात्राणि पश्यन्नपि न पश्यति ॥

દુર્જન પારકાનાં સર્ષવ જેવડાં છીદ્ર જુવે છે પણ પોતાનાં બિલી ફળ જેવડાં છીદ્રને દેખતાં છતાં પણ જોતો નથી.

अनभ्यासे विषं शास्त्रमजीर्णे भोजनं विषं ।
क्षुधी तस्य विषं गोष्ठी तरुण्याः स्थविरो विषम् ॥

અભ્યાસ વિના શાસ્ત્ર, અજીર્ણમાં ભોજન, ભૂખ્યાને વાર્તા તથા તરૂણીને વૃદ્ધ વિષ સમાન લાગે છે,

अनुकूलतामुपगते हि विधौ सफलत्वमेति लघुसाधनता ।
प्रतिकूलतामुपगते हि विधौ विफलत्वमेति बहुसाधनता ॥

ઇશ્વરેચ્છા અનુકૂળ હોય તો સ્વલ્પ સાધન પણ સફળ થાય છે. પણ તે જો પ્રતિકૂળ હોય તો ઘણાં સાધન પણ નિષ્ફળ જાય છે.

कांतं वक्ति कपोतिकाकुलतया नाथांतकालोऽधुना व्याधोधोधृतचापसज्जितशरः श्येनः परिभ्रामति।इत्थं सत्यहिना सदष्टइषुणा श्येनोपि तेनाहतस्तूर्णं तौ तु यमालयं प्रतिगतौ दैवी विचित्रा गतिः ॥

કપોતિકા પોતાના પતિને આકુળપણાથી કહે છે "હે નાથ, આ ટાણે, અંતકાળ આવ્યો, કેમકે બાણ સજ્જ કરેલ ધનુષ હાથમાં ધરી નીચે પારધી ઉભો છે ને ઉપર સિંચાણો ફરે છે," એમ કહે છે. તેટલામાં નીચે પારધીને સર્પ કરડયો ને તેથી તેના ધનુષમાંથી નિશાન ચૂકી છૂટેલા બાણવડે ઉપર સિંચાણો હણાયો. એ રીતે તે બન્ને તત્કાળ મરણ પામ્યા ને બચ્ચાં સહિત કપોત કપોતિકા બચી ગયાં! આહાહા!!! ઈશ્વરેચ્છા વિચિત્ર છે.

रूपं जरा सर्वसुखानि तृष्णा खलेषु सेवा पुरुषाभिमानम् ।
याञ्चा गुरुत्वं गुणमात्मपूजा चिंता बलं हन्त्यदया चधर्मम् ॥

જરા રૂપને, અતિ તૃષ્ણા સર્વ સુખને, ખળની સેવા પુરૂષના અભિમાનને, યાચના મોટાઇને, પોતાનાં વખાણ ગુણને, ચિંતા બળને તથા નિર્દયતા ધર્મને હણે છે.

अकरुणत्वमकारणविग्रहः परधने परयोषिति च स्पृहा ।
सुजनबंधुजनेष्वसहिष्णुता प्रकृतिसिद्धमिदं हि दुरात्मनाम् ॥

નિર્દયતા, સહેજમાં કજીયો, પરધન તથા પરસ્ત્રીમાં ઇચ્છા અને સુજન તથા બંધુ જનની અદેખાઇ, એ ઘણું કરી દુર્જનમાં સ્વભાવથી હોય છે.

मृगमीनसज्जनानां तृणजलसंतोषविहित वृत्तीनाम् ।
लुब्धकधीवर पिशुना निष्कारणवैरिणो जगति ॥

જગતમાં ક્રમે કરી તૃણ, જલ તથા સંતોષ વૃત્તિવાળા મૃગ, મીન તથા સજ્જનના તેમનાથી કાંઇ કારણ ન મળતાં પણ પારધી, ઢીમર તથા દુર્જન વૈરી થાય છે.

एता हसंति च रुदंति च वित्तहेतोर्विश्वासयंति पुरुषं न च विश्वसंति । तस्मान्नरेण कुलशीलसमन्वितेन वेश्या स्मशानघटिका इव वर्जनीया ॥

વેશ્યા ધનને માટે હસે છે, રડે છે, પુરૂષને વિશ્વાસ કરાવે છે ને પોતે વિશ્વાસ કરતી નથી; માટે કુળ તથા શીળવાળા પુરૂષે તેનો સ્મશાન ઘડાની પેઠે ત્યાગ કરવો,

चित्ते भ्रांतिर्जायते मद्यपानात् भ्रांते चित्ते पापचर्यामुपैति ।
पापं कृत्वा दुर्गतिं यांति मूढास्तस्मान्मद्यं नैव पेयं न पेयम् ॥

મદ્યપાનથી ચિત્તમાં ભ્રાંતિ થાય છે ને ચિત્ત ભ્રાંત થયેથી મનુષ્ય પાપાચરણ કરે છે. અને પાપ કરી તે મૂઢ દુર્ગતિને પામે છે, માટે મદ્યપાન કરવુંજ નહિ.

गुणैरुत्तमतां याति नोच्चैरासनसंस्थितः ।
प्रासादशिखरस्थोऽपि काकः किं गरुडायते ॥

ગુણવડે ઉત્તમ થવાય છે, ઉંચા આસન ઉપર બેસવાથી નહિ, કેમકે મહેલના શિખર ઉપર બેઠેલો કાગડો શું ગરૂડ થઇ શકે છે?

यत्र विद्वज्जनो नास्ति श्लाघ्यस्तत्राल्पधीरपि ।
निरस्तपादपे देशे एरंडोऽपि द्रुमायते ॥

જ્યાં વિદ્વાન નથી ત્યાં અલ્પ બુદ્ધિવાળો પણ વખણાય છે. કારણ વૃક્ષ વિનાના દેશમાં એરંડ પણ વૃક્ષ કહેવાય છે.

इभतुरगरथैः प्रयांति मूढा धनरहिता विबुधाः प्रयांति पद्भ्याम् ।
गिरिशिखरगताऽपि काकपंक्तिः पुलिनगतैर्न समत्वमेति हंसैः॥

કદી ધન મળી જવાથી મૂઢ જન હાથી, ઘોડા તથા રથપર બેસીને જાય, ને ધન ન મળવાથી વિદ્વજજન પગે ચાલે તોપણ ગિરિ શીખર બેઠેલી કાગડાની પંક્તિ, નદી કિનારે બેઠેલા હંસ સરખી થતી નથી.

काकस्य चंचुर्यदि हेमयुक्ता माणिक्ययुक्तौ चरणौ च तस्य ।
एकैकपक्षे यदि मौक्तिकानि तथापि काको न च राजहंसः॥

કદી કાગડાની ચાંચ સોનાની, પગ મણીએ કરી યુક્ત તથા અકેક પાંખ મોતી જડિત હોય, તોપણ કાગડો રાજહંસ થતો નથી.

विपदि धैर्यमथाभ्युदये क्षमा सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ प्रकृतिसिद्धमिदं हि महात्मनाम्॥

વિપત્તિમાં ધૈર્ય, ચઢતીમાં ક્ષમા, સભામાં વાક્ચાતુર્ય, યુદ્ધમાં પરાક્રમ, યશમાં પ્રીતિ અને શાસ્ત્રમાં વ્યસન એ ઘણું કરી મહાજનમાં સ્વભાવથી હોય છે.

परोपदेशे पांडित्यं सर्वेषां सुकरं नृणाम् ।
धर्मे स्वीयमनुष्ठानं कस्यचित्तु महात्मनः ॥

બધાયે પારકાને ઉપદેશ કરવામાં પાંડિત્ય કરવું સહેલું છે, પણ પોતે સદાચરણે વર્ત્તવું એતો કોઇ મહાજનમાંજ હોય છે.

वने कुरंगास्तृणधान्यभुक्ता बुभुक्षिता घ्नंति कदा न जीवान् ।
एवं कुलीना व्यसनाग्निभूता न नीतिमार्गं परिलंघयंति ॥

જેમ વનમાં તૃણ તથા ધાન્ય ખાનારા મૃગ ભૂખ્યા થાય તો પણ કયારેય જીવની હિંસા કરતા નથી, તેમ કુલીન મનુષ્ય દુઃખથી પીડાય તોપણ નીતી માર્ગને છોડતા નથી.

उदयति यदि भानुः पश्चिमे दिग्विभागे प्रचलति यदि हैमः शीततां याति वन्हिः । विकसति यदि पद्मं पर्वतानां शिखाग्रे न चलति खलु वाक्यं सज्जनानां कदाचित् ॥

કદિ સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે, હિમાલય ચલાયમાન થાય, અગ્નિ શીતતાને પામે, તથા પર્વતની ટોચ ઉપર કમળ ખીલે, તોપણ સત્પુરૂષોનું વાકય કયારેય ચલાયમાન થતું નથી.

वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः ।
करणं परोपकरणं येषां केषां न ते वन्द्याः ॥

જેમનું મુખ પ્રસન્નતાનું ઘર, હૃદય દયાળુ, વાણી અમૃત સરખું મધૂર બોલનારી તથા ધર્મ ક્રિયા પરોપકારી હોય તે કેને વંદ્ય નથી.

अयशः प्राप्यते येन येन चापगतिर्भवेत् ।
पुण्यं च भ्रश्यते येन तत्कर्म न समाचरेत् ॥

જેથી અપકીર્ત્તિ તથા અવગતિ થાય અને પુણ્ય નાશ પામે, તેવું કર્મ આચરવું નહિ.

परोपदेशवेलायां शिष्टाः सर्वे भवंति वै ।
विस्मरंति हि शिष्टत्वं स्वकार्ये समुपस्थिते ॥

પારકાને ઉપદેશ દેવા ટાણે બધા શ્રેષ્ટ થાય છે પણ પોતાના કાર્ય ટાણે શ્રેષ્ટપણું ભુલી જાય છે.

जलान्तश्चंद्रचपलं जीवितं खलु देहिनाम् ।
तथाविधमिति ज्ञात्वा शश्वत्कल्याणमाचरेत् ॥

જળમાં પડેલા ચંદ્રબિંબની પેઠે મનુષ્યનું જીવિત ચંચળ છે, એમ જાણી નિરંતર સદાચરણે વર્त्तવું.

इर्ष्यां छिंधि भज क्षमां जहि मदं पापे रतिं माकृथाः
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनान् ।
मान्यान्मानय विद्विषोऽप्यनुनय ह्याच्छादय स्वान्गुणान्
कीर्तिं पालय दुःखिते कुरु दयामेतत्सतां लक्षणम् ॥

હે મનુષ્ય, અદેખાઈ મૂક, ક્ષમા રાખ, મિથ્યા અભિમાન છોડ, પાપમાં પ્રીતિ મ કર, સાચું બોલ, સત્પુરૂષની પદવીને અનુસર, વિદ્વાનોની સોબત કર, માનવા લાયકને માન આપ, શત્રુને પણ વિનય કર, પોતાના ગુણુની પ્રશંસા મ કર, યશસ્વી થા અને દુ:ખીતપર દયા કર; કેમકે એ સત્પુરૂષોનાં લક્ષણ છે.

पापं कर्तुमृणं कर्तुं मन्यंते मानवाः सुखम् ।
परिणामोऽतिगहनो महतामपि नाशकृत् ॥

પાપ તથા કરજ કરવામાં પ્રથમ મનુષ્ય સુખ માને છે, પણ તેનો પરિણામ મોટાઓને પણ નાશ કરે એવો અતિ ગહન છે.

रोगशोक परीताप बंधन व्यसनानि च ।
आत्मापराध वृक्षाणां फलान्येतानि देहिनाम् ॥

રોગ, શોક, પરિતાપ, બંધન તથા દુઃખ એ દેહધારીને પોતાના અપરાધ રૂપ વૃક્ષનાં ફળ છે.

कुरंगमातंगपतंगमीना भृंगा हताः पंचभिरेव पंच ।
एकः प्रमादी स कथं हतो न यः सेवते पंचभिरेव पंच ॥

હરિણ, હસ્તી, પતંગ મત્સ્ય તથા ભ્રમર એ પાંચ પ્રાણી ક્રમથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધરૂપ પાંચ વિષયમાં અતિ આસક્ત થવાથી તેવડે હણાય છે; તો એકજ ગાફલ મનુષ્ય જે પાંચ ઈંદ્રિયવડે પાંચે વિષયને અતિ આસક્તિથી સેવે તે કેમ ન હણાય.

मांधाता च महीपतिः कृतयुगालंकारभूतो गतः सेतुर्येन महोदधौ विरचितः क्वासौ दशास्यांतकः । अन्ये चापि युधिष्ठिर प्रभृतयो याता दिवं भूपते नैकेनापिसमं गतोहि विभवस्तस्मान्न कार्योऽनयः ॥

હે ભૂપતિ, સત્ય યુગનો અલંકારરૂપ માંધાતા રાજા

મૃત્યુ પામ્યો, જેણે સમુદ્રમાં પાજ બાંધી રાવણને માર્યો તે રામ ક્યાં ? અને બીજા યુધિષ્ટિરાદિ રાજાઓ પણ મરણ પામ્યા પણ તેમાંના એકની સાથે પણ વૈભવ ગયો નહિ; માટે અન્યાય કરવો નહિ.

न जारजातस्य ललाटशृंगं कुलप्रसूतस्य न पाणिपद्मम् ।
यदा यदा मुंचति वाक्य बाणं तदा तदा जातिकुलप्रमाणम् ॥

જારથી જન્મેલાના લલાટમાં શિંગડું, ને કુળથી જન્મેલાના હાથમાં કમળ થતું નથી, પણ જ્યારે વાક્યરૂપી બાણ મૂકે છે ત્યારે તેની જાતિ તથા કુળનું પ્રમાણ થાય છે.

सत्यं मृदु प्रियं वाक्यं धीरो हितकरं वदेत् ।
आत्मोत्कर्षं तथा निंदां परेषां परिवर्जयेत् ॥

ધીર મનુષ્યે સત્ય, કોમળ, પ્રિય તથા હિત કરનાર વાક્ય બોલવું, ને પોતાનાં વખાણ તથા પારકાની નિંદાનો ત્યાગ કરવો.

विरक्तः परदारेषु निस्पृहः परवस्तुषु ।
दंभमात्सर्य हीनो यः स साधुः कथ्यते बुधैः ॥

જે પરસ્ત્રીમાં વિરક્ત, પારકી વસ્તુમાં નિસ્પૃહ ને દંભ તથા અદેખાઇથી હીન હોય તેને બુદ્ધિમાન સાધુ કહે છે.

मुनिर्भवति मौनान्न नारण्यवसनान्मुनिः ।
मुनिर्भवति वश्यात्मा स्थिरधीर्मुनिरुच्यते ॥

મનુષ્ય મૂગું રહેવાથી તથા અરણ્યમાં વસવાથી મુનિ થતો નથી પણ મનને વશ કરવાથી મુનિ થાય છે કેમકે સ્થીર બુદ્ધિવાળો મુનિ કહેવાય છે.

यो हि न कुरुते पापं सर्वभूतेषु कर्हिचित् ।
कर्मणा मनसा वाचा स ज्ञानी कथ्यते बुधैः

જે કોઇ કાળે પણ મન, વાણી તથા કર્મે કરી, કોઇ પણ પ્રાણી પ્રત્યે પાપ કરતો નથી તેને બુદ્ધિમાન જ્ઞાની કહેછે.

शत्रोरपि गुणा ग्राह्या गुरोस्त्याज्यास्तु दुर्गुणाः ।
देशकालानुरोधेन वर्तितव्यं सदा बुधैः ॥

બુદ્ધિમાને શત્રુના પણ ગુણ ગ્રહણ કરવા, ને ગુરૂના પણ દુર્ગુણ ત્યાગ કરવા અને દેશકાળને અનુસરી ચાલવું.

यस्यास्ति वित्तं स नरः कुलीनः स पंडितः स श्रुतीमानगुणज्ञः।
स एव वक्ता सच दर्शनीयः सर्वे गुणाः कांचनमाश्रयन्त ॥

જેની પાસે વિત્ત છે તે (નીચ કુળનો હોવા છતાં) ઉંચા કુળનો ગણાય છે. (સાક્ષાત્ નિરક્ષર હોય તોપણ) પંડીત ગણાય છે (શાસ્ત્રનું નામ પણ જાણવા ન છતાં) વેદજ્ઞ ગણાય છે (દુર્ગુણથી યુક્ત હોય તોપણ) સદ્‌ગુણી ગણાય છે વક્તા ગણાય છે. (બદશીકલ હોય તોપણ) સૌંદર્યવાન ગણાય છે માટે સર્વ ગુણ કાંચનના ઉપર આધાર રાખેછે.

मेरुमंदर तुल्यानि पापानि विविधानि च ।
रुद्रजाप्येदहेत्तानि कन्याविक्रयजं विना ॥

જૂદી જૂદી જાતનાં પાપોનો મેરૂ પર્વતના જેટલો ઉંચો ઢગલો થયલો હોય તોપણ રૂદ્રના જાપ કરાવવાથી તે ભસ્મ થાય છે. પણ કન્યાવિક્રયથી થતું પાપ મટતું નથી.

द्यूतं च जनवादं च परिवादं तथानृतं ।
स्त्रीणां च प्रेक्षणालंभमुपघातं परस्य च ॥

જૂગાર, લોકો સાથે વાદ, નિંદા, જૂઠું, ખોટા ભાવથી સ્ત્રીઓ સામે જોવું તથા તેમનું આલીંગન અને પારકાની ખરાબી કરવી એટલાં વાનાં ત્યાગ કરવાં.

कुलीनैः सह संपर्कं पंडितैः सह मित्रताम् ।
ज्ञातिभिश्च समं मेलं कुर्वाणो नावसीदति ॥

કુલીન સાથે સાબેત, પંડિત સાથે મિત્રતા, તથા જ્ઞાતિ સાથે સંપ રાખનાર મનુષ્ય ખેદ પામતો નથી.

संसारतापदग्धानां त्रयो विश्रांतिहेतवः ।
अपत्यं च कलत्रं च सतां संगतिरेवच ॥

સંસારના તાપથી દગ્ધ થયલા પુરૂષને, પુત્ર, સ્ત્રી તથા સત્પુરૂષની સંગતિ એ ત્રણ વિશ્રાંતિના હેતુ છે.

आतुरे व्यसने प्राप्ते दुर्भिक्षे शत्रुसंकटे ।
राजद्वारे स्मशाने च यस्तिष्ठति स बांधवः ॥

રોગ સમય, દુઃખની વેળાએ, દુષ્કાળમાં, શત્રુના સંકટ સમય, રાજદ્વારે તથા સ્મશાનમાં જે આવી ઉભો રહે તે બાંધવ જાણવો.

दुर्जनः परिहर्तव्यो विद्ययालंकृतोऽपिसन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥

વિદ્યાએ કરી શોભિતો હોય તોપણ દુર્જનનો ત્યાગ કરવો, કેમકે શું મણિવડે ભૂષિત સર્પ ભયંકર નથી ?

शोकं न कुर्यान्नष्टस्य स्वकृतेरपि जल्पनम् ।
खादन्न गच्छेदध्वानं न च हास्येन भाषणम् ॥

નષ્ટનો શેક કરવો નહિ, વિના પૂછે પોતે કરેલું કહી દેખાડવું નહિ, માર્ગમાં ખાતાં ખાતાં ચાલવું નહિ ને હાસ્ય સહીત ભાષણ કરવું નહિ.

यस्मिन्यथा वर्तते यो मनुष्यस्तस्मिंस्तथा वर्तितव्यं स धर्मः।
मायाचारो मायया वर्तितव्यः साध्वाचारः साधुना प्रत्युपेयः

જેને વિષે જે મનુષ્ય જેવી રીતે વર્તે તેણે તે મનુષ્ય પ્રત્યે તેવી રીતે વર્તવું, એ ધર્મ છે, માટે કપટી સાથે કપટથી ને સરલ સાથે સરલતાથી વર્તવું.

अयं निजः परो वेति गणना लघु चेतसाम् ।
उदार चरितानां तु वसुधैव कुटुंबकम् ॥

"આ મારો ને આ પારકો" એવી ગણના તુચ્છ ચિત્તવાળાની હોય છે, પણ ઉદાર ચરિત્રવાળાને તો આખી પૃથ્વી કુટુંબરૂપ છે.

धनैर्निष्कुलीनाः कुलीना भवंति धनैरापदंमानवा निस्तरंति ।
धनेभ्यः परो बान्धवो नास्ति लोके धनान्यर्जयध्वं धनान्यर्जयध्वम् ॥

ધનવડે કુલહીન કુલીન થાય છે, મનુષ્ય આપતને તરે છે ને લોકમાં ધનથી અધિક બીજો સગો નથી તેથી ધન સંપાદન કરો.

शिरसि निहितोऽपि नित्यं यत्नादपि सेवितो बहु स्नेहैः।
तरुणीकच इव नीचः कौटिल्यं नैव विजहाति ॥

તરૂણીના ચોટલાની પેઠે, દુર્જનને નિત્ય માથે રાખ્યો હોય તથા યત્નવડે ઘણા સ્નેહથી સેવ્યો હોય તોપણ તે કુટિલતા મૂકતો નથી.

सत्यमेव व्रतं यस्य दया दीनेषु सर्वदा ।
कामक्रोधौ वशे यस्थ स साधुः कथ्यते बुधैः ॥

જેને સત્યજ વ્રત છે, દીનપર સદા દયા છે તથા કામ ક્રોધ વશ છે તેને બુદ્ધિમાન સાધુ કહે છે.

न कश्चित्कस्य चिन्मित्रं न कश्चित्कस्य चिद्रिपुः ।
अर्थतस्तु निबध्यंते मित्राणि रिपवस्तथा ॥

કોઇ કોઇનો મિત્ર નથી તેમ કોઇ કોઇનો શત્રુ નથી પણ સ્વાર્થથીજ મિત્ર તથા શત્રુ થાય છે.

कनकाश्वतिला नागा दासी रथमहीगृहाः ।
कन्या च कपिलाधेनुर्महादानानि वै दश ॥

સુવર્ણ, અશ્વ, તલ, હસ્તી, દાસી, રથ, ભૂમિ, ઘર, કન્યા તથા કપિલા ધેનુ એ દશ મહાદાન કહેવાય છે.

दुर्लभं त्रयमेवैत देवानु ग्रह हेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महा पुरुष संश्रयः ॥

મનુષ્યપણું મોક્ષની ઇચ્છા અને મહાત્મા પુરૂષોનો આશ્રય એ ત્રણ પદાર્થો દુર્લભ છે. એઓ ઈશ્વરના અનુગ્રહથીજ મળે છે.

इष्टापूर्तं तु कर्तव्यं ब्राह्मणेन प्रयत्नतः ।
इष्टे न लभते स्वर्गं पूर्ते मोक्षं समश्नुते ॥

ઇષ્ટાપૂર્ત બ્રાહ્મણોને અવશ્ય કરવું જોઇએ, ઇષ્ટથી સ્વર્ગને પૂર્તથી મોક્ષ મળે છે.

वित्तापेक्षं भवे दिष्टं तडागं पूर्त मुच्यते ।
आरामश्च विशेषेण देवद्रोण्य स्तथैवच ॥

દ્રવ્યાનુસાર યજ્ઞ યાગાદિક કરવું તે ઇષ્ટ અને તળાવ આદિ (સ્થળો બંધાવવાં ખોદાવવાં) તે પૂર્ત કહેવાય છે. વિશેષતઃ બાગ બગીચો દેવ દ્રોણી (દેવ તીર્થ અથવા પાણી પાવાનાં સ્થાનકો).

वापी कूप तडागानि देवतायतनानि च ।
पतिता न्युद्धेर यस्तु सपूर्त फल मश्नुते ॥

વાવ, કૂવો, તળાવ અથવા દેવ મંદિર જો પડી ગયાં હોય તેનો જીર્ણોદ્ધાર કરવાવાળાને પૂર્તનું ફળ મળે છે.

संध्या स्नानं जपो होमः स्वाध्यायो देवतार्चनं ।
आतिथ्यं वैश्वदेवं च षट् कर्माणि दिने दिने ॥

સંધ્યા, સ્નાન, જપ, હોમ, સ્વાધ્યાય, દેવતાઓની સેવા, અતિથીનો સત્કાર તથા વૈશ્વદેવ એ છ કર્મોનું બ્રાહ્મણોએ નિત્ય પ્રતિ સેવન કરવું જોઇએ.

वैश्वदेवविहीना ये आतिथ्येन विवर्जिताः ।
सर्वे ते नरकं यांति काकयोनिं व्रजंतिते ॥

જેઓ વૈશ્વદેવ કર્મથી રહિત છે તથાં અતિથીનું સેવન કરતા નથી. તે સઘળા નરકમાં પડે છે; અને અંતે કાગડાની યોનીને પામે છે.

यतये कांचनं दत्त्वा ताम्बूलं ब्रह्मचारिणे ।
चौरेभ्योऽप्यभयं दत्त्वा दातापि नरकं व्रजेत् ॥

સન્યાસીને સુવર્ણ આપનાર, બ્રહ્મચારીને તાંબૂલ આપનાર અને ચોરોને અભય-આશ્રય આપનારા નરકના ગામી થાય છે.

ब्राह्मणस्य मुखं क्षेत्रं निरूषरम कंटकम् ।
वापयेत्सर्वं बीजानि सा कृषिः सर्वकामिका॥
सुक्षेत्रे वापयेद्बीजं सुपात्रे निक्षिपेद्धनम् ।
सुक्षेत्रे च सुपात्रे च यत् क्षिप्तं तन्न नश्यति ॥

બ્રાહ્મણનું મુખ એ ઉષર—ખાર રહિત તથા કાંટા રહિત ક્ષેત્ર છે. એ ખેતરમાં સર્વ પ્રકારનાં બીજ વાવવાં કારણ કે એ ખેતી સર્વ પ્રકારનાં મનવાંછિત ફળોને આપવાવાળી છે. સારાં ખેતરોમાંજ બીજ વાવવાં અને સારાં પાત્રમાંજ દ્રવ્ય વાપરવું, કારણ કે સારાં ખેતરમાં વાવેલાં બીજ અને સુપાત્રમાં વાપરેલું દ્રવ્ય નાશ પામતાં નથી.

कण्डनी पेषणी चुल्ली उदकुम्भी च मार्जनी ।
पंचसूना गृहस्थस्य अहन्यहमि वर्तते ॥

ખાંડણીયું, ઘંટી, ચુલો, પાણીઆરૂં અને ઝાડું એ પાંચ ગૃહસ્થના ઘરમાં હિંસાનાં સ્થાન છે. (તે સ્થળે નિત્ય પ્રતિ હિંસા થયા કરે છે.)

वृक्षान् छित्त्वा महीं भित्त्वा हत्वा तु मृगकीटकान् ।
कर्षकः खलयज्ञेन सर्व पापात् प्रमुच्यते ॥

વૃક્ષોના છેદથી, પૃથ્વી ખોદવાથી અને મૃગાદિક નાનાં મોટાં પશુ પક્ષીઓને ધાન્યની રક્ષા કરતી વેળા મારવાથી જે કાંઇ પાપ થાય છે તે સર્વ પાપોનું નિવારણ ખલ યજ્ઞ વડે (ખળાં ઉપર માગવા આવેલા યાચકોને યથાશક્તિ દાન આપવું તે ખલયજ્ઞ કહેવાય છે) કરીને થાય છે.

योन दद्याद् द्विजातिभ्यो राशिमूल मुपागतः ।
स चौरः स च पापिष्टो ब्रह्मघ्नं तं विनिर्दिशेत् ॥
राज्ञे दत्वा तु षड्भागं देवानां चैकविंशति ।
विप्राणां त्रिंशकं भागं सर्व पापैः प्रमुच्यते ॥

ખળામાં ધાન્યના ઢગલા પાસે યાચના કરવા આવી ઉપસ્થિત થયલા બ્રાહ્મણોને જે કાંઇપણ ભાગ આપતો નથી તે ખેડૂત ચોર, પાપી અને બ્રહ્મહત્યાનાં પાપ કરનારો છે એમ સમજવું.

ઉત્પન્ન થયલા ધાન્યમાંથી છઠ્ઠો ભાગ રાજ્યને આપવો, એકવીશમો ભાગ દેવતાઓના નિમિત્ત કાઢવો અને ત્રીશમો ભાગ બ્રાહ્મણોને માટે કાઢવો એ પ્રમાણે ભાગ કાઢે છે તે ખેતી કરવાથી થતા સર્વ દોષોથી વિમુક્ત થાય છે.

यत्पापं ब्रह्महत्याया द्विगुणं गर्भपातने ।
प्रायश्चित्तं न तस्याः स्यात्तस्यास्त्यागो विधीयते ॥

બ્રહ્મહત્યા કરવાથી જેટલું પાપ છે તેનાથી બમણું પાપ ગર્ભપાત કરવામાં થાય છે; ગર્ભપાત કરનારને છૂટવા માટે કાંઇપણ પાયશ્ચિત્ત (પાપની શુદ્ધિ) નથી. માટે તેવી સ્ત્રીનો ત્યાગ કરી દેવો.

ब्राह्मणा जंगमं तीर्थं तीर्थभूताहि साधवः ।
तेषां वाक्योदकेनैव शुद्ध्यंति मलिना जनाः ॥

બ્રાહ્મણો એ જંગમ તીર્થ છે; અને સાધુઓ સાક્ષાત્ તીર્થરૂપ જ છે વાસ્તે તેમનાં વચનરૂપિ જળવડે કરીને પાપરૂપિ મેલથી મેલા થયલા પુરૂષો પવિત્ર થાય છે

अष्ट वर्षा भवेद्गौरी नव वर्षा तु रोहिणी ।
दश वर्षा भवेत् कन्या अत उर्ध्वं रजस्वला ॥

આઠ વર્ષની બાળા 'ગૌરી' નવ વર્ષની બાળા 'રોહિણી' અને દશ વર્ષની બાળા 'કન્યા', એવી સંજ્ઞાને પ્રાપ્ત થાયછે તે ઉપર એટલે દશ વર્ષ વીત્યા પછી તે રજસ્વલા (રજો દર્શન ન થયું હોય તોપણ) કહેવાય છે.

प्राप्ते तु द्वादशे वर्षे यः कन्यां न प्रयच्छति ।
मासि मासि रजस्तस्याः पिबन्ति पितरः स्वयम् ॥

પુત્રીને બારમું વર્ષ બેસે અર્થાત રજોદર્શન થાય તે છતાં પણ જે પોતાની કન્યાનું વરને કન્યાદાન દેતો નથી, તે પિતા તે કન્યાને મહિને મહિને ઉત્પન્ન થનારાં રજનું પાન કરે છે;

माता चैव पिता चैव ज्येष्ठो भ्राता तथैवच ।
त्रयस्ते नरकं यान्ति दृष्ट्वा कन्यां रजस्वलाम् ॥

કુમારીને રજસ્વલા જોઇને તેનો પિતા, માતા તથા મોટો ભાઇ એ ત્રણે નરકમાં પડે છે.

ग्रामस्थानं यथा शून्यं तथा कूपस्तु निर्जलः ।
यथाहूतमनग्नौ च अमंत्रो ब्राह्मणस्तथा ॥

વસ્તી વિનાનું ગામ, જળ વિનાનો કૂવો અને અગ્નિ વીનાનો હોમ એ જેવાં વિરૂપયોગી છે, તેવો વેદમંત્રવિનાનો બ્રાહ્મણ પણ નિરૂપયોગી જાણવો.

यथा षण्डोऽफलः स्त्रीषु यथा गौरूषराफला ।
यथा वाज्ञेऽफलं दानं तथा विप्रोऽनृचोऽफलः ॥

નપુંસક જેવી રીતે સ્ત્રીને વાસ્તે નિષ્ફળ છે, ઉષર પૃથ્વી, ખેતીને માટે જેવી રીતે નકામી છે, અને મૂર્ખ બ્રાહ્મણોને દાન આપવું જેવી રીતે નિષ્ફળ છે તેવી રીતે વેદની ઋચાઓથી રહિત બ્રાહ્મણ પણ કેવળ નિરૂપયોગી છે.

गोवृषाणां विपत्तौ च यावन्तः प्रेषका जनाः ।
अनिवारयातां तेषां सर्वेषां पातकं भवेत् ॥

ગો પશુને વિપત્તીમાં જોતાં છતાં તેને મરણમાંથી છોડાવવાનો જે પ્રયત્ન કરતા નથી તેઓ સર્વ તેનાં ઘાતના પાપના વિભાગી થાય છે.

इह यो गोबधं कृत्वा प्रच्छादयितुमिच्छति ।
स याति नरकं घोरं कालसूत्रम संशयम् ॥

જે કોઇ ગોવધ કરીને તેને છૂપાવવાની ઇચ્છા કરે છે તે કાલસૂત્ર નામના ઘોર નરકમાં પડે છે.

विमुक्तो नरकात्तस्मान्मर्त्यलोके प्रजायते ।
क्लीबो दुःखी च कुष्ठी च सप्त जन्मनि वै नरः ॥

જ્યારે નરકમાંથી છૂટે છે ત્યારે તે મનુષ્ય લોકમાં સાત જન્મ સૂધી નપુંસક દુઃખી તથા કોઢીઓ થાયછે.

अग्निचित्कपिला सत्री राजा भिक्षुर्महोदधिः ।
दृष्टमात्राः पुनन्त्येते तस्मात्पश्येत्तु नित्यशः ॥

અગ્નિચિત્ (ચયન નામનો યજ્ઞ જેણે કરેલો હોય તે), કપિલા ગાય, સદાવ્રત દેનાર, રાજા, સંન્યાસી અને સમુદ્ર— એ છ દર્શનમાત્રથી જ પવિત્ર કરેછે માટે નિત્યપ્રતિ તેમનું દર્શન કરવું.

गवां शतं सैकवृषं यत्र तिष्ठत्ययंत्रितम् ।
तत्क्षेत्रं दशगुणितं गोचर्म परिकीर्तितम् ॥
ब्रह्महत्यादिभिर्मर्त्यो मनोवाक्काय कर्मजैः ।
एतद्गोचर्मदानेन मुच्यते सर्व पातकैः ॥

બાંધ્યા વિનાની સો ગાયો અને એક બળદ જે ક્ષેત્રમાં સંકડાશ વિના છૂટથી રહી શકે તેના કરતાં દશગણું ક્ષેત્ર હોય તેને ગોચર્મ કહ્યું છે. મન, વાણી અથવા દેહના વ્યાપારવડે કરેલાં બ્રહ્મહત્યાદી સર્વ પાપોમાંથી મનુષ્ય, એટલી ગોચર્મ પરિમાણની ભૂમિનું દાન કરવાથી મુક્ત થાય છે.

वापीकूपतडागाद्यैर्वाजपेयशतैर्मखैः ।
गवां कोटिप्रदानेन भूमिहर्त्ता न शुद्ध्यति ॥

વાવ ખોદાવે, કૂવાઓ કરાવે, તળાવો બનવાવે, સેંકડો વાજપયે યજ્ઞ કરે તથા કરોડો ગાયોનાં દાન કરે તોપણ પરાયી ભૂમિનું હરણ કરનારો શુદ્ધ થતો નથી.

कुटुम्बिने दरिद्राय श्रोत्रियाय विशेषतः ।
यद्दानं दीयते तस्मै तद्दानं शुभ कारकम् ॥

બહોળા કુટુંબવાળાને, દરિદ્રીને અને તેમાં પણ વળી વિશેષે કરીને શ્રોત્રિયને જે દાન આપવામાં આવેછે તે દાન, દેનારનું શુભ કર્તા થાયછે.

गायत्रीरहितो विप्रः शूद्रादप्य शुचिर्भवेत् ।
गायत्रीब्रह्मतत्वज्ञाः संपूज्यन्ते जनैर्द्विजाः ॥

જેને ગાયત્રી મંત્ર આવડતો નથી. તે બ્રાહ્મણ શુદ્રથી પણ હલકો છે. વેદનો સાર જે ગાયત્રી તેને જાણનારા બ્રાહ્મણની સર્વ લોક પૂજા કરેછે.

राजा वेश्या यमश्चाग्निस्तस्करो बालयाचकौ ।
परदुःखं न जानंति अष्टमोग्रामकंटकः ॥

રાજા, વેશ્યા, યમ અગ્નિ, ચોર, બાળક યાચક અને ગ્રામ કંટક એટલે ગામમાં રહી લોકોને દુઃખ દેનાર એટલાં જણ પારકાં દુઃખનો વિચાર કરતાં નથી

आहारनिद्राभयमैथुनानि समानि चैतानि नृणां पशूनाम् ।
ज्ञानं नराणामधिकोविशेषो ज्ञानेन हीना पशुभिः समानाः ॥

ખાવું, ઉંઘવું, ભય અને વિષય સુખ, એટલાં વાનાં મનુષ્ય અને બીજાં પ્રાણીમાં સમાન છે, માત્ર મનુષ્યમાં જ્ઞાન ગુણ અધિકછે, જો મનુષ્યમાં જ્ઞાન ગુણ ન હોય તો પશુ અને મનુષ્ય એ સમાન થઇ જાયછે અર્થાત્ જ્ઞાનરહિત મનુષ્ય પશુ સમાન છે.

यदि रामा यदि च रमा यदि तनयोविनयगुणोपेतः ।
तनये तनयोत्पत्तिः सुरवरनगरे किमाधिक्यम् ॥

જો સદ્દગુણી સ્ત્રી હોય, જો ઇચ્છા પ્રમાણે લક્ષ્મી, મળી હોય, જો પુત્ર વિનય અને ગુણોથી યુક્ત હોય અને પુત્રને ઘેર પણ પુત્રની ઉત્પત્તિ થાય તો આ લોક કરતાં સ્વર્ગ લોકમાં શું વધારે અધિકતાછે ? અર્થાત્ આ લોકજ તેને સ્વર્ગ છે.

दानेन पाणिर्नतु कंकणेन स्नानेन शुद्धिर्नतु चंदनेन ।
मानेन तृप्तिर्नतु भोजनेन ज्ञानेन मुक्तिर्नतु मंडनेन ॥

દાન દેવાથી જેવી હાથને શોભા મળેછે તેવી કડાં પહેરવાથી મળતી નથી. નહાવાથી જેવી શરીરને શુદ્ધિ મળેછે તેવી ચંદન ચોપડવાથી મળતી નથી, માન પામવાથી જેવી મનને તૃપ્તિ મળેછે તેવી ભોજન કરવાથી મળતી નથી. અને જ્ઞાનથી મુક્તિ મળેછે પણ ખોટો આડંભર રાખી વસ્ત્રાભરણ ધારણ કરવાથી મળતી નથી.

पत्युराज्ञां विना नारी उपोष्य व्रतचारिणी ।
आयुष्यं हरते भर्त्तुः सा नारी नरकं व्रजेत् ॥

પોતાના પતિની આજ્ઞા વિના જે સ્ત્રી ઉપવાસ વ્રત વ-

ગેરે કરે છે તે પોતાના પતિનાં આયુષ્યનું હરણ કરેછે અને પોતે નરકમાં જાય છે માટે સ્ત્રીએ જે કાંઇપણ સત્કર્મો કરવાં તે પતિની આજ્ઞા લઇ કરવાં.

तक्षकस्य विषं दंते मक्षिकायाः विषं शिरे ।
वृश्चकस्य विषं पुच्छे सर्वांगे दुर्जनो विषम् ॥

સર્પના દાંતમાંજ વિષ રહેછે, માખીઓના માથામાં વિષ રહેછે, વીંછીના પૂછડામાં વિષ રહેછે અને દુર્જન તો સર્વ અંગમાં વિષયુક્ત છે. અર્થાત્ સર્વ પ્રાણી કરતાં દુર્જનમાં વિષ અધિકછે માટે તેનો સ્પર્શ પણ ન કરવો.

अशक्तस्तु भवेत्साधु र्ब्रह्मचारी च निर्द्धनः ॥
व्याधिष्टो देवभक्तश्च वृद्धा नारी पतिव्रता ॥

ઘણાંખરાં મનુષ્યો કામ કરવાને અશક્ત થાય ત્યારે સાધુ થાયછે. નિર્ધન થઈ જાય ત્યારે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરેછે, અને રોગથી ઘણા પીડિત થાય ત્યારે દેવતાના ભક્ત થાયછે તથા સ્ત્રી જયારે વૃદ્ધાવસ્થાવાળી અશક્ત થાય ત્યારે પતિવ્રત ધારણ કરેછે. અર્થાત્ એ કાંઇ ખરેખરૂં સાધુપણું બ્રહ્મચર્ય દેવ ભક્તિ અને પતિવ્રત કહેવાતાં નથી.

जन्म जन्म यदभ्यस्तं दान मध्ययनं तपः ।
तेनैवाभ्यासयोगेन देही चाभ्यस्यते पुनः ॥

જન્મ જન્મ પ્રતિ જે દાન, અધ્યયન, અને તપનો અભ્યાસ કરેલો છે તેજ અભ્યાસના સંયોગથી બીજા જન્મોમાં

પણ ફરી ફરીને અભ્યાસ કરવામાં જીવને રૂચિ જોડાય છે. અર્થાત્ પૂર્વ જન્મના સસ્કારો ઉત્તરોત્તર જન્મમાં પ્રેરક થાયછે.

संसारकटुवृक्षस्य द्वे फले अमृतोपमे ।
सुभाषितं च सुस्वादु संगतिः सुजने जने ॥

આ સંસાર કડવાં વૃક્ષ સરખોછે પરંતુ તેનાં બે ફ્લો અમૃત સમાનછે એક તો રસયુક્ત મધુર ભાષણ અને બીજું સત્પુરૂષોની સંગતિ.

धनेषु जीवितव्येषु स्त्रीषु चाहार कर्मसु ।
अतृप्ताः प्राणिनः सर्वे यातायास्यंति यांति च ॥

ધનમાં, આયુષ્યમાં, સ્ત્રીમાં, અને આહાર કરવામાં કોઇ દિવસ કોઇ પ્રાણીઓ તૃપ્તી પામી ગયાં નથી, પામતાં નથી અને પામશે પણ નહિ, અર્થાત્ એ વિષયોની તૃષ્ણા પ્રાણીમાત્રને નિરંતર રહ્યા કરેછે માટે ખરૂં જ્ઞાન તો એજ છે કે તે પદાર્થોની તૃષ્ણા છોડી ઇશ્વર ભજનમાં મનોવૃત્તિ લગાડવી.

न निर्मिता केन न दृष्ट पूर्वा न श्रूयते हेममयी कुरंगी ।
तथापि तृष्णा रघुनंदनस्य विनाशकाले विपरीत बुद्धिः ॥

પૂર્વે કોઇએ સોનાની મૃગલી રચેલી નહોતી તેમ કોઇએ દીઠી પણ નહોતી અને સાંભળવામાં પણ આવી નહોતી, તેમ છતાં રામચંદ્રજીને તે મેલવવાની ઈચ્છા થઇ, (આથી એમ અનુમાન થાય છે કે) જ્યારે વિનાશ સમય આવનાર હોય ત્યારે મહાન પુરૂષની બુદ્ધિ પણ વિપરીત થાય છે.

बंधनानि खलुसंति बहूनि प्रेमरज्जुकृत बंधन मन्यत् ।
दारुभेद निपुणोऽपि षडंघ्रि र्निष्क्रियोभवति पंकजकोशे ॥

આ સંસારમાં પ્રાણીને બંધનકર્તા ઘણા પદાર્થો છે, પરંતુ પ્રેમરૂપ દોરડીનું બંધન સર્વ કરતાં જૂદા પ્રકારનું છે. (કારણ કે બીજાં બંધનોથી છૂટી શકાય છે પણ પ્રેમ બંધનથી છૂટાતું નથી.) "દૃષ્ટાંત" ભમરો લાકડાંને કોતરીને તેમાંથી નીકળી જવાને સમર્થ છે પણ તેજ ભમરો કમળના કોશને કોતરીને (પ્રેમબંધનને લીધે) બહાર નીકળવા સમર્થ થતો નથી.

दूरागतं पथि श्रांतं वृथा च गृहमागतम् ।
अनर्चयित्वा योभुंक्ते सवै चांडाल उच्यते ॥

દૂરથી આવેલ, રસ્તાના શ્રમથી શ્રમિત થયેલ, અને અનાયાસે ઘેર આવી ચડેલ, એવા અતિથિને દાન સન્માને અને ભોજનાદિકથી પ્રસન કર્યા વિના જે મનુષ્ય ભોજન કરે છે તે ચાંડાળ સમાન ગણાય છે.

मणिर्लुंठति पादाग्रे काचः शिरसि धार्यते ।
क्रयविक्रयवेलायां काचःकाचोमणिर्मणिः ॥

કોઇ મૂર્ખ મનુષ્ય વગર પરિક્ષાથી મણિને પગમાં લટકાવે અને કાચને માથા ઉપર ધરે તેથી કંઇ મણીમાં તુચ્છતા કે કાચમાં મહત્વતા આવતી નથી તેની પરિક્ષા તો કોઇ ઝવેરીની પાસે વેચવા સાટવા સમયે થાય છે અને તેજ સમયે કાચ તે કાચનુંજ અને મણિ તે મણિનું મૂલ્ય પામેછે.

अयुक्त स्वामिनोयुक्तं युक्तं नींचस्य दूषणम् ।
अमृतं राहवे मृत्युर्विषं शंकर भूषणम् ॥

અયોગ્ય વસ્તુ હોય તોપણ સમર્થ પુરૂષોના સંબંધમાં આવી યોગ્ય થાય છે અને યોગ્ય વસ્તુ હોય તોપણ નીચ પુરૂષના સંબંધમાં આવી દૂષણરૂપ થાય છે. જેમ અમૃત ઉત્તમ વસ્તુ છતાં રાહુને મૃત્યુનું હેતું થયું અને વિષ અયોગ્યવસ્તુ છતાં શંકરે ધારણ કર્યું તો અલંકારરૂપ ગણાયું.

अन्यायोपार्जितं द्रव्यं दश वर्षाणि तिष्टति ।
प्राप्ते एकादशे वर्षे समूलं च विनश्यति ॥

અનીતિથી છળ કપટ કરીને મેળવેલું ધન દશ વર્ષ સૂધી રહેછે, જો અગિયારમા વર્ષનો આરંભ થયો તો આગળનું ધર્મથી મેળવેલું ધન હોય તે સહિત, અનીતિથી મેળવેલું ધન વિનાશ પામે છે.

खलानां कंटकानां च द्विविधैव प्रतिक्रिया ।
उपानन्मुखभंगोवा दूरतोवा विसर्जनम् ॥

ખળ પુરૂષો અને કાંટા એનું બે રીતીથી નિવારણ થઇ શકે છે, એક તો જોડાથી મોઢું ભાંગી નાંખવું, અથવા દૂરથી તેનો ત્યાગ કરવો.

यस्य चित्तं द्रवीभूतं कृपया सर्व जंतुषु ।
तस्य ज्ञानेन मोक्षेण किं जटा भस्म लेपने ॥

જેનું ચિત્ત સર્વ પ્રાણી ઉપર દયાથી નિરંતર પીગળેલું

રહે છે એવા પુરૂષને જ્ઞાનથી, મોક્ષથી, જટા વધારવાથી કે ભસ્મ લેપન કરવાથી શું ફલ થવાનું છે? મતલબ કે સર્વ પ્રાણીને પોતાના સમાન ગણી તેમના પર દયા કરવી તેના સમાન બીજું કોઇ ઉત્કૃષ્ટ સાધન નથી.

सुसिद्ध मौषधं धर्मं गृहछिद्रं च मैथुनम् ।
कुभुक्तं कुश्रुतं चैव मतिमान्न प्रकाशयेत् ॥

સિદ્ધ કરેલું ઔષધ, ધર્મ પોતાના ઘરનું છિદ્ર, મૈથુન, નઠારૂં ખાધેલું અન્ન અને નિંદિત વચન સાંભળેલું. એટલાં વાનાં બુદ્ધિમાન પુરૂષે પ્રગટ ન કરવાં.

त्यज दुर्जन संसर्गं भज साधु समागगम् ।
कुरु पुण्यमहोरात्रं स्मर नित्यमनित्यतः ॥

હે મનુષ્ય! દુર્જનનો સંગ છોડી દે, અને મહાત્મા પુરૂષોનો સમાગમ કર, રાત્રિ દિવસ સત્કર્મ કર, અને દેહ, ગૃહ. સ્ત્રી પુત્રાદિક સંસારના સાર રહિત પદાર્થોમાંથી પ્રીતિને નિરંતર છોડી, નિત્ય અનાદિ, એક અચલ, અને વ્યાપક પરમાત્માનું નિરંતર સ્મરણ કર.

यदीच्छसि वशीकर्तुं जगदेकेन कर्मणा ।
पुरा पंच दशास्यभ्योगां चरंतीं निवारय ॥

હે મનુષ્ય! જો તું તારા એક જ સત્કર્મથી જગતને વશ કરવાને ઇચ્છતો હોય તો પહેલવહેલો પંદર મુખ દ્વારે ભ્રમણ કરતું તારૂં મન તેનું નિવારણ કર. તાત્પર્ય કે શબ્દ,

સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચ વિષય; અને તે વિષયને ગૃહણ કરવાવાળી કાન, ત્વચા, ચક્ષુ, જીંહ્વા ને નાસિકા એ પાંચ જ્ઞાનેંદ્રિયો તથા વાણી, હાથ, પગ, ગુદા અને શિશ્ન, એ પાંચ કર્મેદ્રિયો એ પંદર દ્વારે ફરતું મન તેને તે દ્વારો-માંથી અટકાવી પરમાત્માના ચિંતનમાં લગાડ.

अग्निराप: स्त्रियोमूर्खः सर्पोराज कुलानि च ।
नित्यं यत्नेन सेव्यानि सद्यः प्राणहराणि षट् ॥

અગ્નિ જળ, સ્ત્રી, મૂર્ખ, સર્પ અને રાજાનું કુળ એ છને નિરંતર સાવધપણું રાખી સેવવાં (જો તેમ ન કરતાં પ્રમાદ કરવામાં આવે તો) તત્કાળ પ્રાણ હરે છે.

दाने तपसि शौर्ये वा विज्ञाने विनये नये ।
विस्मयोनहि कर्तव्यो बहु रत्ना वसुंधरा ॥

દાનમાં, તપમાં, પરાક્રમમાં, વિજ્ઞાનમાં અને નીતિમાં (કોઇપણ પુરૂષને કુશળ જોઇ) વિસ્મય ન કરવો. કારણ કે પૃથ્વી બહુ રત્ન ઉત્પન્ન કરવાવાળી છે.

धर्माख्याने श्मशाने च रोगिणां या मतिर्भवेत् ।
सा सर्वदैव तिष्ठेच्चेत् कोन मुच्येत बंधनात् ॥

ધર્મ વિષયની કથા શ્રવણ કરતી વખતે, શ્મશાનમાં અને રોગથી દુઃખિત થતાં મનુષ્યોને, જેવી બુદ્ધિ ઉત્પન્ન થાયછે; તેવીજ બુદ્ધિ જો સર્વદા રહેતી હોય તો આ સંસારના બંધનથી કોણ ન મૂકાય ? સર્વે મૂકાય.

जले तैलं खले गुह्यं पात्रे दानं मनागपि ।
प्राज्ञे शास्त्रं स्वयं याति विस्तारं वस्तु शक्तितः ॥

જળમાં તેલ, ખળને વિષે રહેલી કોઇની છાની વાત, સત્પાત્રને આપેલું દાન અને બુદ્ધિમાન પુરૂષમાં રહેલું શાસ્ત્ર વિજ્ઞાન, એટલાં વાનાં થોડાં હોય તોપણ પોતાની શક્તિથી સ્વભાવિક રીતે વિસ્તાર પામે છે.

पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही ।
एतत् सर्वं पुनर्लभ्यं न शरीरं पुनः पुनः ॥

ધન, મિત્ર, સ્ત્રી અને પૃથ્વી, એટલા પદાર્થોનો નાશ થઇ જાય તોપણ ફરી ફરી જડે છે. પરંતુ આ શરીરનો નાશ થયા પછી ફરી ફરી મળતું નથી. મતલબ કે સર્વ ઉપાયથી શરીરનું સંરક્ષણ કરવું.

युगांते प्रचलन्मेरुः कल्पांते सप्त सागराः ।
साधवः प्रतिपन्नार्थान्न चलंति कदाचन ॥

યુગના અંતમાં મેરૂ પર્વત પણ ચલાયમાન થાયછે. અને જગતના પ્રલયની વખતે સાત સમુદ્રો પણ ચલાયમાન થાય છે, પરંતુ મહાત્મા પુરૂષો પોતે સ્વીકારેલી વાતથી કદીપણ ચલાયમાન થતા નથી.

संतोष स्त्रिषु कर्त्तव्यः स्वदारे भोजने धने ।
त्रिषु चैव न कर्त्तव्योऽध्ययने जपदानयोः ॥

મનુષ્યે પોતાની સ્ત્રીમાં, ભોજનમાં અને ધનમાં એ ત્રણ

વસ્તુમાં સંતોષ રાખવો. પણ ભણવું, પરમેશ્વરનું નામ જપવું, અને દાન દેવું એ ત્રણ બાબતમાં કદી પણ સંતોષ ન કરવો ?

यथा धेनु सहस्रेषु वत्सोगच्छति मातरम् ।
यथा यच्च कृतं कर्म कर्त्तारमनु गच्छति ॥

જેમ હજારો ગાયોના ટોળામાંથી વાછરડું પોતાની માને ગોતી કહાડી તેનીજ પાસે જાય છે તેમ કરેલું સુકૃત અથવા દુષ્કૃત કરનારનેજ પાછળ જઇ રૂળ દે છે.

देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥

દેહમાં હુંપણું જતું રહ્યા પછી, અને પરમાત્માનું યથાર્થરૂપ જાણ્યા પછી, જયાં જયાં મન જાય છે ત્યાં ત્યાં મહાત્મા પુરૂષોને સમાધિ (બ્રહ્માકાર નિરાવરણ વૃત્તિ) ઉત્પન્ન થાય છે

बंधाय विषयासक्तं मुक्तयै निर्विषयं मनः ।
मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः ॥

વિષયમાં આસક્ત મન સંસારના બંધનનું કારણ છે, અને વિષયમાં આસક્તિ રહીત મન મોક્ષ એટલે સંસારના બંધનથી છૂટવાનું કારણ છે, તેથી મનજ મનુષ્યોને બંધ મોક્ષનું કારણ છે.

धर्मार्थकाममोक्षाणं यस्यै कोऽपि न विद्यते
अजागलस्तनस्येव तस्य जन्म निरर्थकम् ॥

આ જગતમાં જન્મીને ધર્મ, અર્થ, કામ, મોક્ષ, એ ચાર પુરૂષાર્થમાંથી એક પણ જેણે સંપાદન ન કર્યો તેનું જીવતર બકરીના ગળાના આંચળની પેઠે નિરર્થક છે. અર્થાત તેનું જીવિત વૃથા જાય છે.

आयुः कर्म च वित्तं च विद्या निधनमेवच ।
पंचैतानि च सृज्यंते गर्भस्थस्यैव देहिनः ॥

આયુષ, કર્મ, ધન, વિદ્યા અને મૃત્યુ, એ પાંચ વસ્તુ જ્યારે જીવાત્મા માતાના ગર્ભમાં સ્થિત હોય છે ત્યારે વિધાતા નિર્માણ કરે છે.

मुहूर्त्तमपि जीवेच्च नरः शुक्लेन कर्मणा ।
न कल्पमपि कष्टेन लोकद्वय विरोधिना ॥

સારૂં કર્મ કરીને મનુષ્ય બે ઘડી પણ જીવે તે શ્રેષ્ટ છે, પરંતુ આ લોક તથા પરલોકનાં વિરોધી દુષ્કર્મ કરી એક કલ્પ સૂધી જીવવું પણ દુઃખતર છે.

धनधान्य प्रयोगेषु विद्या संगहणे तथा ।
आहारे व्यवहारे च त्यक्तलज्जः सुखी भवेत् ॥

ધન ધાન્યના વ્યવહારમાં, વિદ્યા સંપાદન કરવામાં, જમવામાં અને વ્યવહુરાદિક કાર્યમાં શરમનો ત્યાગ કરનાર સુખી થાય છે.

नाहारं चिंतयेत् प्राज्ञो धर्ममेकं हि चिंतयेत् ।
आहारोहि मनुष्याणां जन्मना सह जायते ॥

પંડિત પુરૂષે આહારની ચિંતા ન કરવી, પરંતુ એક ધર્મનું ચિંતન કરવું કેમકે આહાર તો મનુષ્ય જન્મે છે ત્યારથીજ ઉત્પન્ન થાયછે.

विद्या मित्रं प्रवासे च भार्या मित्रं गृहेषु च ।
व्याधिस्थस्यौषधं मित्रं धर्मोमित्रं मृतस्य च ॥

પ્રવાસમાં વિદ્યા મિત્રની પેઠે સહાય કરેછે, ઘરમાં સ્ત્રી મિત્ર ગણાય છે. રોગી પુરૂષને ઐાષધ મિત્રની પેઠે હિતરૂપ છે અને મરનાર પુરૂષને ધર્મ મિત્રની પેઠે શ્રેય કર્ત્તા છે.

मातृवत् परदारांश्च परद्रव्याणि लोष्टवत् ।
आत्मवत् सर्वभूतानि यः पश्यति सपश्यति ॥

પર સ્ત્રીને માતા સમાન, પર દ્રવ્યને ધૂળના ઢેફા સમાન, અને સર્વ પ્રાણીને પોતાની સમાન જે જુવે છે તેજ જોનાર છે, બીજા અંધ સમાન છે.

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः कर्त्तव्यो धर्म संग्रहः ॥

શરીર ક્ષણભંગુર છે, સાંસારિક સુખ કંઇ નિરંતર રહેતું નથી અને મૃત્યુ તો સર્વદા પાસે રહે છે, માટે સુજ્ઞ પુરૂષે ધર્મનો સંગ્રહ કરવો.

विप्रास्मिन्नगरे महान् वसति कस्तालकुमाणां गणः ।
को दाता रजको ददाति वसनं प्रातर्गृहीत्वा निशि ॥

को दक्षः परदारवित्तहरणे सर्वोऽपि दक्षोजनः ।
कस्माज्जीवसि हे सखे विषकृमिन्यायेन जीवाम्यहम् ॥

કોઇ એક પ્રવાસી મનુષ્યે એક બ્રાહ્મણને પૂછ્યું કે હે બ્રાહ્મણ ! આ શહેરમાં કોઈ મોટો પુરૂષ રહે છે? બ્રાહ્મણ-તાડનાં ઝાડનો ગણુ મોટો છે. પ્રવાસી-દાતા-(દાન દેવાવાળો) કોઈ છે? બ્રાહ્મણ-હા ધોબી છે, તે સવારમાં લૂગડાં ધોવા સારૂ લઈ જાયછે અને સાંઝે પાછાં આપી જાયછે. પ્રવાસી-કોઇ ડાહ્યો માણસ છે? બ્રાહ્મણ-હા, પારકી સ્ત્રી અને પરધન હરણ કરવામાં સર્વે ડાહ્યા છે. પ્રવાસી-આવા ગામમાં તું કેવી રીતે જીવે છે? બ્રાહ્મણ-જેમ ઝેરનો જીવ ઝેરમાં જીવે છે તેમ હું પણ આ ગામમાં જીવું છું, અર્થાત્ કાળક્ષેપ કરૂંછું.

साधुनां दर्शनं पुण्यं तीर्थ भूताहि साधवः ।
कालेन फलति तीर्थं सद्यः साधु समागमः ॥

સત્પુરૂષોનાં દર્શનજ પુણ્યરૂપ છે, કારણ કે સાધુ પુરૂષો પોતેજ તીર્થરૂપ છે. કેમકે તીર્થ તો સમય વીત્યે ફળદાતા થાયછે પરંતુ સાધુનો સમાગમ તો તત્કાળ ફળ આપેછે. અર્થાત્ સાધુસમાગમ તીર્થ કરતાં શ્રેષ્ટ ફળ દાતા છે.

पत्रं नैव यदा करीरविटपे दोषो वसंतस्य किम् ।
नोलूकोऽप्यवलोकते यदिदिवा सूर्यस्य किं दूषणम् ॥
वर्षानैव पतंति चातक मुखे मेघस्य किं दूषणम् ।
यत्पूर्वं विधिना ललाट लिखितं तन्मार्जितुं कः क्षमः ॥

કેરડાના ઝાડને પાંદડાં થતાં નથી તેમાં વસંત ઋતુનો શો દોષ ? ઘૂવડપક્ષી દિવસે દેખી શકતું નથી તેમાં સૂર્યનો શો દોષ ? અને બપૈયાના મૂખમાં વરસાદનું જળ ન પડે તેમાં વર્ષા ઋતુનો શો દોષ ? અર્થાત્ કોઇનો દોષ નથી પણ પ્રથમથીજ વિધાતાએ જે લલાટમાં લખી રાખ્યું છે તે ટાળવાને કોણ સમર્થ છે ?

हस्तौ दानविवर्जितौ श्रुतिपुटौ सारस्वत द्रोहिणौ ।
नेत्रे साधु विलोकनेन रहिते पादौ न तीर्थं गतौ ॥
अन्यायार्जितवित्तपूर्ण मुदरं गर्वेण तुंगं शिरो ।
रे रे जंबुक ! मुंच मुंच सहसा नीचस्य निंद्यं वपुः ॥

જેના હાથ દાન રહીત છે, કાન વેદશાસ્ત્રના વિરોધી છે, નેત્ર સત્પુરૂષોનાં દર્શન રહિત છે, પગ તીર્થયાત્રામાં ગયા નથી, જેણે અનીતિ કરી દ્રવ્ય ભેળું કરી પેટ ભરેલું છે, અને જેનું માથું અહંકારને લીધે કદી કોઇને નમ્યુંજ નથી એવા નીચ પુરૂષનું નિંદા કરવાયોગ્ય શરીરે હે શીયાલ ! તું પણ ભક્ષણ ન કરતાં છોડી દેજે. અર્થાત્ એવા પુરૂષના શરીરનું ભક્ષણ કરી તું પણ દોષિત થઇશ.

कलौ दश सहस्राणि हरिस्त्यजति मेदिनीम् ।
तदर्द्धं जान्हवीतोयं तदर्द्धं ग्रामदेवता ॥

કળીયુગનાં દશહજાર વર્ષ ગયા પછી વિષ્ણુ પૃથ્વીનો ત્યાગ કરે છે, પાંચહજાર વર્ષ ગયાં પછી ગંગા નદીના જ-

ળનું માહાત્મ્ય જાય છે, અને અઢીહજાર વર્ષ ગયા પછી ગ્રામ દેવતાનું માહાત્મ્ય ઘટે છે.

गृहासक्तस्य नो विद्या नो दया मांसभोजिनः ।
द्रव्यलुब्धस्य नो सत्यं स्त्रैणस्य न पवित्रता ॥

ઘરમાં પ્રીતિ રાખનારને વિદ્યા પ્રાપ્ત થતી નથી, માંસાહારી મનુષ્યને દયા હોતી નથી, દ્રવ્યના લોભીને સત્યતા ગમતી નથી અને વ્યભિચારીને પવિત્રતા પ્રાપ્ત થતી નથી.

न दुर्जनः साधु दशामुपैति बहु प्रकारैरपि शिक्ष्यमाणः
आमूलसिक्तः पयसा घृतेन न निम्बवृक्षो मधुरत्वमेति ॥

ઘણા પ્રકારે બોધ આપવાથી પણ દુર્જન હોય તે સાધુતા પકડતો નથી, જેમ મૂળથી માંડીને પાંદડાં સૂધી દૂધ અને ઘીથી સિંચન કરતાં છતાં પણ લીમડાનું ઝાડ પોતાની કડવાશનો ત્યાગ કરી મધુરતા મેળવતું નથી.

एकाहारेण संतुष्टः षट् कर्म निरतः सदा ।
ऋतुकालाभि गामि च सविप्रो द्विज उच्यते ॥

એક વખત ભોજન કરી સંતુષ્ટ રહેનાર, ષટ્ કર્મમાં (ભણવું ભણાવવું, યજ્ઞ કરવો કરાવવો, દાન દેવું લેવું) નિરંતર પ્રીતિ રાખનાર અને ઋતુ સમયે સ્રીનો સંગ કરનાર જે બ્રાહ્મણ તે દ્વિજ કહેવાય છે.

लौकिके कर्माणि रतः पशूनां परिपालकः ।
वाणिज्यकृषिकर्मा यः सविप्रो वैश्य उच्यते ॥

સાંસારિક કર્મોમાં પ્રીતિવાળો, પશુઓનું પરિપાલન કરનાર, વ્યાપારતથા ખેતી કરનાર જે બ્રાહ્મણ તે વૈશ્ય કહેવાયછે.

सानंदं सदनं सुतास्तु सुधियः कांता प्रियालापिनी ।
इच्छापूर्ति धनं स्वयोषिति रतिःस्वाज्ञापराः सेवकाः ॥
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे ।
साधोः संगमुपासते च सततं धन्योगृहस्थाश्रमः ॥

જો આ લોકમાં મનુષ્યને આનંદયુક્ત ઘર મળે, સારી બુદ્ધિવાળા પુત્રો હોય, મધુર ભાષિણી સ્ત્રી હોય, ઇચ્છાને અનુસાર દ્રવ્ય મળે, પોતાની સ્ત્રીમાંજ પ્રીતિ રહે, સેવકો આજ્ઞા પ્રમાણે વર્તનાર હોય, નિત્યપ્રતિ અતિથીની સેવા અને શીવપૂજન થતું હોય તથા પોતાના ઘરમાંજ સારૂં અન્ન જળ મળતું હોય અને નિરંતર સત્પુરૂષોનો સમાગમ થતો હોય તો ગૃહસ્થાશ્રમ ધન્યરૂપ છે.

दातृत्वं प्रियवक्तृत्वं धीरत्वमुचितज्ञता ।
अभ्यासेन न लभ्यंते चत्वारः सहजा गुणाः ॥

ઉદારતા, પ્રિય બોલવું, ધીરતા અને સમયસૂચકતા એ અભ્યાસથી પ્રાપ્ત થતાં નથી, પરંતુ એ ચાર ગુણો સ્વભાવિક રીતે મળે તેવા છે. અર્થાત્ સ્વભાવ સાથેજ ઉત્પન્ન થાયછે.

एकवृक्षसमारूढा रात्रौ नानाविहंगमाः ।
प्रभाते दिक्षु दशसु का तत्र परिवेदना ॥

રાત્રીએ, એક વૃક્ષ ઉપર અનેક પ્રકારનાં પક્ષીઓ ભેળાં

આવછે તે સવારે સર્વ દિશા તરફ ઉડી જાય છે, તેનો શોક શો કરવો ? અર્થાત્ આ જગતમાં કર્માનુસાર અનેક સંખ્યિઓ ભેગા થાયછે અને પોતાને મળેલાં આયુષ પ્રમાણે જીવી દૈવ ઇચ્છાથી છૂટાં પડે છે તેનો શોક શો કરવો ?

विप्रोवृक्षस्तस्य मूलं च संध्या वेदः शाखा धर्मकर्माणि पत्रम् ।
तस्मान्मूलं यत्नतोरक्षणीयं छिन्ने मूले नैव शाखा न पत्रम् ॥

બ્રાહ્મણ રૂપ એક વૃક્ષ છે. તે વૃક્ષનું મૂળ સંધ્યા છે, વેદ તેની ડાળો છે, ધર્મ અને કર્મ તેનાં પાતરાં છે, માટે પ્રયત્ને કરીને આ સંધ્યારૂપ મૂળનું સર્વદા રક્ષણ કરવું (અર્થાત્ બ્રાહ્મણે નિત્ય સંધ્યા કરવી) મૂળને કાપી નાંખવાથી ઝાડ, શાખા તથા પાતરાંનો નાશ થશે (સંધ્યા ન કરવાથી બ્રાહ્મણત્વ અને વેદાદિ સત્કર્મનો નાશ થશે.)

आप्तद्वेषाद्भवेन्मृत्युः परद्वेषाद्धनक्षयः ।
राजद्वेषाद्भवेन्नाशो ब्रह्मद्वेषात्कुलक्षयः ॥

મોટા પુરૂષનો દ્વેષ કરવાથી મૃત્યુ થાય છે. અર્થાત્ ઘણું દુ:ખ થાય છે. શત્રુની સાથે દ્વેષ રાખવાથી ધનનો ક્ષય થાય છે, રાજાની સાથે દ્વેષ કરવાથી સર્વનો નાશ થાય છે અને બ્રાહ્મણની સાથે દ્વેષ કરવાથી કુળનો ક્ષય થાય છે, અર્થાત્ દ્વેષ કરવાથી કંઇ લાભ નથી.

दुर्जनं सज्जनं कर्त्तु मुपायोन हि भूतले ।
अपानं शतधा धौतं न श्रेष्ठामिंद्रियं भवेत् ॥

દુર્જનને સજ્જન કરવાનો ઉપાય આ પૃથ્વી ઉપર નથી. જેમ ગુહ્ય ઇંદ્રિયને સોવાર ધોવાથી પણ પવિત્ર ઇંદ્રિયની સાથે સમાનતા મેળવતું નથી તેમ નઠારો મનુષ્ય કોઇરીતે સારા ગુણવાળો થતો નથી.

पस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ।
लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति ॥

જેને સ્વભાવિક બુદ્ધિ નથી તેને શાસ્ત્રના બોધથી શું ફળ થવાનું ? જેમ આંધળા મનુષ્યની સામે દર્પણ ધરીએ તેનો તેને કશો પણ ઉપયોગ નથી તેમ બુદ્ધિરહિત પુરૂષને જ્ઞાન દેવું તે નિષ્ફળ છે.

येषां न विद्या न तपो न दानं न चापि शीलं न गुणो न धर्मः।
ते मृत्युलोके भुवि भारभूता मनुष्यरूपेण मृगाश्चरंति ॥

આ જગતમાં જન્મ ધરીને જે મનુષ્યે વિદ્યા સંપાદન ન કરી, તપ ન કર્યું, દાન ન દીધું શીળ ન પાળ્યાં, ગુણ ન મેળવ્યા અને ધર્મ પણ સંપાંદન ન કર્યો; તે આ મૃત્યુ લોકમાં અવતરીને કેવળ પૃથ્વીને ભાર દેવાવાળો છે અને મનુષ્યાકૃતિ મૃગ પશુની પેઠે ગતિ કરે છે.

लुब्धानां याचकः शत्रुर्मूर्खाणां बोधको रिपुः ।
जारस्त्रीणां पतिः शत्रुश्चौराणां चंद्रमा रिपुः ॥

લોભી મનુષ્યને માગનાર શત્રુ જેવો લાગે છે, મૂર્ખ મનુષ્યને બોધદાતા શત્રુ જેવો લાગે છે, વ્યભિચારિણી સ્ત્રીને પો-

તાસ્નો પતિ શત્રુ સરખો લાગે છે અને ચોરને ચંદ્રમા શત્રુ સરખો લાગે છે.

रंकं करोति राजानं राजानं रंकमेवच ।

धनिनं निर्धनं चैव निर्द्धनं धनिनं विधिः ॥

વિધાત્તા (પરમેશ્વર) ગરીબને રાજા અને રાજાને ગરીબ બનાવે છે માટે તે ક્રોધવાન થાય તો ધનવાનને નિર્ધન અને પ્રસન્ન થાય તો નિર્ધનને ધનવાન કરવાને સમર્થ છે.

इक्षुदंडास्तिलाः शूद्राः कांता कांचनमेदिनी ।

चंदनं दधि तांबूलं मर्दनं गुणवर्धनम् ॥

શેરડી, તલ, શૂદ્ર, સ્ત્રી, સોનું પૃથ્વી, ચંદન, દહીં અને નાગરવેલનાં પાન એટલાં વાનાંનું જેમ જેમ મર્દન કરીએ તેમ તેમ અધિક અધિક ગુણ દેવાવાળાં થાયછે. માટે તેનું વધારે મર્દન કરવું.

निर्विषेणापि सर्पेण कर्तव्या महती फणा ।

विषमस्तु न चाप्यस्तु फटाटोपो भयंकरः ॥

વિષ રહિત સર્પે પણ લોકોને ભય ઉત્પન્ન કરવા સારૂ, પોતાની ફેણ પહોળી કરવી યોગ્ય છે, કેમકે વિષ હોય અ-થવા ન હોય પણ આડંબર ભય ઉત્પન્ન કરે છે. તાત્પર્ય કે મનુષ્યે છેકજ સરલપણું ન રાખતાં કંઇક દંભ રાખવો,

विद्यार्थी सेवकः पांथः क्षुधार्त्तो भयकातरः ॥

भांडारी प्रतिहारी च सप्त सुप्तान् प्रबोधयेत् ।

વિદ્યાર્થી, સેવક, પ્રવાસ કરનાર, ભૂખથી પીડાએલ, ભયથી દુઃખી, દ્રવ્યનો રક્ષક અને બારણા આગળ ચોકી કરનાર; એ સાત જણને ઉંઘતા જોઇને જાગૃત કરવા.

अहिं नृपं च शार्दूलं वृटीं च बालकं तथा ।
परश्वानं च मूर्खं च सप्त सुप्तान् न बोधयेत् ॥

સર્પ, રાજા, વાઘ, બૃટી નામનો જીવ, બાલક, બીજાનો કૂતરો અને મૂર્ખ મનુષ્ય એ સાત જણને સૂતાં હોય તો જાગૃત ન કરતાં પણ સુવા જ દેવાં.

मुक्तिमिच्छसि चेत्तात विषयान् विषवत् त्यज ।
क्षमार्जवदयातोषसत्यं पीयूषवद्भज ॥

હે ભાઇ ! મુક્તિ મેળવવાની તમને ઇચ્છા હોય તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસને ગંધ, એ પાંચ વિષયને, વિષ સમાન દુઃખદાયક છે એમ જાણી છોડી દો. અને ક્ષમા, આર્જવ, દયા, સંતોષ અને સત્ય એ સદ્ગુણોનું અમૃતની પેઠે સેવન કરો.

रूपयौवनसंपन्ना विशालकुलसंभवाः ।
विद्याहीना न शोभंते निर्गंधा इव किंशुकाः ॥

સુંદર રૂપ હોય, યુવાન અવસ્થાથી યુક્ત હોય અને વિસ્તીર્ણ કુળમાં ઉત્પન્ન થએલા હોય તોપણ વિદ્યાહીન પુરૂષો શોભતા નથી. જેમ ખાખરાનાં ફુલ (કેસુડાં) ઘણાં સુંદર છતાં સુગંધ રહિત છે માટે શોભતાં નથી.

शुद्धं भूमिगतं तोयं शुद्धा नारी पतिव्रता ।
शुचिः क्षेमकरो राजा संतोषी ब्राह्मणः शुचिः ॥

પૃથ્વી ઉપર પડેલું જળ શુદ્ધ ગણાય છે, પતિવૃતા સ્ત્રી પવિત્ર ગણાય છે. લોકનું કલ્યાણ કરનાર રાજા પવિત્ર ગણાય છે અને સંતોષવાન બ્રાહ્મણ પવિત્ર ગણાય છે.

शांतितुल्यं तपोनास्ति न संतोषात्परं सुखम् ।
न तृष्णायाः परोव्याधिर्न च धर्मोदयापरः ॥

શાંતિ રાખવી તેના સમાન બીજું તપ નથી, સંતોષ સમાન બીજું કોઇ પરમ સુખ નથી, તૃષ્ણા સમાન બીજી કોઇ પીડા નથી અને દયા સમાન બીજો કોઇ ધર્મ નથી. અર્થાત્ શાંતિ એજ પરમ તપ, સંતોષ એજ પરમ સુખ, તૃષ્ણા એજ મહા પીડા તથા દયા એજ પરમ ધર્મ છે.

अग्निहोत्रं विना वेदा न च दानं विना क्रिया ।
न भावेन विना सिद्धिः तस्माद्भावोहि कारणं ॥

અગ્નિહોત્ર કર્યા વિના વેદનું અધ્યયન વૃથા જાય છે, દાન વગર યજ્ઞાદિક ક્રિયા બનતી નથી અને ભાવના એટલે ભક્તિ વીના કોઇપણ કાર્યની સિદ્ધિ થતી નથી. માટે ભાવજ સર્વેનું કારણ છે એટલે ફળ દાતા છે.

वृद्धकाले मृता भार्या बंधुहस्तगतं धनम् ।
भोजनं च पराधीनं तिस्रः पुंसां विडंबनाः ॥

વૃદ્ધાવસ્થામાં સ્ત્રીનું મૃત્યુ થવાથી, ભાઇઓના હાથમાં દ્રવ્ય જવાથી અને પારકાના તાબામાં રહી અન્ન ખાવાથી, આ ત્રણ વાતથી પુરૂષને ઘણું દુઃખ થાય છે.

तैलाभ्यंगे चिता धूम्रे मैथुने क्षौर कर्माणि ।
तावद्भवति चांडालो यावत्स्नानं समाचरेत् ॥

શરીરે તેલ ચોળ્યા પછી, ચિતાને ધૂમાડો લીધા પછી, મૈથુન કર્યા પછી અને હજામત કરાવ્યા પછી જયાં લગણુ પુરૂષ નહાતો નથી ત્યાં સૂધી ચંડાળ સરખો અપવિત્ર ગણાય છે. નાહ્યા પછી શુદ્ધ થાય છે.

अधमा धनमिच्छंति धनं मानं च मध्यमाः ।
उत्तमा मानमिच्छंति मानोहि महतां धनम् ॥

અધમ પુરૂષો ધનનેજ ઇચ્છે છે, મધ્યમ પુરૂષો માન તથા ધન એ બેઉને ઇચ્છેછે અને ઉત્તમ પુરૂષો ધનની અપેક્ષા ન રાખતાં માત્ર માનની જ ઇચ્છા રાખે છે કેમકે મહાત્મા પુરૂષો માનનેજ ધનરૂપ માને છે.

पुष्पे गंधं तिले तैलं काष्टे वन्हि पयोघृतम् ।
इक्षौ गुडं तथा देहे पश्यात्मानं विवेकतः ॥

પુષ્પમાં સુગંધ, તલમાં તેલ, લાકડામાં અગ્નિ, દૂધમાં ઘી, અને શેરડીમાં ગોળ જેમ અદૃષ્યરૂપે રહેલાં છે તેમ આ દેહમાં આત્મા પણ અદૃષ્ટરૂપે રહેલો છે તેને સુજ્ઞ પુરૂષે જડ ચૈતન્યનો વિવેક કરી અપરોક્ષ કરવો (પ્રત્યક્ષ કરવો.)

स्वर्गस्थिता नामिह जीवलोके चत्वारि चिन्हानि वसंति देहे ।
दानप्रसंगो मधुरा च वाणी देवार्चनं ब्राह्मणतर्पणंच ॥

આ લોકમાં જે મનુષ્યમાં દાન દેવાનો સ્વભાવ, મધુર

વાણી, દેવતાનાં પૂજનમાં ભાવના અને બ્રાહ્મણોને તૃપ્ત કરવાની ઇચ્છા એટલાં ચાર ચિન્હો જોવામાં આવે તે સ્વર્ગમાં વાસ કરનાર છે. એમ અનુમાન કરવું. અર્થાત્ જે પુરૂષે સ્વર્ગમાં વાસ કરી પોતાના પુણ્યની વાસનાને અનુસાર આ લોકમાં વાસ કર્યો હોય તેમાં આવાં લક્ષણો વર્તે છે. બીજામાં નહિ.

अत्यंतकोपः कटुका च वाणी दरिद्रता बंधुजनेषु वैरम् ।
नीचप्रसंगः कुलहीन सेवा चिन्हानि देहे नरकास्थितानाम् ॥

ઘણો ક્રોધ, કડવી વાણી, દરિદ્રીપણું, પોતાનાં સગાં સાથે શત્રુતા, નીચ મનુષ્યની સંગતી અને ઉતરતી પંક્તિના મનુષ્યોની સેવા; આટલાં ચિન્હો જે પુરૂષના શરીરમાં વર્તમાન હોય તે નરકમાં વાસ કરનાર છે એમ અનુમાન કરવું. તાત્પર્ય કે તે પુરૂષ નરકમાંથી વાસ કરી આ લોકમાં જન્મેલો છે. અથવા હવે પછી વાસ કરશે એમ જાણવું.

तुष्यन्ति भोजने विप्रा मयूरा घनगर्जिते ।
साधवः परसंपत्तौ खलाः परविपत्तिषु ॥

ભોજન મળવાથી બ્રાહ્મણો પ્રસન્ન થાયછે, મેઘની ગર્જના સાંભળી મોર પ્રસન્ન થાય છે, મનુષ્યને સંપતિ પ્રાપ્ત થવાથી સાધુ પુરૂષો ઘણા આનંદ પામે છે અને બીજા મનુષ્યને વિપત્તિ પડે તેથી ખલ પુરૂષો આનંદ પામે છે.

शकटात् पंच हस्तेन दशहस्तेन वाजिनः ।
हस्तिहस्तसहस्रेण देशत्यागेन दुर्जनात् ॥

ગાડાંથી પાંચ હાથ છેટું રહેવું, ઘોડાથી દશ હાથ, હાથીથી હજાર હાથ, અને દુર્જનથી તો દેશ ત્યાગ કરીને વિદેશમાં રહેવું શ્રેષ્ઠ છે.

अर्थनाशं मनस्तापं गृहिणीचरितानी च ।
नीचवाक्यं चापमानं मतिमान्न प्रकाशयेत् ॥

ધન સંપત્તિનો નાશ, મનનો સંતાપ, પોતાની સ્ત્રીનાં ચરિત્રો, દુર્જનનાં વચન, અને પોતાને કોઇ સ્થાનકેથી થયલું અપમાન એટલાં વાનાં બુદ્ધિવાન પુરૂષે પ્રગટ ન કરવાં પણ પોતાના મનમાં જ રાખવાં.

लुब्धमर्थेन गृह्णीयात् स्तब्धमंजालि कर्मणा ।
मूर्खं छंदानुवृत्त्या च यथार्थत्वेन पंडितम् ॥

લોભીને ધનથી, અહંકારીને નમન કરીને, મૂર્ખને તેની ઇચ્છાને અનુસારી વરતીને અને પંડીત પુરૂષને સદાચરણથી વશ કરવો.

ऋणकर्त्ता पिता शत्रुर्माता च व्यभिचारिणी ।
भार्या रूपवती शत्रुः पुत्रः शत्रुरपंडितः ॥

દેવું કરનાર પિતા શત્રુ રૂપછે, વ્યભિચારિણી માતા શત્રુ જેવી છે, રૂપવાળી સ્ત્રી પણ શત્રુ સમાન છે, અને મૂર્ખ પુત્ર પણ શત્રુ બરાબર છે.

स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फल मश्नुते ।
स्वयं भ्रमति संसारे स्वयं तस्मा द्विमुच्यते ॥

જીવાત્મા પોતે જ સુકૃત કે દુષ્કૃત કરે છે અને તેનું ફળ સુખ દુઃખાદિ પણ પોતે જ ભોગવે છે, પોતે જ અનેક અવતારો ધારણ કરી આ સંસારમાં ભ્રમણ કરેછે અને પોતેજ જ્ઞાન મેળવી મોક્ષ ગતિ પામે છે.

न पश्यति च जन्मांधः कामांधो नैव पश्यति ।
मदोन्मत्ता न पश्यंति अर्थी दोषन्न पश्यति ॥

જન્માંધ મનુષ્ય હોય તે કંઇપણ દેખી શકતો નથી, કામથી આંધળો થયલો પુરૂષ પણ સારૂં નઠારૂં જોઇ શકતો નથી, અહંકારના મદથી ઉન્મત્ત થયલો પુરૂષ વિવેક અવિવેક જોઇ શકતો નથી, અને મતલબી પુરૂષને ગુણ દોષનું ભાન રહેતું નથી.

श्रुत्वा धर्मं विजानाति श्रुत्वा त्यजति दुर्मतिम् ।
श्रुत्वा ज्ञान मवाप्नोति श्रुत्वा मोक्ष मवाप्नुयात् ॥

મનુષ્ય શાસ્ત્રનું શ્રવણ કરવાથી જ ધર્મનું સ્વરૂપ જાણે છે, અને શાસ્ત્રનું શ્રવણ કરવાથી જ દુર્બુદ્ધિને છોડી દે છે, શાસ્ત્રનું શ્રવણ કરવાથી જ આત્મા પરમાત્માના સ્વરૂપનેજાણે છે અને તેથી જ મોક્ષ ગતિને મેળવે છે.

नराणां नापितो धूर्त्तः पक्षिणां चैव वायसः ।
चतुष्पदां शृगालस्तु स्त्रीणां धूर्त्ता च मालिनी ॥

પુરૂષોની જાતમાં સર્વ કરતાં વાળંદ ધુતારો હોય છે. પક્ષીની જાતમાં કાગડો ધૂતારો હોય છે, ચાર પગવાળાં પશુ-

ઓમાં શિયાળ સર્વ કરતાં ધૂતારો હોય છે અને સર્વ સ્ત્રી જાતિમાં માલણુ ધુતારી હોય છે.

चला लक्ष्मीश्चलाः प्राणाश्चले जीवित मंदिरे ।
चलाचले च संसारे धर्म एकोहि निश्चलः ॥

લક્ષ્મી નાશવંત છે, પ્રાણુ નાશવંત છે, અને જીવિત નાશવંત છે અને ઘર પણુ નાશવંત છે. માટે નિશ્ચય છે કે આ ચરાચર જગતમાં કોઇ પદાર્થ સ્થિર નથી માત્ર એક ધર્મજ સ્થિર વસ્તુછે તેથી સર્વ પદાર્થમાંથી તૃષ્ણા છોડી ધર્મનું સંપાદન કરવા તન, મન, ધનથી પ્રયત્ન કરવો.

तृणं ब्रह्मविदः स्वर्गस्तृणं शूरस्य जीवितम् ।
जिताक्षस्य तृणन्नारी निःस्पृहस्य तृणं जगत् ॥

બ્રહ્મવેત્તા પુરૂષ સ્વર્ગને તૃણુ સમાન તુચ્છ ગણેછે, શૂરવીર પુરૂષો પોતાના જીવતરને તૃણુ સરખું ગણે છે, ઇંદ્રિય જીત પુરૂષ સ્ત્રીને તૃણુ સમાન નિર્માલ્ય ગણે છે અને ઇચ્છા રહિત પુરૂષો જગતને તૃણુ સમાન ગણે છે.

जन्ममृत्यु हि यात्येको भुनक्त्येकः शुभाशुभम् ।
नरकेषु पतत्येको ह्येकोयाति परांगातिम् ॥

જન્મ મરણુ એકલાજ પુરૂષને થાયછે, શુભ અશુભ કર્મનું સારૂં નઠારૂં ફળ પણુ એકલાને જ ભોગવવું પડે છે, નરકમાં એકલો જ પડે છે, અને મોક્ષ પણુ એકલાનેજ મળે છે. અર્થાત્ એ વિષયમાં બીજો સહાયક થતો નથી.

दारिद्यनाशनं दानं शीलं दुर्गति नाशनम् ।
अज्ञान नाशिनी प्रज्ञा भावना भयनाशिनी ॥

દાન દરિદ્રતાનો નાશ કરે છે, સુશીલ રાખવાથી નઠારી અવસ્થા ટળે છે, આત્મવિચારવાળી બુદ્ધિ અવિદ્યાનો નાશ કરેછે અને ભક્તિ ભયનો નાશ કરે છે.

मूर्खाणां पण्डिता द्वेष्या अधनानां महाधनाः ।
पराङ्गनाः कुलस्त्रीणां सुभगानां च दुर्भगाः ॥

મૂર્ખ જનો પંડિતનો દ્વેષ કરે છે, દરિદ્રી ધનવાનનો દ્વેષ કરે છે, વ્યભિચારિણી સ્ત્રી કુળવાન સ્ત્રીનો દ્વેષ કરે છે અને વિધવા સ્ત્રીઓ સધવાનો દ્વેષ કરે છે. મતલબ કે મૂર્ખ, દરિદ્રી, વ્યભિચારિણી અને વિધવા સ્ત્રીઓ પોતાની અજ્ઞાનતાને લીધે, વિદ્વાન, ધનવાન, કૂળવાન સ્ત્રી અને સધવાને જોઇ ઇર્ષાથી બળે છે.

अभ्यासाद्धार्यते विद्या कुलं शीलेन धार्यते ।
गुणेन ज्ञायते त्वार्यः कोपो नेत्रेण गम्यते ॥

અભ્યાસથી વિદ્યા ટકી રહેછે, શીળતાથી કુળની આબરૂ જળવાય છે, ગુણથી આર્યતા જણાય છે અને નેત્રથી કોપની પરિક્ષા થાય છે.

एकोदर समुद्भूता एक नक्षत्र जातकाः ।
न भवंति समाशीले यथा बादर कंटकाः ॥

એક જ માના પેટમાં ઉત્પન્ન થયલા પુત્રો હોય, અને એકજ નક્ષત્રમાં જન્મ્યા હોય તોપણ સમાન શીળવાળા થતા નથી. જેમ બોરડીના ઝાડપર કાંટા પણ ઉત્પન્ન થાય છે અને બોર પણ થાયછે પણ એ બેમાં વિલક્ષણુતા કેટલી છે?

यथा चतुर्भिः कनकं परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनैः ।
तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते त्यागेन शोलेन गुणेन कर्मणा ॥

જેમ ઘર્ષણુ કરવું, છેદન કરવું, તાપ દેવો તથા ટીપવું એ ચાર ઉપાયથી સુવર્ણની પરિક્ષા કરાય છે તેમ દાન દેવાનો સ્વભાવ, શીળતા, સારા ગુણો અને સત્કર્મ એ ચાર ગુણોથી પુરૂષની પરિક્ષા થાય છે.

अध्वा जरा मनुष्याणां वाजिनां बंधनं जरा ।
अमैथुनं जरा स्त्रीणां वस्त्राणामातपो जरा ॥

મનુષ્યોને ઘણો પંથ કરવાથી જરાવસ્થા વહેલી આવે છે, ઘોડાઓને એક ઠેકાણે બાંધી રાખવાથી ઘડપણ આવે છે, પુરૂષ વિના સ્ત્રીને ઘડપણ વહેલું આવે છે અને લૂગડાંને તડકામાં રાખવાથી જીર્ણતા વહેલી આવે છે.

त्यजद्धर्मं दयाहीनं विद्याहीनं गुरुं सजेत् ।
त्यजेत्क्रोधमुखीं भार्यां निःस्नेहान्बांधवांस्त्यजेत् ॥

દયા રહિત ધર્મનો ત્યાગ કરવો, વિદ્યા રહિત ગુરૂનો ત્યાગ કરવો, ક્રોધ યુક્ત મુખવાળી સ્ત્રીનો ત્યાગ કરવો અને સ્નેહ રહિત બાંધવોનો ત્યાગ કરવો.

अनभ्यासं विषं शास्त्रमजीर्णे भोजनं विषम् ।
दरिद्रस्य विषं गोष्ठी वृद्धस्य तरुणी विषम् ॥

અભ્યાસ વિના શાસ્ત્ર વિષ રૂપ થાય છે, અજીર્ણમાં ભોજન વિષ રૂપ છે. દરિદ્રીને શભા વિષ રૂપ લાગે છે અને વૃદ્ધ પુરૂષને તરૂણી સ્ત્રી વિષ રૂપ લાગે છે.

किं तया क्रियते धेन्वा या न दोग्ध्री न गुर्विणी ।
कोऽर्थः पुत्रेण जातेन यो न विद्वान्न भक्तिमान् ॥

જે ગાય દૂધ પણ દેતી નથી તેમ ગર્ભવતી પણ થતી નથી. તેથી શો લાભ છે ? તેમજ પુત્ર ઉત્પન્ન થાય પણ વિદ્વાન કે ભક્તિવાન ન થાય તો તેથી શો લાભ ? અર્થાત્ તેવા પુત્ર કરતાં ન ઉત્પન્ન થાય તે શ્રેષ્ટ છે.

कुग्रामवासः कुलहीनसेवा कुभोजनं क्रोधमुखी च भार्या ।
पुत्रश्चमूर्खो विधवा च कन्या विनाग्निना षट् प्रदहंति कायम् ॥

નઠારા ગામમાં નિવાસ, નીચ કુળનાં મનુષ્યોની સેવા, નઠારૂં ભોજન, ક્રોધ મુખી સ્ત્રી, અભણ પુત્ર અને વિધવા પુત્રી; એ છ વાનાં અગ્નિ વિના પણ શરીરને દાહ કરવાવાળાં છે.

मूर्खश्चिरायुर्जातोऽपि तस्माज्जातमृतोवरः ।
मृतः सचाल्पदुःखाय यावज्जीवं जडोदहेत् ॥

મૂર્ખ જન્મીને ચિરાયુ થયા કરતાં ઉત્પન્ન થઇ મૃત્યુ પામે તે શ્રેષ્ટ છે. કારણ કે જન્મીને તત્કાળ મૃત્યુ પામવાથી તેજ

સમય અલ્પ દુઃખ ઉત્પન્ન થાય છે. પણ જો જીવતો રહ્યો તો જ્યાં લગણ જીવીએ ત્યાં લગણ તે મનને સંતાપ કરે છે.

यावत् स्वस्थोह्ययं देहो यावन्मृत्युश्च दूरतः ।
तावदात्महितं कुर्यात् प्राणांते किं करिष्यति ॥

જ્યાં લગણ આ દેહ નિરોગી છે, જ્યાં લગણ મૃત્યુ દૂર છે ત્યાં સૂધીમાં પોતાના આત્માના કલ્યાણ સારૂ સત્કર્માદિ કરી લેવું યોગ્ય છે, કેમકે પછી પ્રાણ જવાની છેલ્લી વખતે કંઈ પણ બની શકશે નહિ.

मूर्खा यत्र न पूज्यंते धान्यं यत्र सुसञ्चितम् ।
दंपत्योः कलहो नास्ति तत्र श्रीः स्वयमागता ॥

જે સ્થાનમાં મૂર્ખજનો માન પામતા નથી, જ્યાં અન્નનો સંગ્રહ કરવામાં આવે છે અને જ્યાં સ્ત્રી પુરૂષો કલહવાળા નથી, ત્યાં લક્ષ્મી પોતાની મેળે વાસ કરે છે.

किं जातैर्बहुभिः पुत्रैः शोकसंतापकारकैः
वरमेकः कुलालंबी यत्र विश्राम्यते कुलम् ॥

શોક અને સંતાપ ઉત્પન્ન કરાવે તેવા ઘણા પુત્રો ઉત્પન્ન થવાથી શો લાભ છે ? અર્થાત્ કંઇ નથી પરંતુ તેના કરતાં કુળને આશ્રય આપનાર એક પુત્ર પણ શ્રેષ્ઠ છે કે જેનાથી કુળને વિશ્રાંતિ મળે છે.

एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगंधिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥

જેમ પુષ્પથી યુક્ત અને સુગંધવાન એક પણ સારૂં વૃક્ષ હોય તેથી સર્વ વન સુગંધ યુક્ત થઇ શોભે છે તેમ સદગુણી સુપુત્ર કુળમાં એક પણ ઉત્પન્ન થાય તો તેથી સમગ્ર કુળ શોભા પામે છે.

एकेन शुष्कवृक्षेण दह्यमानेन वन्हिना ।

दह्यते तद्वनं सर्वं कुपुत्रेण कुलं यथा ॥

જેમ એક સૂકું ઝાડ અગ્નિથી સળગતાં આખું વન બળી જાય છે તેમ કુળમાં એક પણ કુપુત્ર ઉત્પન્ન થતાં સમગ્ર કુળ સંતાપ પામે છે.

उद्योगे नास्ति दारिद्र्यं जपतो नास्ति पातकम् ।

मौने च कलहो नास्ति नास्ति जागरिते भयम् ॥

ઉદ્યોગ કરવાથી દરિદ્રતા નાશ પામે છે, પરમાત્માના નામનું ભજન કરવાથી પાપ નાશ પામે છે, મુનીવ્રત ધારણ કરવાથી એટલે યથાર્થ બોલવાથી કોઇની સાથે કલહ થતો નથી અને નિરંતર જાગૃત રહેવાથી ભય આવતો નથી.

मूर्खस्तु परिहर्तव्यः प्रत्यक्षोद्विपदः पशुः ॥

भिद्यते वाक्यशल्येन अदृशं कंटको यथा ॥

મૂર્ખ મનુષ્યનો સમાગમ ન કરતાં ત્યાગ કરવો યોગ્ય છે, કારણ કે દેખવામાં તે મનુષ્યાકૃતિ ભાસે છે પણ તે સાક્ષાત્ બે પગવાળાં પશુ સરખો છે અને અંધ મનુષ્યને કાંટો જેમ દુઃખ દે છે તેમ તે પોતાનાં વચનરૂપ બાણોથી સજ્જનોનાં હૃદયને ભેદે છે.

प्रलये भिन्नमर्यादा भवन्ति किल सागराः ।
सागरा भेदमिच्छंति प्रलयेऽपि न साधवः ॥

સમુદ્રો પ્રલય કાળમાં પોતાની મર્યાદા મૂકી દે છે અને ભેદની ઇચ્છા પણ રાખે છે પરંતુ માહાત્મા પુરૂષો તો પ્રલય કાળમાં પણ પોતાનાં સુલક્ષણો છોડી ભેદ દૃષ્ટિ કરતા નથી; એટલી તેનામાં ગંભિરતા અધિક છે.

दुर्जनस्य च सर्पस्य वरं सर्पोनदुर्जनः ।
सर्पो दंशति कालेन दुर्जनस्तु पदे पदे ॥

દુર્જન અને સાપ એ બેમાંથી દુર્જન કરતાં સાપ શ્રેષ્ટ છે, કારણ કે સર્પ તો કોઇ સમયેજ કરડે છે પણ દુર્જન તો પોતાનાં ક્રુર વચનોથી પગલે પગલે મર્મચ્છેદ કરે છે.

दुराचारो च दुर्दष्टिदुरावासी च दुर्जनः ।
यन्मैत्री क्रियते पुम्भिर्नरः शीघ्रं विनश्यति ॥

દુરાચરણી, પાપની દૃષ્ટીવાળો, દુર્ગુણના સ્થાનમાં વસનાર અને જાતે દુષ્ટજન એવો પુરૂષ; જેની સાથે મૈત્રી કરે છે તે મનુષ્ય તત્કાળ નાશ પામે છે.

गृहीत्वा दक्षिणां विप्राः त्यजन्ति यजमानकम् ।
प्राप्तविद्या गुरुं शिष्या दग्धारण्यं मृगास्तथा ॥

બ્રાહ્મણો દક્ષિણા લીધા પછી યજમાનનો ત્યાગ કરે છે, વિદ્યા ભણીને શિષ્યો ગુરૂનો ત્યાગ કરે છે અને બળી ગયલાં વનનો મૃગો ત્યાગ કરે છે.

निर्धनं पुरुषं वेश्या प्रजा भग्नन्नृपन्त्यजेत् ।
खगा वीतफलं वृक्षं भुक्त्वा चाभ्यागतोगृहम् ॥

વેશ્યા, નિર્ધન થયલા પુરૂષને; પ્રજા, શક્તિહીન રાજાને; પક્ષી, ફળ રહિત વૃક્ષને; અને અભ્યાગત જ્યાં ભોજન કર્યું હોય તે ઘરને છોડી દે છે.

नदी तीरे च ये वृक्षाः परगेहेषु कामिनी ।
मन्त्रिहीनाश्च राजानः शीघ्रं नश्यन्त्यसंशयम् ॥

નદીને કિનારે ઉગેલાં વૃક્ષો, પરઘરમાં જનાર યુવાન સ્ત્રી, પ્રધાન રહિત રાજાઓ તત્કાળ નાશ પામે છે એમાં સંશય નથી.

कान्तावियोगः स्वजनापमानो रणस्य शेषः कुनृपस्य सेवा ।
दरिद्रभावो विषमा सभा च विनाग्निमेते प्रदहन्ति कायम् ॥

સારી સ્ત્રીનો વિયોગ, પોતાનાં મનુષ્યોએ કરેલું અપમાન, સંગ્રામમાં જીવતો રહેલો શત્રુ, દુર્ગુણી રાજાની સેવા, દરિદ્રતા અને અવિવેકી પુરૂષોનો સમાજ; એટલાં વાનાં અગ્નિ વિના પણ શરીરને બાળે છે.

माता रिपुः पिता शत्रुर्बालोयेन न पाठ्यते ।
न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥

જે માતા પોતાના બાળકને ભણાવવાની ઇચ્છા રાખતી નથી તે શત્રુ સમાન છે તથા જે પિતા પોતાના બાળકને ભણાવવાને યત્ન કરતો નથી તે વૈરી જેવો છે કેમકે હંસના સમાજમાં જેમ બગલો ન શોભે તેમ સભામાં તેવો બાળક શોભતો નથી.

शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।
साधवो नहि सर्वत्र चंदनं न वने वने ॥

સર્વ પર્વતોમાં કંઈ રત્ન ઉત્પન્ન થતાં નથી, પ્રત્યેક હાથીના કુંભ સ્થળમાં કંઇ મોતી પાકતાં નથી તેમજ સાધુ પુરૂષો કંઈ સર્વત્ર મળતા નથી; અને વન વન પ્રતિ કંઇચંદન પાકતું નથી. અર્થાત્ આવી અમૂલ્ય વસ્તુ કોઇ સ્થળે જ થાય છે.

ते पुत्रा ये पितुर्भक्ताः सपिता यस्तु पोषकः ।
तन्मित्रं यत्र विश्वासः सा भार्या यत्र निर्वृतिः ॥

જે માબાપની ભક્તિ કરનાર તેજ પુત્ર, જે પોષણ કરનાર તે જ પિતા, જેનો પૂર્ણ ભરોસો રખાય તેજ મિત્ર અને જેનાથી સુખ મળે તેજ સ્ત્રી છે.

यस्य पुत्रोवशोभूतो भार्या छंदानुगामिनी ।
विभवे यश्च संतुष्टस्तस्य स्वर्ग इहैव हि ॥

જેને પુત્રો આજ્ઞાનુસારી છે, પોતાની ઇચ્છા પ્રમાણે ચાલનારી જેને સ્ત્રી છે, ઇશ્વરેચ્છા પ્રમાણે પ્રાપ્ત થયલા પદાર્થમાં જે સંતોષ રાખનાર છે તેને આ લોકજ સ્વર્ગ સમાન સુખકારક છે.

स्त्रीणां द्विगुण आहारो लज्जा चापि चतुर्गुणा ।
साहसं षड् गुणं चैव कामश्चाष्टगुणः स्मृतः ॥

પુરૂષ કરતાં સ્ત્રીમાં આહારની શક્તિ બમણી, લાજ ચાર ગણી, સાહસ છ ગણું, અને કામનાની શક્તિ આઠગણી વધારે હોય છે.

अनृतं साहसं माया मूर्खत्वमतिलोभता ।
अशौचत्वं निर्दयत्वं स्त्रीणां दोषाः स्वभावजाः ॥

ખોટું બોલવાની ટેવ, વગર વિચારે કામ કરવું, કપટ કરવું, મૂર્ખતા, અતિ લોભીપણું, અપવિત્રતા અને નિર્દયપણું એટલા દોષો સ્ત્રીમાં સ્વાભાવિક રીતે હોય છે.

नदीनां शस्त्रपाणीनां नखिनां शृङ्गिणां तथा ।
विश्वासोनैव कर्त्तव्यः स्त्रीषु राजकुलेषु च ॥

અગાધ જળવાળી નદીઓનો, શસ્ત્રધારી મનુષ્યનો, નખવાળાં જનાવરોનો. શીંગડાંવાળાં પ્રાણીઓનો, દુર્ગુણી સ્ત્રીઓનો અને રાજાના કુળનો કોઇએ વિશ્વાસ કરવો નહિ.

आतुरे व्यसने प्राप्ते दुर्भिक्षे शत्रुसंकटे ।
राजद्वारे श्मशाने च यस्तिष्ठति सबांधवः ॥

અનેક કાર્યની ચિત્તની વ્યગ્રતા થઈ હોય ત્યારે, ઘણું દુઃખ આવી પડે ત્યારે, દુકાળના સમયમાં શત્રુની સાથે સંગ્રામ કરતાં સંકટ પડે ત્યારે, રાજ દરબારમાં અને સ્મશાનમાં આવીને જે સહાય કરી સંકટનું નિવારણ કરે તેનું નામ બાંધવ કહેવાય છે.

जानीयात् प्रेषणे भृत्यान् बांधवान् व्यसनागमे ।
मित्रंचापत्तिकाले तु भार्यां च विभवक्षये ॥

આજ્ઞા કરવાથી સેવકોની પરીક્ષા થાય છે, દુઃખના સમય માં ભાઈઓની પરિક્ષા થાય છે તથા આપત્તિકાળમાં

મિત્રની પરિક્ષા થાય છે અને વૈભવનો નાશ થયે સ્ત્રીની પ-
રિક્ષા થાય છે.

लोकयात्रा भयं लज्जा दाक्षिण्यं त्यागशीलता ।
पंच यत्र न विद्यंते न कुर्यात्तत्र संगतिम् ॥

નિર્વાહનું સાધન, દુર્ગુણનો ભય, લજ્જા, કુશળપણું
અને ઉદારતાની પ્રકૃતિ એટલાં પાંચ વાનાં જે સ્થાનમાં ન
હોય ત્યાંનાં મનુષ્યો સાથે સંગતિ પણ ન કરવી.

धनिकः श्रोत्रियो राजा नदी वैद्यस्तु पंचमः ।
पंच यत्र न विद्यंते न तत्र दिवसं वसेत् ॥

જે સ્થાનમાં ધનવાન પુરૂષ, વેદશાસ્ત્ર સંપન્ન બ્રાહ્મણ,
સારો રાજા નદી અને પાંચમો વૈદ્ય; એટલાં વાનાં ન હોય તે
સ્થાનમાં સુજ્ઞ મનુષ્યે એક દિવસ પણ વાસ ન કરવો.

दुष्टाभार्या शठं मित्र भृत्यश्चोत्तरदायकः ।
ससर्पे च गृहे वासो मृत्युरेव न संशयः ॥

દુર્ગુણી સ્ત્રી, ખળ મિત્ર, સામો જવાબ દેનાર સેવક અને
જેમાં સર્પ વસતો હોય તેવા ઘરમાં રહેવું એટલાં વાનાં મનુ-
ષ્યોને મરણ સમાન છે.

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही॥

મનુષ્ય જેમ જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરીને બીજાં નવાં વસ્ત્રો
પહેરે છે તેમજ આત્મા પણ કર્માધીન રહેલાં જીર્ણ શરીરોનો

ત્યાગ કરીને બીજાં નવાં નામ અને રૂપવાળાં શરીરોમાં વાસ કરે છે.

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે—જન્મેલો પ્રાણી પ્રારબ્ધ કર્મો નાશ થયા પછી અવશ્ય મરણ પામે છે તેમજ મરણ પામેલો પ્રાણી પણ પ્રથમના શરીર વડે કરેલાં કર્મોથી અવશ્ય જન્મ પામે તે માટે આ રીતે અવશ્ય થનારા જન્મ અને મરણના વિષયમાં તારે વિદ્વાન થઇને શોક કરવો યોગ્ય નથી.

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृति विभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

ક્રોધથી મોહ ઉત્પન્ન થાય છે, તેથી કાર્યાકાર્યનો વિવેક નાશ પામે છે. મોહથી ગુરૂએ તથા શાસ્ત્રે કરેલા ઉપદેશોનું વિસ્મરણ થાય છે. સ્મૃતિનો નાશ થયાથી બુદ્ધિનો નાશ થાય છે. અને બુદ્ધિનો નાશ થવાથી બીજાઓ પરાભવ કરે છે અને તે મૃતપ્રાય થઇ જાય છે.

अन्नाद्भवंति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥

અન્નમાંથી મનુષ્ય આદિ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, વૃષ્ટિથી અન્ન ઉત્પન્ન થાયછે, યજ્ઞથી વૃષ્ટિ થાયછે અને કર્મોવડે યજ્ઞ થાયછે.

यद्यदाचरति श्रेष्टस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥

મહા પુરૂષ જે જે આચરણ કરે છે તે પ્રમાણે સાધારણ મનુષ્ય પણ આચરણ કરે છે. માટે મનુષ્ય પ્રવૃત્તિશાસ્ત્ર અ-થવા તો નિવૃતિશાસ્ત્ર એ બેમાંથી જેને પ્રમાણ ગણે છે તેનેજ બીજા લોકો પણ અનુસરે છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानधर्मस्य तदाऽत्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે.—હે અર્જુન, જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે અને અધર્મનો વધારો થાયછે ત્યારે ત્યારે હું મારા આત્માને સર્જુ છુ—અવતાર ધરૂં છું. સ્વધર્મમાં રહે-નારા સત્પુરૂષોનું રક્ષણ કરવા માટે, દુષ્ટ કર્મ કરનારાઓનો નાશ કરવા માટે તથા સદ્ધર્મનું સ્થાપન કરવા માટે હું યુગે યુગે અવતાર ધરૂં છું.

यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहु पंडितं बुधाः ॥

જેનાં સર્વ કાર્યો ફળ તથા સંકલ્પ રહિત છે અર્થાત્ જે ફળની આશા છોડીને કર્મ કરે છે તથા કર્મવડે ચિત્ત શુદ્ધિ થયા પછી થયેલા જ્ઞાનાનલવડે જેનાં કર્મો ભસ્મ થયાં છે એવા પુરૂષને વિદ્વાનો પંડિત કહે છે.

ब्रह्मण्याधायकर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥

જે સર્વ કર્મો પરમાત્માને અર્પણ કરે છે અને તેનાં ફળની આશા રાખતો નથી તે પાણીમાં પડેલું કમળ પત્ર જેમ પાણીથી લેપાતું નથી તેમ તે પણ બંધનકારક પુણ્ય પાપ રૂપી કર્મવડે લેપાતો નથી.

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥

વિદ્યાવંત તથા વિનય સંપન્ન બ્રાહ્મણો ઉપર, ગાય ઉપર, હાથી ઉપર, કૂતરા ઉપર અને કૂતરાને રાંધી ખાનારા ચાંડાળ ઉપર એમ જાતિવડે તથા કર્મવડે ઉંચ નીચ એવાં પ્રાણીઓ ઉપર જ્ઞાની પુરૂષો સમદૃષ્ટીથી જુવે છે.

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्म निर्वाणं वर्तते विदितात्मनाम् ॥

કામ અને ક્રોધથી રહિત, મનને નિયમમાં રાખનાર અને આત્મતત્ત્વને જાણનારા એવા સંન્યાસીઓ મરણ પછી મોક્ષ પામે છે એમ નથી પરંતુ જીવતાંજ તેઓ સદેહે બ્રહ્મમાં લયપામેછે

चतुर्विधा भजंते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે—પૂર્વ જન્મમાં પુણ્ય કર્મ કરનારા મને ભજે છે તેઓ ચાર પ્રકારના છે. ૧ આર્ત—રોગી ૨

જિજ્ઞાસુ–આત્મજ્ઞાનની ઇચ્છાવાળા. ૩ આ લોક અને પરલોકનાં ભોગના સાધનરૂપ અર્થની ઇચ્છાવાળા તથા ૪ જ્ઞાની-આત્મજ્ઞાની.

बहूनां जन्मनामंते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે—અલ્પ અલ્પ પુણ્ય વૃદ્ધિ પામવાથી ઘણા જન્મોની અંતે–છેલ્લે જન્મે જ્ઞાની થયલો પુરૂષ " આસ્થાવર જંગમાત્મક સર્વ જગત્ વાસુદેવજ છે " આવી સર્વાત્મક દૃષ્ટિવડે મને ભજે છે માટે તે ઉદાર દૃષ્ટિ-વાળો મહાત્મા બહુ દુર્લભ ગણાય છે.

अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે—મરણ વેળાએ જે હું પ-રમેશ્વર તેનું સ્મરણ કરતાં કરતાં દેહ ત્યાગ કરીને જે પુ-રૂષ ઉત્તમ એવા અર્ચિરાદિક માર્ગે જાય છે તે મારા રૂપને પામે છે એ વાત નિઃસંદેહ છે.

यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय सदा तद्भावभावितः ॥

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે—હે અર્જુન ! કેવળ મારૂં સ્મરણ કરતાં મારા રૂપને પામે છે આવો નિયમ નથી. પ-રંતુ મનુષ્ય મરણ વેળાએ જે જે પદાર્થને સંભારતાં શરી-રનો ત્યાગ કરે છે તે તે પદાર્થનેજ પામે છે કારણ કે નિ-

ત્ય તે તે પદાર્થના વિચાર કરવાથી તે વસ્તુની તેના મનમાં વાસના લાગી રહે છે.

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે—હે અર્જુન ! દંભ-ધર્મનો ડોળ, દર્પ-ધન વિદ્યા આદિકને લીધે મનમાં થયલો મદ, પોતાને વિષે પૂજ્યપણાનું અભિમાન, ક્રોધ, ક્રૂરતા અને અજ્ઞાન આટલાં લક્ષણો આસુરી સંપત્તિ ભોગવવા માટે જન્મેલા અર્થાત્ ભવિષ્યમાં અકલ્યાણ ભોગવનારામાં હોય છે.

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥

આસુરી સ્વભાવવાળાં મનુષ્યો' ધર્મમાં પ્રવૃત્ત થવું અને અધર્મમાંથી નિવૃત્ત થવું આ વાત જાણતાજ નથી માટે તેઓમાં પવિત્રતા, સદાચાર તથા સત્ય છેજ નહિ.

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौंतेय ततो यांत्यधमां गतिम् ॥

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે—હે અર્જુન ! આસુરી યોનિમાં જન્મેલા મૂઢ લોકો પ્રત્યેક જન્મે મને પામ્યા વિના અર્થાત્ મને તો પામે કયાંથી પરંતુ મને પામવાના ઉપાય ભૂત માર્ગોને પણ પામ્યા વિના અધમમાં અધમ ગતિને પામે છે.

यः शास्त्रविधिमुत्सृज्य वर्त्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥

જે પુરૂષ વેદ વિહિત ધર્મનો ત્યાગ કરી ઇચ્છાનુસાર વર્ત્તે છે તે મનુષ્યને તત્વ જ્ઞાન મળતું નથી, શાંતિ સુખ મળતું નથી. તેમ મોક્ષ પણ મળતો નથી.

देव द्विज गुरु प्राज्ञ पूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥

દેવ, બ્રાહ્મણ, ગુરૂ તથા તત્વવેત્તા વગેરેની પૂજા, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા આ શારીર તપ કહેવાય છે.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैवं वाङ्मयं तप उच्यते ॥

કોઇને ખેદ ઉપજાવે નહિં તેવું, સત્ય, શ્રોતાને પ્રિય અને પરિણામે હિતકારી એવું વાકય તથા વેદાભ્યાસ આ વાચિક તપ કહેવાય છે.

मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥

મનની પ્રસન્નતા, કોમળતા, મૌન, મનોનિગ્રહ અર્થાત્ વિષયો તરફ જતાં મનને અટકાવવું અને વ્યવહારમાં નિ-ષ્કપટ રીતે વર્તન આ માનસિક તપ કહેવાય છે.

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ॥

"દાન આપવું જોઇએ" આવો નિશ્ચય કરીને સામો ઉપકાર કરવાને અસમર્થ એવા સુપાત્ર એટલે તપ તથા શાસ્ત્ર સંપન્ન બ્રાહ્મણને કોઇ પુણ્યવાળા પર્વ ઉપર જે દાન અપાય તે દાન સત્વગુણી કહેવાય છે.

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥

"હું આને દાન આપીશ તો તે બીજે વખતે મારો ઉપકાર કરશે" એવી ઇચ્છાથી અથવા તો હું દાન કરીશ તો મને સ્વર્ગ મળશે આવાં ફળની આશાથી તથા મનમાં ખિન્ન થઇને જે દાન આપવામાં આવે છે તે દાન રજોગુણી કહેવાય છે.

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે—હે અર્જુન ! શ્રદ્ધા વિના જે કંઈ હોમ્યું હોય, જે કંઇ આપ્યું હોય તથા જે કંઇ તપ કર્યું હોય અથવા તો બીજું જે કંઇ કર્મ કર્યું હોય તે **असत्** કહેવાય છે અને તે આ લોકમાં ફળ આપતું નથી. તાત્પર્ય કે જે કંઇ કર્મ શ્રદ્ધા વિના કરવું તે નિષ્ફળ છે માટે સર્વ કર્મ શ્રદ્ધાપૂર્વકજ કરવાં.

यज्ञ दान तपः कर्म न त्याजं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥

યજ્ઞ, દાન અને તપ આ કર્મ ત્યાગ કરવાં નહિ. પણ તે કરવાંજ કારણ કે યજ્ઞ દાન અને તપ વિવેકી પુરૂષોનાં મનને શુદ્ધ કરનારાં છે,

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥

પુત્રાદિક ઉપર પ્રેમ રાખનારો, કર્મનાં ફળની ઇચ્છાવાળો પરના ધનની આશા રાખનારો, મારકણા સ્વભાવવાળો, અપવિત્ર, લાભથી હર્ષ માનનારો તથા હાનિથી શોક કરનારો, આવો કર્મકર્તા રાજસકર્મકર્તા કહેવાય છે.

अयुक्तः प्राकृतः स्तब्धः शठौनैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्रो च कर्ता तामस उच्यते ॥

ગાફલ, વિવેક રહીત, ઉદ્ધત, શઠ, બીજાનું અપમાન કરનાર, આળસુ, શોકશીળ અને દીર્ઘસૂત્રતાથી કર્મકર્તા તામસકર્મકર્તા કહેવાય છે.

दर्शनध्यानसंस्पर्शैर्मत्सो कूर्मी च पक्षिणी ।
शिशु पालयते नित्यं तथा सज्जनसंगतिः ॥

જેમ માછલી–કાચબી અને પક્ષીણી એ દર્શન, ધ્યાન અને સ્પર્શથી પોતાના બચ્ચાંઓનું સર્વદા પાલન કરે છે તેમ સજ્જનની સંગતિ પણ પોતાના સંગમાં રહેનારનું સર્વદા, જ્ઞાન, વિવેક વિનયના સદ્‌બોધથી પાલન કરે છે.

नास्ति कामसमो व्याधिर्नास्ति मोहसमो रिपुः ।
नास्ति कोपसमो वन्हिर्नास्ति ज्ञानात्परं सुखम् ॥

કામ સરખી બીજી કોઇ પીડા નથી, મોહ સરખો બીજો કોઇ શત્રુ નથી, ક્રોધ સરખો બીજો કોઇ અગ્નિ નથી અને જ્ઞાન સમાન બીજું કોઇ પરમસુખ નથી.

अधना धनामिच्छंति वाचं चैव चतुष्पदाः ।
मानवाः स्वर्गमिच्छंति मोक्षमिच्छंति देवताः ॥

નિર્ધન પુરૂષો ધનની ઇચ્છા રાખે છે, પશુઓ વાણીને ઇચ્છે છે, મનુષ્યો સ્વર્ગની ઇચ્છા રાખે છે અને સ્વર્ગવાસી દેવો મોક્ષ મેળવવા ઇચ્છે છે.

सत्येन धार्यते पृथ्वी सत्येन तपते रविः ।
सत्येन वाति वायुश्च सर्वं सत्ये प्रतिष्टितम् ॥

સત્યથી પૃથ્વી સ્થીર છે, સત્યથી સૂર્ય સર્વત્ર પ્રકાશ કરે છે, સત્યથી વાયુ વાય છે અને સત્યથીજ સર્વ પદાર્થ પોતાને સ્થાનકે સ્થીર રહેલા છે.

जनिता चोपनेता च यस्तु विद्यां प्रयच्छति ।
अन्नदाता भयत्राता पंचैते पितरः स्मृताः ॥

ઉત્પન્ન કરનાર, જનોઇ દેનાર, વિદ્યા ભણાવનાર, અન્ન આપનાર એટલે પોષણ કરનાર અને ભયથી મૂકાવનાર એ પાંચ પુરૂષ પિતા ગણાય છે. અર્થાત્ તેને પિતા સમાન ગણીને ઉપકાર વાળવો.

राजपत्नी गुरोः पत्नी मित्र पत्नी तथैव च ।
पत्नीमाता स्वमाता च पंचैता मातरः स्मृताः ॥

રાજાની સ્ત્રી, પોતાના ગુરૂની સ્ત્રી, મિત્રની સ્ત્રી, પોતાની સાસુ અને જન્મ આપનાર માતા એ પાંચને માતા પ્રમાણે ગણી તેની આજ્ઞા માનવી તથા માન દેવું.

उपार्जितानां वित्तानां त्यागएव हि रक्षणम् ।
तडागोदकसंस्थानां परिस्रव इवांभसाम्

શ્રમ કરીને ઉત્પન્ન કરેલા દ્રવ્યને સત્કર્મમાં વાપરવું તે-નુંજ નામ રક્ષણ છે. જેમ તળાવમાં ભરેલાં જળને નીક કરી વહેતું રાખવાથી નિર્મળતા પ્રાપ્ત થાય છે ને તે સર્વને ઉપયોગ લાયક થાયછે તેમ ધનનો સદુપયોગ કરવાથી કીર્તીને સુખમળેછે.

वाचां शौचं च मनसः शौचामिंद्रिय निग्रहः ।
सर्वभूतदयाशौचमेतच्छौचं परार्थिनाम् ॥

વચનની શુદ્ધતા, મનનું નિર્મળતાપણું, ઇંદ્રિઓનો નિગ્રહ, સર્વ પ્રાણી ઉપર કરૂણા અને પવિત્રતા આટલા ગુણપર કલ્યાણ કરનારા પુરૂષને વિશુદ્ધિરૂપ છે. અર્થાત્ આટલા ગુણ મેળવનાર, બીજાનું કલ્યાણ તથા પોતાની મોક્ષગતિ મેળવવાને સમર્થથાયછે.

दूतोन संचरति खे न चलेच्च वार्ता पूर्वं न जल्पितमिदं न च संगमोस्ति । व्योम्नि स्थितं रविशशिग्रहणं प्रशस्तं जानाति योद्विजवरः सकथं न विद्वान् ॥

આકાશમાં કોઇ દૂત જઇ શકતો નથી તેમ ત્યાં વાત પણ ચાલી શકતી નથી, આગળથી કોઇએ કહી મૂકેલું પણ નથી તેમ સંગમ પણ નથી તેમ છતાં આકાશમાં થનારાં સૂર્ય ચંદ્રનાં ગ્રહણો પ્રસિદ્ધ રીતે જે બ્રાહ્મણો આગળથી જાણી કહી આપે છે તેને વિદ્વાન કેમ ન કહેવા ?

दारिद्रता धोरतया विराजते कुवस्त्रता शुभ्रतया विराजते ।
कदन्नता चोष्णतया विराजते कुरूपता शीलतया विराजते ॥

દારિદ્રપણું ધૈર્યતાથી શોભે છે,સ્વચ્છતાથી નઠારૂં વસ્ત્ર પણ શોભે છે નઠારૂં અન્ન હોય તોપણ ઉનું કરવાથી સારૂં લાગે છે, કુરૂપપણું હોય તોપણ શીળસંયુક્ત હોય તો ઘણું શોભે છે.

विनयं राजपुत्रेभ्यः पंडितेभ्यः सुभाषितम् ।

अनृतं द्यूतकारेभ्यः स्त्रीभ्यः शिक्षेत कैतवम् ॥

નમૃતા રાજપુત્ર પાસેથી શીખવી. પંડિત પાસેથી સારૂં ભાષણ કરતાં શીખવું, જુગટું રમનાર પાસેથી અસત્ય શીખવું અને સ્ત્રીઓ પાસેથી છળ કપટ શીખવું. અર્થાત્ ઉપર કહેલા ગુણો પ્રધાનપણે કહેલી વસ્તુમાં હોય છે.

त्यजंति मित्राणि धनैर्विहीनं दाराश्च भृत्याश्च सुहृज्जनाश्च ।

ते चार्थवंतं पुनराश्रयंते ह्यर्थोहि लोके पुरुषस्यबंधुः ॥

ધન રહિત પુરૂષને તેના મિત્રો, સ્ત્રી, સેવકો અને કુટુંબી જનો છોડી દે છે અને તેજ પુરૂષ પાછો ધનવાન થાય તો ત્યાગ કરનારાં સંબંધી થવા આવે છે માટે આ જગતમાં ધન એજ પુરૂષનું સંબંધિ છે.-ધનહીન પુરૂષનાં સંબંધિ હોય તે પણ શત્રુ સમાન થાય છે.

अतिक्लेशेन येह्यर्था धर्मस्यातिक्रमेण तु ।

शत्रूणां प्रणिपातेन ते अथो मा भवंतु मे ॥

અત્યંત ક્લેશ વેઠવાથી જે ધન મળતું હોય, ધર્મ મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી જે ધન પ્રાપ્ત થતું હોય અને શત્રુઓને નમન કરવાથી જે પ્રાપ્ત થતું હોય (એવું ધન મને જોઈતું નથી) અર્થાત્ તેવું ધન મને ન પ્રાપ્ત થાઓ.

क्षीयंते सर्वदानानि यज्ञहोम बलिक्रिया ।

न क्षीयते पात्रदानमभयं सर्व देहिनाम् ॥

યજ્ઞ, હોમ, બળિદાન અને તેની ક્રિયાઓનો અને સર્વ દાનનો નાશ થાય છે પણ પાત્રને આપેલું દાન અને સર્વ પ્રાણીને આપેલું અભયપણું કયારે પણ નાશ પામતાં નથી.

वरं प्राणपरित्यागोमानभंगेन जीवनात् ।

प्राणत्यागे क्षणं दुःखं मानभंगे दिने दिने ॥

માન ભંગ થઇને જીવવા કરતાં પ્રાણનો પરિત્યાગ કરવો શ્રેષ્ટછે કારણ કે પ્રાણનો ત્યાગ કરતી વખત માત્ર ક્ષણવારજ દુઃખ થાયછે. પરંતુ માનભંગ થવાથી નિરંતર જીવતાં લગી દુઃખથાયછે.

प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यंति जंतवः ।

तस्मात्तदेव वक्तव्यं वचने किं दारिद्रता ॥

મધૂર વચન કહેવાથી સર્વ જીવ સંતુષ્ટ થાય છે, માટે સર્વ મનુષ્યોએ મધૂર વચન બોલવાની ટેવ રાખવી પણ વચન બોલવામાં દરિદ્રતા ન રાખવી. મતલબ કે સર્વનું અંતઃકરણ ખુશ થાય તેવું બોલવું.

कृते प्रतिकृतिं कुर्या द्धिंसने प्रतिहिंसनम् ।

तत्र दोषो न पतति दुष्टे दुष्टं समाचरेत् ॥

જો કોઇ પુરૂષ આપણા ઉપર ઉપકાર કરે તો આપણે પણ ઉપકાર કરવો જો આપણને કોઇ મારે તો આપણે સામો તેને મારવો તેમાં પાપ નથી કેમકે આપણી સાથે દુષ્ટતાથી વર્તે તેની સાથે આપણે પણ દુષ્ટતાથી વર્તવું એવો ન્યાય છે.

परोपकरणं येषां जागर्त्ति हृदये सताम् ।
नश्यंति विपदस्तेषां संपदः स्युः पदे पदे ॥

જે સત્પુરૂષોનાં અંતઃકરણમાં પરોપકાર કરવાની ઉત્કંઠા નિરંતર જાગૃત છે તેની વિપત્તિ સઘળી નાશ પામે છે અને પગલે પગલે તેને સંપત્તિ પ્રાપ્ત થાય છે.

दह्यमानाः सुतीव्रेण नीचाः परयशोऽग्निना ।
अशक्तास्तत्पदं गंतुं ततोनिंदा प्रकुर्वते ॥

દુર્જનો બીજાની કીર્તરૂપ દુઃસહ અગ્નિથી બળેલા હોવાથી તેના પદને પામવાને અસમર્થ થાય છે તેથી તેની નિંદા કરે છે.

पादपानां भयं वातः पद्मानां शिशिरो भयम् ।
पर्वतानां भयं वज्रः साधूनां दुर्जनो भयम् ॥

ઝાડોને પવનનો ભય છે, કમળને શિશિર રૂતુનો ભય છે. પર્વતોને વજ્રનો ભય છે અને સાધુ પુરૂષોને દુર્જનનો ભય છે.

गंगा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं हरते साधुसमागमः ॥

ગંગા પાપને મટાડે છે. ચંદ્રમા બહારના તાપનું નિવારણ કરે છે, અને કલ્પત્તરૂ દીનતાને મટાડે છે પણ સાધુ પુરૂષોનો સમાગમ તો પાપને ત્રિવિધી તાપને અને દીનતાને મટાડે છે.

सभाने शोभते मीतीराज्ञि सेवा च शोभते ।
वाणिज्यं व्यवहारेषु स्त्री दिव्या शोभते गृहे ॥

સમાન જનોની સાથે પ્રીતિ શોભે છે, રાજાની સેવા કરવી શોભે છે વ્યવહારમાં વાણીઆઇ શોભે છે, અને ઘરમાં સુંદર સ્ત્રી શોભે છે.

अतिरूपेणं वै सीता अति गर्वेण रावणः ।
अतिदानाद्बलिर्बद्धो ह्यति सर्वत्र वर्जयेत ॥

અતિ રૂપને લીધે સીતાને રાવણ હરી ગયો, રાવણે અતિ ગર્વ રાખ્યો તેથી રામચંદ્રના હાથથી તે મૃત્યુ પામ્યો, દાનની મર્યાદાનું ઉલ્લંઘન કરી બળિરાજાએ વામનજીને દાન દીધું તેથી બંધન પામ્યો માટે સમજુ મનુષ્યે સર્વ સ્થળે અતિપણાનો ત્યાગ કરવો.

भ्रमन् संपूज्यते राजा भ्रमन् संपूज्यते द्विजः ।
भ्रमन् संपूज्यते योगी स्त्री भ्रमंती विनश्यति ॥

પ્રવાસ કરવાથી રાજા માન મેળવે છે, પ્રવાસ કરવાથી બ્રાહ્મણ સારી રીતે પૂજાય છે, પ્રવાસ કરવાથી યોગી સન્માન અને સેવા મેળવે છે. પણ સ્ત્રી પ્રવાસ કરવાથી વિનાશ પામે છે. અર્થાત્ સ્ત્રી સ્વતંત્રપણે સ્વેચ્છાચારી થવાથી ઘણી દુઃખી થાય છે માટે તેણે તેમ ન કરવું.

संतोषामृततृप्तानां यत्सुखं शांतचेतसाम् ।
न च तद्धनलुब्धानामितश्चेतश्च धावताम् ॥

સંતોષ રૂપી અમૃતથી તૃપ્ત થયલા શાંત ચિત્તવાન પુરૂષોને જેવું સુખ મળે છે, તેવું ધનનો લોભ રાખનાર, અને અહિં તહીં દોડાદોડ કરનાર પુરૂષને મળતું નથી.

वित्तं देहि गुणान्वितेषु मतिमन्नान्यत्र देहि क्वचित् ।
प्राप्तं वारिनिधेर्जलं घनमुखे माधुर्ययुक्तं सदा ॥
जीवान्स्थावरजंगमांश्च सकलान्संजीव्य भूमंडलम् ।
भूयः पश्य तदेवकोटिगुणितं गच्छंतमम्भोनिधिम् ॥

હે બુદ્ધિમાન પુરૂષો ! તમે ગુણવાન જનોને ધન આપો. ગુણ રહિતને કદાપિ પણ ન આપો. જેમ સમુદ્રમાંથી મેઘના મુખમાં પ્રાપ્ત થયલું જળ સદા મધુરતાને ધારણ કરે છે અને તે સર્વ પૃથ્વી ઉપર પડી જડચૈતન્યાત્મક સર્વ જીવોને અને ભૂમંડળને જીવનવાળું કરીને પાછું કોટિગણું વૃદ્ધિ પામીને તેજ સમુદ્રમાં જાય છે. તેમજ ગુણવાનને આપેલું દ્રવ્ય પણ મેઘના જળની પેઠે અનેક જીવોના કલ્યાણનું હેતુ થઇ આપનારનાં સુખ, કીર્તિ અને પુણ્યની વૃદ્ધિ કરે છે.

न दानैः शुध्यते नारी नोपवासशतैरपि ।
न तीर्थसेवया तद्वद्भर्तुः पादोदकैर्यथा ॥

પોતાના પતિના ચરણના જળરૂપ તીર્થનું સેવન કરવાથી સ્ત્રી જેવી પવિત્ર થાય છે, તેવી ઘણાં દાન દીધાથી, હજારો ઉપવાસ કર્યાથી કે તીર્થનું સેવન કર્યાથી પવિત્ર થતી નથી. માટે સ્ત્રીએ નિરંતર પતિનુંજ સેવન કરવું.

का चिंता ममजीवने यदि हरिर्विश्वंभरो गीयते ।
नो चेदर्भकजीवनाय जननीस्तन्यं कथं निःसरेत ॥

इत्यालोच्य मुहुर्मुहु र्यदुपते लक्ष्मीपते केवलम् ।
त्वत्पादांबुज सेवनेन सततं कालोमया नीयते ॥

એક વિષ્ણુ ભક્ત કહે છે કેઃ—મારે પોતાના જીવનને વાસ્તે ચિંતા શા વાસ્તે કરવી જોઇએ ? કારણ કે ભગવાન વિશ્વંભર (વિશ્વનું પાલણ પોષણ કરનાર) કહેવાય છે માટે મારૂં પણ ભરણપોષણ કરશે જો એમ ન હોય તો બાલકના પોષણને સારૂ માતાના સ્તનમાંથી દૂધ કેમ નિસરે ? આવો વિચાર વારંવાર કરીને હે યાદવોના પતિ ! હે લક્ષ્મીપતિ ! તમારા ચરણકમળનું કેવળ સેવન કરવામાંજ નિરંતર મારો સમય રોકું છું.

अधः पश्यासि किं बाले पतितं तव किं भुवि ।
रे रे मूर्ख न जानासि गतं तारुण्य मौक्तिकम् ॥

કોઇ મનુષ્યે એક સ્ત્રીને પુછયું કે હે બાળા ! નીચે પૃથ્વી ઉપર તું શું જૂવે છે, તારૂં કંઈ પૃથ્વીપર પડી ગયું છે ? ત્યારે સ્ત્રી બોલી અરે મૂર્ખ ! તું જાણતો નથી કે મારી યુવાવસ્થા રૂપ મોતી ખોવાઇ ગયું છે !

देयं भोज धनं धनं सुकृतिभिर्नो संचयस्तस्य वै ।
श्रीकर्णस्य बलेश्च विक्रमपतेरद्यापि कीर्तिः स्थिता ॥
अस्माकं मधु दानभोगरहितं नष्टं चिरात् संचितम् ।
निर्वाणादिति नैजपादयुगलं घर्षंत्यहो मक्षिकाः ॥

હે ભોજરાજા ! સુકૃતિ પુરૂષોને યોગ્ય છે કે તેમણે પોતાનું ધન સત્કાર્યમાં વાપરવું, અને સત્પાત્રને આપવું પણ સંગ્રહ કરી રાખી ન મૂકવું. ધનનો યોગ્ય ઉપયોગ કરવા-

થીજ કર્ણરાજા, બળિરાજા અને વિક્રમાજીતની કીર્તિ અદ્યાપિ પણ પ્રકાશીત છે. દાન ભોગ નહિ કરતાં ઘણા સમયથી સંચય કરેલું અમારૂં મધ નાશ પામ્યું એમ ધારી મધમાખીઓ પોતાના પગોને ઘશીને પશ્ચાતાપ કરે છે. આ ઉપરથી સાર એકે ધનને ભેળું ન કરતાં યોગ્ય દાન ભોગ કરવો.

सत्संगाद्भवति हि साधुता खलानां साधूनां नहि खल संगतः खलत्वम्। आमोदं कुसुमभवं मृदेव धत्ते मृद्गंधं न हि कुसुमानि धारयंति ॥

સત્સંગ કરવાથી ખળ પુરૂષોમાં નિશ્ચે કરીને સાધુતા પ્રાપ્ત થાય છે, પરંતુ સાધુ પુરૂષોમાં ખળ પુરૂષની સંગતિથી કદી ખળપણું આવતું નથી. જેમ પુષ્પના ગંધને સંગમાં રહેનાર માટી ગ્રહણ કરે છે પણ મૃતિકાના ગંધને પુષ્પ લેતું નથી.

सत्यं माता पिता ज्ञानं धर्मोभ्राता दया सखा।
शांतिः पत्नी क्षमा पुत्रः षडेते मम बांधवाः ॥

કોઇ એક મહાત્મા પુરૂષને કોઇ સંસારી મનુષ્યે પૂછયું કે તમારે માતા, પીતા, ભાઇ, મિત્ર, અને સ્ત્રી પુત્ર છે કે નહિ? ત્યારે મહાત્મા પુરૂષે કહ્યું કે—સત્ય મારી માતા છે, અર્થાત તેનું સેવન હું માતાની પેઠે કરૂંછું જ્ઞાન મારો પિતા છે, ધર્મ મારો ભાઇ છે, દયા મારો મિત્ર છે, શાંતિ મારી સ્ત્રી છે અને ક્ષમા મારો પુત્ર છે. તાત્પર્ય કે આ છ મારાં કુંટુંબી છે કેમકે સાંસારિક જેટલાં સંબંધિયો છે તે પરિણામે દુઃખના હેતુ અને ક્ષણભંગુર છે. પરંતુ ઉપર ગણાવેલાં સંબંધિઓ

પરીણામે પરમાનંદનાં હેતુ અને મોક્ષદાતા છે. (આમ કહી મહાત્મા પુરૂષે અજ્ઞ મનુષ્યોને બોધ આપેલો છે.)

एक एव पदार्थस्तु त्रिधा भवति वीक्षितः ।
कुणपं कामिनी मांसं योगिभिः कामिभिः श्वभिः ॥

એકજ આ દેહરૂપ પદાર્થ જોનારની દૃષ્ટિના અનુસારે ત્રણ પ્રકારના ભેદને પામે છે. યોગી પુરૂષો આ દેહને દુર્ગંધવાન પદાર્થથી યુક્ત અને નાશવાન જાણી મુડદા સમાન ગણે છે. કામનાવાળા પુરૂષો સુંદર લાવણ્ય યુક્ત સ્ત્રીરૂપે જુએ છે. અને કૂતરાઓ તેને માંસરૂપે દેખે છે.

अनंतशास्त्रं बहुलाश्च विद्या अल्पश्च कालोबहुविघ्नता च ।
यत्सारभूतं तदुपासनीयं हंसो यथा क्षीरमिवांबुमिश्रम् ॥

શાસ્ત્રનો કંઇ અંત નથી, વિદ્યાઓ ઘણા પ્રકારની છે, આયુષ્ય અલ્પ અને તેમાં વિઘ્નો અનેક આવે છે, માટે સુજ્ઞ પુરૂષે જે સારરૂપ હોય તેનુંજ ગ્રહણ કરવું. જેમ હંસ પક્ષી જળની સાથે મિશ્ર થયલું દૂધ ગ્રહણ કરી જળને પડતું મૂકે છે (તેમ દરેક વસ્તુનો અંત ન લેતાં સાર ગ્રહણ કરવો.)

छिन्नोपि चंदन तरुर्न जहाति गंधं, वृद्धोऽपि वारणपतिर्न जहाति लीलाम् । यंत्रार्पितोमधुरतां न जहाति चेक्षुः क्षीणोऽपि न त्यजति शीलगुणान्कुलीनः ॥

જેમ ચંદનના વૃક્ષને છેદીએ તોપણ પોતાની સુગંધ છોડતું નથી, હાથી વૃદ્ધ થાય તોપણ પોતાની ચાલના વિલાસને છોડતો નથી, અને શેરડીને યંત્રમાં નાંખીને પીલી-

એ તોપણ પોતાની મધુરતા છોડતી નથી, તેમ કુળવાન પુ-
રૂષ (દુર્દૈવથી) કદાચ દરિદ્રતા પામે, તોપણ પોતાનાં શીળ
અને ગુણોનો ત્યાગ કરતો નથી.

कोऽर्थान् प्राप्य न गर्वितोविषयिणः कस्यापदोऽस्तंगताः ।
स्त्रीभिः कस्य न खंडितं भुवि मनः कोनाम राज्ञः प्रियः ॥
कः कालस्य न गोचरत्वमगमत् कोऽर्थी गतोगोरवम् ।
कोवा दूर्जनदुर्गुणेषु पतितः क्षेमेण यातः पथि ॥

ધન પામીને ગર્વવાન કોણ નથી થતો ? (સર્વ કોઈ
થાય છે) કયા વિષયી પુરૂષની વિપત્તિ નાશ પામી ? (કોઇની
નહિ) આ જગતમાં સ્ત્રીઓ કોના મનનું ખંડન કરતી
નથી ? (સર્વના મનનું કરે છે) રાજાને પ્રિય કોણ છે ?
(કોઈ નહિ) કાળને વશ કોણ થતું નથી ? (સર્વ થાય છે)
કયા યાચકે મોટાઇ મેળવી ? (કોઇએ નહિ.) અને દુર્જ-
નના દુર્ગુણની જાળમાં ફસાઇ આ સંસારના માર્ગમાં કુશ-
ળપણે કોણ રહે છે ? (કોઇ નહિ) અર્થાત્ આટલાં વાનાંને
પ્રાપ્ત થઇ કોઈ મહાત્મા પુરૂષ અથવા જેના ઉપર ઇશ્વર
કૃપા કરે તેજ બચેછે.

वयसः परिणामेऽपि यः खलः खलएव सः ।
संपक्कमपि माधुर्यं नोपयातींद्रवारुणम् ॥

ઉમરમાં વધારો થાય તોપણ જે ખલ પુરૂષ છે તે તેવોજ
રહે છે, જેમ સારી રીતે પાક ઉપર આવેલું ઇંદ્ર વારૂણિનું
ફળ મધુરતા પામતું નથી.

लोभश्चेदगुणेन किं पिशुनता यद्यस्ति किं पातकैः ।
सत्यंचेत्तपसा च किं शुचिमनोयद्यस्ति तीर्थेन किं ॥
सौजन्यं यदि किं गुणैः सुमहिमा यद्यस्ति किं मंडनैः ॥
सद्विद्या यदि किं धनैरपयशोयद्यस्ति किं मृत्युना ॥

પુરૂષમાં લોભરૂપી અવગુણ હોય તો બીજા ગુણ શું ગણતીમાં છે? અર્થાત્ લોભજ સર્વ કરતાં મોટો અવગુણ છે. ચાડીઆપણું જો હોય તો બીજાં પાપ શી ગણતીમાં છે? અર્થાત્ તેના જેવું મોટું પાપ કોઇ નથી. સત્યતા જો હોય તો બીજાં તપથી શું ફળ છે? અર્થાત્ સર્વ કરતાં શ્રેષ્ટ સત્યતા છે. નિર્મળ મન જો હોય તો બીજાં તીર્થથી શું ફળ છે? અર્થાત્ સર્વ તીર્થ કરતાં શુદ્ધ મનનું ફળ વધારે છે. સુજનતા જો હોય તો બીજા ગુણોનો શો ખપછે? અર્થાત્ સર્વ કરતાં શ્રેષ્ટ ગુણ સુજનતા છે. લોકોમાં સત્કીર્તી છે તો વસ્ત્રાભરણથી શું ફળ છે? અર્થાત્ વસ્ત્રાભરણથી સત્કીર્તી શ્રેષ્ટ છે. સારી વિદ્યા છે તો ધનનું શું પ્રયોજન? સદ્દવિદ્યા એજ શ્રેષ્ટ ધન છે અને લોકમાં અપકીર્તિ છે તો મૃત્યુનું શું પ્રયોજન? અર્થાત્ મૃત્યુ કરતાં અપકીર્તિ વધારે દુઃખદાઇ છે.

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ॥

દાન, ભોગ, અને નાશ એવી ધનની ત્રણ ગતિ થાયછે. માટે જે માણસ દાન દેતો નથી તથા ઉપભોગ કરતો નથી તેના ધનની નાશરૂપ ત્રીજી ગતિ થાય છે.

उत्सवे लोकयात्रायां तीर्थेष्वन्यनिकेतने ।
न पत्नीं प्रेषयेत् प्राज्ञः पुत्रामात्यविवर्जिताम् ॥

બુદ્ધિમાન પુરૂષે સ્ત્રીને ઉત્સવમાં, લોક મેલાવડામાં તીર્થોમાં અને પારકાને ઘેર, સાથે પુત્ર અથવા વિશ્વાસુ માણસ આપ્યા વગર એકલી મોકલવી નહિ.

जाड्यं धियो हरति सिंचति वाचि सत्यं मानोन्नतिं दिशति पापमपाकरोति । चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं सत्संगतिः कथय किन्न करोति पुंसाम् ॥

સત્પુરૂષોની સંગતિ બુદ્ધિની જડતાને હણે છે, વાણીમાં સત્યને સિંચન કરેછે, માન વધારે છે, પાપને ટાળે છે, ચિત્તને પ્રસન્ન કરે છે અને દિશામાં કીર્તિને ફેલાવે છે; કહો! પુરૂષને સત્સંગતિ શું શું નથી કરતી.

भर्ता देवो गुरुर्भर्ता धर्मतीर्थव्रतानी च ।
तस्मात्सर्वं परित्यज्य पतिमेकं भजेत्सती ॥

સ્ત્રીને પતીજ દેવ, ગુરૂ, પોષણ કરનાર, ધર્મ, તીર્થ તથા વ્રત રૂપ છે; માટે સર્વને છોડી તેણે એક પતીનીજ સેવા કરવી.

काचः कांचनसंसर्गाद्धत्ते मारकतीं द्युतिम् ।
तथा सत्संन्निधानेन मूर्खो याति प्रवीणताम् ॥

જેમ કાચ કાંચનના સંસર્ગથી મરકત મણીની કાંતિને ધારણ કરે છે તેમ મૂર્ખ પણ સત્પુરૂષોની પાસે રહેવાથી પ્રવીણ થાય છે.

दानार्थिनोमधुकरायदि कर्णतालैः, दूरीकृताः करिवरेण मदांधबुद्धया । तस्यैव गंडयुगमंडनहानिरेषा भृंगाः पुनर्विकचपद्मवनं वसंति ॥

હાથીના ગંડ સ્થળમાં રહેલા મંદરસની સુગંધ લેવાને આવનાર ભ્રમરો ને હાથી મદાંધ બુદ્ધિથી પોતાના કાન ફફડાવી કદાચ દૂર કરી મૂકે તેથી ભ્રમરને કાંઇ હાની નથી. પરંતુ ઉલટી પોતાના ગંડ સ્થળની શોભા ઘટે છે, ભ્રમર તો વળી પ્રફુલ્લીત થયલાં કમળના વનમાં જઇને વસે છે તાત્પર્ય કે કોઈ ધનવાન પુરૂષ પાસે કોઇ ગરીબ માણસ માગવા આવે તેને તે ન આપે તો તેથી ગરીબને કાંઇ હાનિ નથી. પણ ધનવાનની શોભા ઘટે છે. કારણ કે ગરીબ તો વળી બીજેથી પણ મેળવશે.

व्यालाश्रयापि विफलापि संकटकापि वक्रापि पंकिलभवापि दुरासदापि । गंधेन बंधुरसि केतकि सर्वजन्तोः एको गुणः खलु निहंति समस्तदोषान् ॥

એક કવિ કેતકિને કહે છે કે હે કેતકિ ! જો તું સર્પને આશ્રય આપનાર છો, ફળ રહિત છો, કાંટાવાળી છો, કાદવમાં ઉંગવાવાળી છો, દુઃખથી મેળવા યોગ્ય છો, તોપણ તારામાં એક અસાધારણ ગંધ ગુણ રહેલો છે તેથી તું સર્વને પ્રિય લાગે છે. આ ઉપરથી જણાય છે કે એક પણ સારો ગુણ વસ્તુમાં હોય તો સર્વ દોષોને હણે છે.

वहेदमित्रं स्कंधेन यावत्कालविपर्ययः ।
स्वानुकूले तु तत्प्राप्ते भिंद्याद्धटमिवाश्मनि ॥

જ્યાં સૂધી વખત પ્રતિકૂળ હોય ત્યાં સૂધી શત્રુને ખભે બેસાડી ફેરવવો, પણ જ્યારે અનુકૂળ વખત આવે ત્યારે પાહાણાપર ઘડાની પેઠે નીચે પછાડવો.

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं पिबेज्जलम् ।
शास्त्रपूतं वदेद्वाक्यं मनःपूतं समाचरेत् ॥

દૃષ્ટિથી જોઇને પગ મૂકવો, વસ્ત્રથી ગાળીને પાણી પીવું. શાસ્ત્રને અનુસરીને વાક્ય બોલવું અને મનથી વિચારી નિર્દોષ હોય તે આચરવું.

भ्रातुर्ज्येष्ठस्य भार्या या गुरुपत्न्यनुजस्य सा ।
यवीयसस्तु या भार्या स्नुषा ज्येष्ठस्य सा स्मृता ॥

મોટા ભાઇની સ્ત્રી તે નાના ભાઇને માતા સમાન અને નાના ભાઈની જે સ્ત્રી તે મોટાભાઇને પુત્રવધુ સમાન કહેલીછે.

जीर्यन्ति जीर्यतः केशा दन्ता जीर्यन्ति जीर्यतः ।
जीवनाशा धनाशा च जीर्यतोऽपि न जीर्यति ॥

જીર્ણ થયલા માણસના વાળ અને દાંત જીર્ણ થઇ જાય છે પરંતુ જીર્ણ થયલા માણસની જીવવાની આશા અને ધનની આશા જીર્ણ થતી નથી.

शक्योवारयितुं जलेन हुतभुक छत्रेण सूर्यातपो नागेन्द्रो
निशितांकुशेन समदौ दंडेन गोगर्दभौ । व्याधिर्भेषजसंग्रहैश्च

विविधैर्मंत्रप्रयोगैर्विषं सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधं ॥

અગ્નિ જળવડે, તડકો છત્રવડે, મદોન્મત્ત હસ્તી તીક્ષ્ણ-અંકુશવડે. બળદ તથા ગધેડો લાકડી વડે, રોગ વિવિધ પ્રકારનાં ઔષધ સેવવાવડે અને વિષ વિચારપૂર્વક ઔષધના પ્રયોગવડે નિવારણ કરી શકાય છે; એ રીતે સર્વનો ઉપાય શાસ્ત્રે કહ્યો છે, પણ પંડીતમન્ય મૂર્ખને સમઝાવવાનો ઉપાય છેજ નહિ.

शीलं शौचं क्षांतिर्दाक्षिण्यं मधुरता कुले जन्म।
न विराजंति हि सर्वे वित्तहीनस्य पुरुषस्य ॥

ધનહીન પુરૂષના સ્વભાવ, પવિત્રતા, ક્ષમા, ડહાપણ, મધુરતા તથા કુલીનપણું સર્વ શોભતાં નથી.

मुक्ताफलैः किं मृगपक्षिणां च मिष्टान्नपानं किमु गर्दभाणाम्।
अंधस्य दीपो बधिरस्य गीतं मूर्खस्य किं सत्यकथाप्रसंगः ॥

મૃગ તથા પક્ષિઓને મુક્તાફળે કરીશું ? ગધેડાને મિષ્ટાન્નપાન શું ? તેમ આંધળાને દીવો, બેહેરાને ગીત તથા મૂર્ખાને સત્ય કથાનો પ્રસંગ શું ।

सुजीर्णमन्नं सुविचक्षणः सुतः सुशासिता स्त्री नृपतिः सुसेवितः
सुचिन्त्यचोक्तं सुविचार्य यत्कृतं सुदीर्घकालेऽपि याति विक्रियाम्

સારી રીતે પચેલું અન્ન, સુવિચક્ષણ પુત્ર, સુશિક્ષિત સ્ત્રી, સુસેવિત રાજા, સુવિચારી બોલેલું તથા જે સારી રીતે વિચારી કરેલું હોય, તે સર્વ લાંબે કાળે પણ વિકાર પામતાં નથી.

नातिकल्यं नातिसायं नाति मध्यं दिने स्थिते ।
नाज्ञातेन समं गच्छन्नेको न वृषलैः सह ॥

માટે પરોઢીએ, અતિ સાયંકાળે, બરોબર મધ્યાન્હ સમયે, અજાણ્યા સાથે, એકલા તથા દુરાચારી સાથે પ્રવાસ ન કરવો.

आहारः कलहः कंडुर्द्यूतादिव्यसनानि च ।
आलस्य मुद्यमो निद्रा सेवनात्तु विवर्द्धते ॥

આહાર, કજીયો, ખંજવાળ, જુગારાદિ વ્યસન, આળસ્ય, ઉદ્યમ તથા નિદ્રા સેવવાથી વધે છે.

स जीवति गुणा यस्य यस्य धर्मः स जीवति ।
गुण धर्म विहीनस्य जीवितं निष्प्रयोजनम् ॥

જે ગુણવાન તથા સદાચરણી હોય તેજ જીવે છે, કેમકે ગુણ તથા સદાચરણ રહિતનું જીવવું નિષ્ફળ છે.

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयंति रोगाश्च शत्रव इव प्रहरंति देहम् । आयुः परिस्रवति भिन्नघटादिवांभो लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥

વાઘણની પેઠે ચોમેરથી તિરસ્કાર કરતી જરા ઉભી છે, શત્રુની પેઠે રોગ દેહને હણે છે, ભાંગેલા ઘડામાંથી પાણીને પેઠે આયુષ સ્રવી જાય છે તો પણ મનુષ્ય અહિત આચરેછે, એ આશ્ચર્ય જેવું છે.

अरक्षिता गृहे रुद्धाः पुरुषैराप्तकारिभिः ।
आत्मानमात्मनायास्तु रक्षेयुस्ताः सुरक्षिताः ॥

કદાચ સ્ત્રીઓને, ચોકસી રાખનાર પુરૂષોએ ઘરમાં ગોંધી રાખી હોય તોપણ તેઓ સુરક્ષિત રહેતી નથી. પણ જે સ્ત્રીઓ પોતાના મનવડે પોતાનું રક્ષણ કરેછે, તેજ સુરક્ષિત થાયછે.

रहसि रचितमेतज्जारकर्मात्र नीचैर्लशुनमिव सुभुक्तं याति लोके प्रसिद्धिम् । तदिह सकलगर्ह्यं नैव विद्वान् विदध्यात् क्षणिकसुखकृते स्याद्यत्प्रतिष्ठार्थनाशः ॥

નીચ મનુષ્યોએ એકાંતમાં કરેલું જાર કર્મ, ખાધેલાં લસણની પેઠે લોકોમાં પ્રસિદ્ધ થઈ જાય છે, માટે બુદ્ધિમાને સકલ જનોએ નિંદેલું તે કર્મ કરવું નહિ. કેમકે ક્ષણ માત્રના સુખ વાસ્તે પ્રતિષ્ટા તથા ધનનો નાશ થાય છે.

विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम् ।
पात्रत्वाद्धनमाप्नोति धनाद्धर्मं ततः सुखम् ॥

મનુષ્યને વિદ્યા વિનય આપે છે, ને વિનયથી તે વ્યવહારમાં પાત્ર અર્થાત્ લોકોના વિશ્વાસને યોગ્ય થાય છે; જેથી ધન મેળવી શકે છે, અને ધનથી પરોપકાર થઇ શકે નેતેથી અંતઃકરણને સુખ થાય છે.

न स्थातव्यं न गंतव्यं क्षणमप्यधमैः सह ।
पयोऽपि शौंडिकीहस्ते मदिरां मन्यते जनः ॥

ક્ષણ માત્ર પણ નીચ સાથે ઉભવું વાજવું નહિ; કેમકે દારૂ વેચનારી સ્ત્રીના હાથમાં દુધ હોય તોપણ તેને લોક મદિરા માને છે.

नारिकेलसमाकारा दृश्यन्तेऽपि हि सज्जनाः।
अन्ये बदरिकाकारा बहिरेव मनोहराः ॥

સજ્જનો નાળીયેરની પેઠે માંહેથી કોમળ છતાં ઉપરથી કઠોર દેખાય છે ને દુર્જનો બોરની પેઠે અંદરથી કઠોર છતાં ઉપરથી કોમળ ભાસે છે.

बहवो न विरोद्धव्या दुर्जयास्तेऽपि दुर्बलाः।
स्फुरन्तमपि नागेन्द्रं भक्षयंति पिपीलिकाः ॥

ઘણા સાથે વિરોધ કરવો નહિ કેમકે તે દુર્બળ હોય તો પણ દુર્જય છે; કારણ પુંફાડા મારતા નાગને પણ કીડી ખાઇ જાય છે.

સમાપ્ત.

જરૂર વાંચો ! અવશ્ય વાંચો ! !

પ્રત્યેક વાર્તાનાં તેમજ બીજાં ધાર્મિક તેમજ શાળોપયોગી સર્વ પુસ્તકો કિફાયત ભાવથી જુજ કમીશન લઈ મોકલાવી આપીએ છીએ શાળાના શિક્ષકોને સારૂં કમીશન આપવામાં આવશે તેમજ સર્વ તરેહનો ફેન્સી તથા ઘરગતુ માલ સાચા તેમજ ખોટા ફેશનેબલ આભૂષણો વિલાયતી મેકરના પોલીશ કરેલાં ઘર બેઠાં પહોંચાડીએ છીએ. હમારાં કદરદાન ગ્રાહકોને જણાવવાની રજા લઉં છું કે વિલાયતની જાણીતી ગંજાવર ગોલ્ડ કંપની તથા ગ્લોબ વૉચ કંપનીના એજંટ તરીકે મારી નીમણુક થઈ છે. તો તેઓને ત્યાં મળતો સર્વ જાતનો સામાન જેવાં કે નાનાં તેમજ મોટાં—નીકલનાં—ગનમેટલનાં—ચાંદીનાં અને સોનાનાં ઘડીઆળો તથા છેડાઓ, સર્વ તરેહનાં બટન બ્રુચીઝ, ગળાંની ચેઇન (સાંકળીઓ અને દોરાઓ) લોકીટ, એરીંગ, વીંટીઓ. ચમચા, કાંટા, છરી, ચપ્પુ, સુડી, કાતર, ઇલેક્ટ્રો પ્લેટ રકાબીઓ, ડીનર ક્રુએટ, જેલીડીશ, ટોસ્ટરેક, બીસ્કીટબોકસ, ફળફુલાદિનું સ્ટેન્ડ, એગસ્ટેન્ડ, સોલ્ટસેલર, પ્રાઇઝકપ, બટર ડીશ, બ્રેડ બાસ્કેટ સોના રૂપા તથા અમેરિકન સોનાની નાની મોટી થતી તથા સાદી [illegible]ાવર્સ્ઓ, મોતીની માળા બીડી તથા દીવાસળી કે તપખીર રાખવાની દાબડીયો, સ્કાર્ફપીન, સોના ચાંદીની લેખણો તથા પેન્સીલો, ચશ્મા, સૂક્ષ્મદર્શક યંત્ર, મેગ્નીફાઈંગ કાચ (બીડી સળગાવવાનો) થર્મોમીટર, બેરોમીટર, દુર્બીન, વગેરે જાત જાતનો મન પસંદ માલ ઘર બેઠાં પહોંચાડીએ છીએ. એ સઘળો માલ ઘડીઆળ વિગેરે મુંબઈમાં મળતાં ઘડીઆળો કરતાં ઓછા ભાવે આપીશું. દેશાવરના ગ્રાહકોને એકવાર કામ પાડી જોવા પ્રાર્થના કરીએ છીએ. નમુના જોવા હોય તો નીચે સહી કરનારને જાતે મળવાથી બનશે.

VASANTLAL D. NAIK.
Book-sellers, Publishers & Commission Agents.
'Vasant' Villa.
Abrama.
Post Abrama.

"ગુલઝાર"

એક રસીલી વાર્તા.

બાળ લગ્ન પ્રચારકોને અવશ્ય વાંચવા લાયક જેને માટે ઘણાં માસિક અને સમાહિક પત્રોએ પોત પોતાનાં પત્રોમાં સારી તારીફ કરેલી છે. એને માટે થયલાં વિવેચનોજ એની લોકપ્રિયતા સુસ્થીર કરે છે, કેટલાક મારા મિત્રો તેમજ અન્ય સંભાવિત ગૃહસ્થોની ભલામણથી હાલ ઘટાડેલી કિંમત બે આના. એજ પુસ્તકનો દ્વીતીય ભાગ લખાઇને તૈયાર થયો છે જે થોડા સમયમાં મુદ્રાયંત્રમાં મોકલવા ગોઠવણ થાય છે. ગ્રાહકોનાં નામ પાછળ લીસ્ટમાં આશ્રયદાતા તરીકે છપાવવામાં આવશે માટે સત્વર પહેલા ભાગનાં ગ્રાહકોને નામ નોંધાવવા ભલામણ કરવામાં આવે છે. મૂલ્ય ચાર આના.

વસંત ડી. નાયક

અબ્રામા પોસ્ટ અબ્રામા.

મહેરબાની કરી ધ્યાન દઇ વાંચો.

૮૫૦૦ મેંબરો દાખલ થઇ ચૂકયા છે.

૧૦,૦૦૦ મેંબરો જોઇએ છે.

ધી બ્રોચ મ્યુચ્યુઅલ હેલ્પીંગ ફંડ લીમીટેડ.

(૧૮૮૨ ના આકટ ૭ મુજબ રજીસ્ટર થયલું.)

આ ફંડના દરેક મેંબરે દાખલ થતી વખતે પ્રવેશ ફી રૂપિયા એ અને પહેલા વરસનું વાર્ષિક લવાજમ દાખલ થતી વખતની ચાલતી ઉમ્મર મુજબ નીચેના કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે ભરવું પડશે.

વાર્ષિક લવાજમનો દર

ચાલતી ઉમર વરસ.	રૂપિયા	ચાલતી ઉમર વરસ.	રૂપિયા.
૧૮ થી ૨૦	૩	૪૦ થી ૪૫	૮
૨૦ થી ૨૫	૪	૪૫ થી ૫૦	૯
૨૫ થી ૩૦	૫	૫૦ થી ૫૫	૧૦
૩૦ થી ૩૫	૬	૫૫ થી ૬૦	૧૧
૩૫ થી ૪૦	૭	૬૧ થી ૭૫	૧૫

આ ફંડનો દરેક મેંબર તેની મેંબર થયાની તારીખથી અંગ્રેજી તેર માસ પૂરા થયા પછી આ ફંડનો લાભ લેવાને હકદાર થાય છે પરંતુ જે મેંબરનું મરણ દાખલ થયાની તારીખથી એક માસ પછી અને તેર માસની અંદર થયું હશે તેના વારસને ભરેલું લવાજમ પાછું આપવામાં આવશે.

આ ફંડના મેંબરોના ચાલુ વરસના લવાજમના દર સેંકડે ૭૦ ટકાની રકમ તથા મેંબરોના પ્રથમ વરસના લવાજમના દર સેંકડે ૫૦ ટકાની રકમ મરનાર મેંબરોના વારસની વહેંચણ ખાતે જમા થશે તેમાંથી બીજા હકદાર મેંબરોના વારસને આપવાની રકમ બાદ કરી બાકીના બધા રૂપિઆ તે વરસના હકદાર થયલા મરનાર મેંબરોના વારસને સરખે હિસ્સે વહેંચી આપવામાં આવશે.

જે કોઈ મેંબર આ ફંડમાં મેંબર થયાની તારીખથી અંગ્રેજી વીશ વર્ષ પૂરાં થતાં સુધી હૈયાત હશે તો વીશ વર્ષ પૂરાં થયાં પછી મરનાર મેંબરોની માફક તેમનાં નામ પણ વહેંચણમાં દાખલ કરવામાં આવશે અને મરનાર મેંબરોના વારસોની માફક તેમને પો:

તાને જીવતાં ફાળો મળશે અને ત્યારથી તે મેંબર બંધ પડેલો ગણાશે. આવા મેંબરને ફાળો મળ્યા પછી નવેસરથી મેંબર તરીકે દાખલ થવાની અરજી કરવાને છુટ છે.

દરેક નાની મોટી જગ્યાએ એજંટો જોઇએ છે.

એજંટોને સારૂં કમીશન આપવામાં આવશે.

જે ગૃહસ્થોને આ ફંડમાં દાખલ થવાની ઇચ્છા હોય તેમણે દાખલ થવાનાં ફોર્મ મંગાવી લેવાં અને તાકીદે ભરી નીચેને શીરનામે મોકલી આપવાં.

હેડ ઓફીસ.	દલાલની કંપની.
ભરૂચ (ગુજરાત)	મેનેજર્સ અને સેક્રેટરીઝ.

કોને વહેંચણમાંથી મોટામાં મોટી રકમ મળી ?

નંબર	મરનાર મેંબરનાં નામ.	ભરેલા રૂપિયા	મળેલી રકમ.
૧	બાઇ કકુ તે જેહાંગભાઇ દાદાભાઇની મા.	૩૦	૯૫૧–૧–૧
૨	બાઇ માન તે કંથડજી નથુભાઇની વિધવા.	૨૨	૯૫૧–૧–૧
૩	બાઇ કૃષ્ણા તે શામળદાસ કપૂરચંદની મા.	૩૦	૯૫૧–૧–૧
૪	વલભભાઇ વસનજી નાયક	૧૮	૯૫૧–૧–૧
૫	બાઇ એનકુંવર તે રતનજી હરીભાઇની મા.	૨૨	૯૫૧–૧–૧
૬	બાઇ રામી તે અંબાઈદાસ જેરામની વિધવા	૩૦	૯૫૧–૧–૧
૭	બાઇ કુંવર તે મોનાર વીઠુલની ઓરત.	૧૮	૯૫૧–૧–૧

અગાઉથી આશ્રય આપનાર ઉદાર ગ્રહસ્થોનાં નામની યાદી.

૧૦૦) શ્રીયુત રા. ડાહ્યાભાઇ દલપતભાઈ, ધી બ્રોચ મ્યુચ્યુઅલ હેલ્પીંગ ફંડના મેનેજર અને સેક્રેટરી. મુ. ભરૂચ.

૧૦) રા. રા. કુંવરજી લલ્લુભાઇ દેસાઇ, અમ્બામા.

૧૦) રા. રા. ભગવાનજી કાળાભાઇ દેસાઈ ,,

૧૦) ડાક્ટર ગણુપતરામ કૃષ્ણુરામ ભટ્ટ ,,

૧૦) રા.રા. કલ્યાણુદાસ વીઠ્ઠલદાસ મોદી. હેડ ટેલેગ્રાફ ઇન્સ્પેકટર વલસાડ

૧૦) રા. રા. પોપટલાલ વાડીલાલ મુનીમ, આસિસ્ટંટ માસ્તર ન્યુ ઇંગ્લીશ સ્કુલ અમદાવાદ.

૫) રા. રા. કસનજી ધનાભાઇ આબકારી તલાટી.

૫) રા. રા. દુર્લભભાઈ નારણુજી દેસાઇ, ઉંટડી.

૫) રા. રા. મકનજી ભાઇદાસ દેસાઈ ડેપ્યુટી સ્ટેશન માસ્તર, નવસારી.

૫) રા. રા. રણુછોડજી ભાઇદાસ દેસાઇ, સ્ટાન્ડર્ડ ઓઇલ કંપનીના એજંટ.

૫) રા. રા. નાગરજી મકનજી દેસાઇ પોલીસપટેલ, બીલીમોરા.

૫) રા. રા. રામજી જેભાઇ સ્ટેશન માસ્તર. વેડછા.

૫) રા. રા. દુર્લભભાઇ ભગવાનજી દેસાઇ, તલાટી. સરાવ.

૫) રા. રા. કલ્યાણુજી મીઠાભાઇ દેસાઇ, તલાટી. આટ.

૫) પટેલ ફકીર મકન. ચીજગામ.

૫) રા. રા. ભીમભાઇ જીવણુજી દેસાઈ તલાટી. મંદીર.

૫) રા. રા. દયાળજી મોહનભાઇ તલાટી અમ્બામા.

૫) રા.રા.ડાયાભાઇ કાનજી.ભરૂચના વીમાફંડના એજંટ મુ.સરીબુજરંગ.

૫) રા. રા. ગોપાળજી હરીભાઇ નાયક, તલાટી. બહુડી પુણી.

૧) રા, રા. મીઠાભાઈ ભગવાનજી દેસાઇ માજી પોલીસપટેલ અબ્રામા.
૧) રા. રા. ઘેલાભાઇ ભીમભાઇ દેસાઇ અબ્રામા.
૧) રા. રા. રઘનાથજી ખંડુભાઇ દેસાઇ, અબ્રામા.
૧) રા. રા. લલ્લુભાઇ કસનજી દેસાઇ. સ્કુલ માસ્તર. અંચેલી.
૧) રા.રા. મકનજી ભગવાનજી અને જગદીશ વસનજીની કંપની અબ્રામા.
૧) રા.રા. રણછોડજી લાલભાઇ નાયક, હેડમાસ્તર વર્નાકયુલર સ્કુલ. ,,
૧) રા. રા. ડાહ્યાભાઇ નાગરજી દેસાઇ, સ્કુલ માસ્તર દીહેણ.
૧) રા. રા. ગાંડાભાઈ ફીકાકાભાઇ દેસાઇ, અબ્રામા.
૧) રા. રા. ભીખુભાઇ નીછાભાઇ દેસાઈ ,,
૧) રા. રા. રતનજી લાલભાઈ દેસાઇ ,,
૧) રા. રા. દયાળજી નાગરજી દેસાઇ ,,
૧) રા.રા.દયાળજી ખંડુભાઇ દેસાઇ ડીસ્ત્રીકટ લોકલબોર્ડના મેંબર અબ્રામા.
૧) રા.રા. ગુલાબભાઇ ભગવાનજી દેસાઇ, પોલીસ પટેલ અબ્રામા.
૧) રા. રા. ભગવાનજી મોરારજી દેસાઇ અબ્રામા.
૧) રા. રા. મકનજી શંકરજી દેસાઇ, સ્કુલ માસ્તર. પાલ.
૧) રા. રા. મકનજી શવરામભાઇ દેસાઇ, અબ્રામા.
૧) રા. રા. ફકરજી મોહનભાઈ દેસાઇ, ડીસ્ત્રીકટ પ્લીડર, નવસારી.
૧) રા. રા. જીવણજી લલ્લુભાઇ દેસાઇ, અબ્રામા.
૧) રા. રા. નીછાભાઇ રઘનાથજી દેસાઇ ,,
૧) રા. રા. મકનજી મીઠાભાઇ દેસાઈ ,,
૧) રા. રા. રણછોડજી દાજીભાઇ દેસાઇ ,,
૧) રા. રા. ગુલાબભાઇ હરીભાઇ દેસાઇ ,,
૧) રા. રા. અંબાલાલ લલ્લુભાઇ ફર્સ્ટ આસિસ્ટંટ માસ્તર ગુજરાતી સ્કુલ. બારડોલી.

૧) રા.રા. કલ્યાણજી લલ્લુભાઇ દેસાઇ, સીગ્નલર, દેહણુ સ્ટેશન.

૧) રા. રા. ખંડુભાઇ લલ્લુભાઇ દેસાઇ, સીગ્નલર, રતલામ સ્ટેશન.

૧) રા. રા. કુંવરજી ગોપાળજી દેસાઇ, અબ્રામા.

૧) રા. રા ડાહ્યાભાઇ ગાંડાભાઇ દેસાઇ, હેડ માસ્તર, બોર્ડીંગ સ્કુલ, રૂપેણ. વાયા માંડવી.

૧) રા.રા. પરાગજી નીછાભાઇ દેસાઇ સ્કુલ માસ્તર. કુદીઆણા.

૧) રા. રા. ગુલાબભાઇ કલ્યાણજી દેસાઈ, અબ્રામા.

૧) રા. રા. ડાહ્યાભાઈ ફીકાભાઇ દેસાઇ, સીગ્નલર. અંધેરી સ્ટેશન.

૧) રા. રા. દયાળજી કંથડજી દેસાઇ, અબ્રામા.

૧) રા. રા. હરીભાઇ ખુશાલભાઈ નાયક. કલથાણ.

૧) રા. રા. વસનજી દયાળજી દેસાઈ, અનાવલા સદ્ધર્મ સમાજના સેક્રેટરી; અબ્રામા.

૧) રા. રા. ભીમભાઇ દયાળજી દેસાઇ, ફર્સ્ટ આસિસ્ટંટ માસ્તર મ્યુનિસિપાલ સ્કુલ સુરત.

૧) રા. રા. નીછાભાઇ હાજીભાઈ દેસાઇ, અબ્રામા.

૧) રા. રા. ઝીણાભાઇ ખંડુભાઇ દેસાઇ, આસિસ્ટંટ માસ્તર વર્નાક્યુલર સ્કુલ જલાલપોર.

૧) રા. રા. ડાહ્યાભાઇ સુંદરજી દેસાઇ, એંગ્લોવર્નાક્યુલર સ્કુલના મેનેજર અને લોકલ બોર્ડ મેમ્બર, અબ્રામા.

૧) રા. રા. ભગવાનજી ગોવિંદજી દેસાઇ. સ્ટાંપ વેન્ડર, અબ્રામા.

૧) રા. રા. લાલભાઇ રણછોડજી દેસાઇ, સ્કુલ માસ્તર. કતારગામ.

૧) રા. રા. ઝીણાભાઇ દુર્લભભાઇ નાયક, સેકંડ આસિસ્ટંટ માસ્તર એંગ્લોવર્નાક્યુલર. સ્કુલ અબ્રામા.

૧) રા. રા. ઝીણાભાઇ રઘનાથજી દેસાઇ અબ્રામા.

૧) રા. રા. વસનજી કુંવરજી દેસાઈ અબ્રામા.

૧) રા. રા. ગાંડાભાઈ ખુશાલભાઇ, કલાર્ક. મુનસફ કોર્ટ અંકલેશ્વર.
૧) પટેલ લલ્લુ દેવજી અબ્રામા.
૧) પટેલ નાથા નાગર ,,
૧) પટેલ નાણુજી માવજી અબ્રામા.
૧) પટેલ પરસોત સુંખા. ,,
૧) પટેલ ગોપાળ મકન. ,,
૧) જોશી દેવશંકર નીછાભાઇ, અબ્રામા.
૧) ડાકટર શાંતારામ જગન્નાથ ,,
૧) રા. રા. ચીણાભાઇ હરીભાઇ. કલથાણ.
૧) રા. રા. ગોપાળજી જગદીશ. ,,
૧) રા. રા. ઝીણાભાઇ ગાંડાભાઇ. ,,
૧) રા. રા. ભીમભાઇ મોરારજી, પોલીસપટેલ સુલતાનપોર.
૧) રા. રા. ડાહ્યાભાઇ ભુલજીભાઈ, આસિસ્ટંટ કન્યાશાળા. અબ્રામા.
૧) રા. રા. દયાળજી હરીભાઇ સુલતાનપોર.
૧) રા. રા. ડાહ્યાભાઇ ફકીરભાઇ સુલતાનપોર.
૧) રા. રા. દયાળજી ભીમભાઇ પનાર
૧) રા. રા. ભીખાભાઇ નીછાભાઈ પોલીસ પટેલ પનાર.
૧) રા. રા. નીછાભાઇ દુર્લભભાઇ પનાર.
૧) રા. રા. રણછોડજી ચીણાભાઇ વેડછા.
૧) રા. રા. ડાહ્યાભાઈ શંકરજી આસિસ્ટંટ ગુજરાતી સ્કુલ. વેડછા.
૧) રા. રા. ઘેલાભાઈ ગુલાબભાઇ આસિસ્ટંટ ગુજરાતી સ્કુલ વેડછા.
૧) રા. રા. ડાહ્યાભાઇ જીવણજી. સનવાડી.
૧) રા. રા. મોરારજી ભગત. ,,
૧) રા. રા. નારણજી ભગવાનજી ,,
૧) રા. રા. જીવાભાઇ ગોવંદજી વેગામ.

૧) રા. રા. કસનજી કુંવરજી. ,,
૧) રા. રા. ઝીણાભાઈ એંદરજી. ઈચ્છાપોર.
૧) રા. રા. ભીખાભાઇ શંકરજી. સ્કુલ માસ્તર ડાંભેર.
૧) રા. રા. પરાગજી રણછોડજી. ધમડાછા.
૧) રા. રા. નીછાભાઈ મોરારજી. અમલસાડ.
૧) રા. રા. કીકાભાઇ જીવણજી કોથા.
૧) રા. રા. રતનજી હરીભાઇ, સ્કુલ માસ્તર સુપા.
૧) રા. રા. રણછોડજી નીછાભાઇ, આસિસ્ટંટ ગુજરાતી સ્કુલ. એરૂ.
૧) રા. રા. ખંડુભાઇ દુર્લભભાઇ દેસાઇ અબ્રામા.
૧) રા. રા નાગરજી નીછાભાઇ આસિસ્ટંટ ટાટા ગુજરાતી સ્કુલ નવસારી.
૧) રા. રા. કલ્યાણજી ફકીરભાઇ સ્કુલ માસ્તર, ઓઘાલી.
૧) રા. રા. ડાહ્યાભાઈ હરીભાઇ નાયક તાલુકા માસ્તર જલાલપોર.
૧) રા. રા. નરણજી પરાગજી હેડમાસ્તર એંગ્લોવર્નાકયુલર સ્કુલ અબ્રામા.
૧) રા. રા. જીવણજી રતનજી દેસાઈ, આસિસ્ટંટ ટાટા સ્કુલ, નવસારી.
૧) રા. રા. રાંમશંકર ગોવિંદરામ, સ્કુલ માસ્તર નં. ૧૨ની સ્કુલ સુરત.
૧) રા. રા. કલ્યાણજી ખંડુભાઇ, તાલુકા સ્કુલ માસ્તર કોસંબા.
૧) રા. રા. ડાહ્યાભાઈ નાગરજી. સ્કુલ માસ્તર, અડદા.
૧) રા. રા. ખંડુભાઇ વસનજી દેસાઇ, સીગનલર, બરોડા સ્ટેશન.
૧) રા. રા. મણીભાઈ ભીમભાઈ દેસાઈ, હેડમાસ્તર. એંગ્લોવર્નાકયુલર સ્કુલ. ખરસાડ.
૧) રા. રા. દોલતરાય નારણજી દેસાઈ. ફર્સ્ટ આસિસ્ટંટ માસ્તર—એંગ્લોવર્નાકયુલર સ્કુલ—ખરસાડ.
૧) રા. રા. ગોપાળજી રઘનાથજી દેસાઈ. મેનેજર. એંગ્લોવર્નાકયુલર સ્કુલ. ખરસાડ.

૧) રા. રા. લલુભાઈ ગોવંદજી. દેસાઈ, ખરસાડ.
૧) રા. રા. લાલભાઈ લલ્લુભાઇ નાયક. સ્કુલમાસ્તર. બલુધાન.
૧) રા. રા. લલ્લુભાઈ ગાંડાભાઈ દેસાઈ. ખરસાડ.
૧) રા. રા. મણીભાઇ હરીભાઇ, કોથા.
૧) રા. રા. મોહનજી જીવણજી દેસાઇ. ખરસાડ.
૧) રા. રા નારણજી ગોવંદજી. ડાંભેર.
૧) રા રા. ડાહ્યાભાઇ મોરારજી દેસાઇ. તલાટી. બીલીમોરા.
૧) રા. રા. રતનજી ડાહ્યાભાઇ. કલથાણ.
૧) રા. રા. ગાંડાભાઇ કલ્યાણજી દેસાઇ. કછોલી.
૧) રા. રા. કાળાભાઇ દુર્લભભાઇ. ચાદવાસણ.
૧) રા. રા. લલ્લુભાઇ હરીભાઇ. એંધર.
૧) રા. રા. શવરામભાઇ હરીભાઇ. સ્કુલમાસ્તર. ખરસાડ.
૧) રા. રા. નીછાભાઇ ફકીરભાઇ, મ્યુનસીપાલ સ્કુલ નં. ૨ ની નિશાળના મહેતાજી નાનપરા સુરત.
૧) રા. રા. કાળીદાસ ભગવાનદાસ આસિસ્ટંટ તાલુકા સ્કુલ ગણદેવી.
૧) રા. રા. ડાહ્યાભાઇ ભીમભાઇ મહેતા સ્કુલ માસ્તર ગુજરાતી ઓરાણ તા. કામરેજ.
૧) રા. રા. દયાળજી હરીભાઇ દેસાઇ. સીગ્નેલર ઉજજણ સ્ટેશન.
૧) રા. રા. કલ્યાણજી ગોવિંદજી નાયક. આસિસ્ટંટ. ગુજરાતી સ્કુલ. કરાડી.

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

અભ્રામા—પ્રસિદ્ધ કર્તા પાસેથી.

ભરૂચ—મેસર્સ દલાલની કંપની. લલ્લુભાઇનો ચકલો.-ભરૂચ.

સુરત—મી. હરશનદાસ નારણદાસ, બુકસેલર, ઠે. નાણાવટ.સુરત.